### યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ


**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**




## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)


# દ્વિતીય વર્ષ બી. એ. - ઈતિહાસ
## પેપર - ૪
(મુખ્ય તથા ગૌણ)

HISM / HISS - ૨૦૪

# ગુજરાત નો ઈતિહાસ
(ઈ. સ. ૧૩૦૪ થી ૧૮૧૮ સુધી)



## વિભાગ-૧ ગુજરાતમાં દિલ્હી સલ્તનત સત્તા

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવામાં થતું મૂડીરોકાણ . શિક્ષણ  લોકાસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહી મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપરદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

**પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,**
**છારોડી, અમદાવાદ.**

**સંપાદનઃ**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. પ્રફુલ નવાકર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર,ઈતિહાસ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ,પાટણ* |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). મુંજાલ ભીમડાદકર* | *પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ , અમદાવાદ* |
| *પ્રો. (ડૉ).અનસુયા ચોથાણી* | *પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ* |
| *પ્રો. (ડૉ). મોતીભાઈ પરમાર* | *પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ , ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર* |

**લેખનઃ**

| | |
|---|---|
| *ડૉ. પ્રદ્યુમન ખાચર* | *એસોસીએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ , મહિલા કોલેજ ,જૂનાગઢ.* |
| *ડૉ.મનુભાઈ શાહ* | *નિવૃત પ્રોફેસર,બી.ડી.આર્ટસ એન્ડ હોમસાયન્સ કોલેજ, અમદાવાદ.* |
| *ડૉ. મોતીભાઈ દેવું* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.* |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| *ડૉ. ધ્વનિલ પારેખ* | *સહ પ્રાધ્યાપક, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.* |
| *ડૉ.લિનાબેન વિનોદરાય સ્વાદિયા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી.પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ,ગાંધીનગર.* |


**પ્રકાશકઃ ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

**ISBN :** 978-93-91468-26-2

**પ્રકાશન વર્ષ : 2021-પ્રથમ આવૃતિ**

**BAOU**
**Education for all**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય વર્ષ બી.એ.- ઈતિહાસ

પેપર-4 ગુજરાતનો ઈતિહાસ (ઈ.સ.1304 થી 1818સુધી)

**HISM/HISS-204**( મુખ્ય તથા ગૌણ)

## વિભાગ – 1 ગુજરાતમાં સલ્તનત સત્તા


**એકમ-1** **01**
ઈતિહાસ જાણવાના સાધનો (1) પૂરાવસ્તુકીય ( 2) અભિલેખિક (3) સાહિત્યિક

**એકમ-2** **16**
ગુજરાતમાં સ્વતંત્ર સલ્તનતની સ્થાપના

**એકમ-3** **26**
સુલતાન અહમદશાહ પહેલો, તેનું શાસન તથા સિધ્ધિઓ

**એકમ-4** **41**
સુલતાન મહમદ બેગડો-તેનું શાસન અને સિધ્ધિઓ

**એકમ-5** **54**
દિલ્હી સલ્તનતનું વહીવટીતંત્ર

**એકમ-6** **75**
સલ્તનત સમય દરમ્યાન ગુજરાતની સામાજિક, આર્થિક, ધાર્મિક સ્થિતિ અને તે સમયનું સાહિત્ય

**એકમ-7** **91**
ગુજરાતમાં સલ્તનતના પતન માટેના કારણો

**વિભાગ-1 ગુજરાતમાં સલ્તનત સત્તા**

---

**ગુજરાતનો ઈતિહાસ પેપર-4ના વિભાગ-1**માં કુલ સાત એકમોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં ઈતિહાસ જાણવાના સાધનોથી લઈને ગુજરાતમાં સલ્તનતના પતન માટેના કારણો સુધીનો ઈતિહાસ સમજી શકાય છે

**એકમ-1**માં ગુજરાતનો ઈતિહાસ જાણવા માટેના પુરાવસ્તુકીય, અભિલેખિક અને સાહિત્યિક સાધનોની સચોટ માહિતી આપવામાં આવેલી છે.

**એકમ-2**માં ગુજરાતમાં ઝફરખાન દ્વારા વિદ્રોહ કરવામાં આવે છે અને દિલ્હી સલ્તનતમાંથી મુક્ત થઈને ગુજરાતમાં સ્વતંત્ર સલ્તનતની સ્થાપના કરે છે તેની વિગતે માહિતી આપવામાં આવી છે.

**એકમ-3**માં અહમદશાહ પહેલા વિશે જાણકારી આપવામાં આવી છે જેમાં અહમદશાહ દ્વારા અમદાવાદની સ્થાપના, હિંમતનગરની સ્થાપના, ભદ્રના કિલ્લાનું નિર્માણ તેની લશ્કરી સિધ્ધિઓ વગેરેની સચોટ માહિતી આ એકમમાંથી સમજી શકાય છે.

**એકમ-4**માં સુલતાન મહંમદ બેગડાનું રાજ્યારોહણ, તેનો જુનાગઢ વિજય, ચાંપાનેર વિજય, તેના અમદાવાદના સ્થાપત્યો, ચાંપાનેરના સ્થાપત્યો વગેરે વિશેની વિસ્તૃત માહિતી આપવામાં આવેલી છે.

**એકમ-5** માં સલ્તનતના વહીવટીતંત્રની જાણકારી મેળવી શકાય છે. જેમાં કેન્દ્રીય વહીવટીતંત્ર, પ્રાંતીય અને પ્રાદેશિક વહીવટીતંત્ર, ન્યાયતંત્ર વગેરેની માહિતી પ્રાપ્ત કરી શકાય છે.

**એકમ-6**માં સલ્તનત સમયની ગુજરાતની સામાજિક, આર્થિક, ધાર્મિક સ્થિતિ અને તે સમયના સાહિત્ય વિશે વિસ્તૃત માહિતી રજૂ કરવામાં આવી છે.

**એકમ-7**માં ગુજરાતમાં સલ્તનતના પતનના કારણોની વિગતે ચર્ચા કરવામાં આવી છે. બહાદુરશાહ પછીના નિર્બળ શાસકો મુગલ સામ્રાજ્યના વારંવારના આક્રમણો અને કથળેલા વહીવટીતંત્રને લીધે ગુજરતમાં સલ્તનત સત્તા સમાપ્ત થાય છે અને મુગલ યુગની શરૂઆત થાય છે તેની વિગતે ચર્ચા કરવામાં આવેલી છે.

# એકમ 1 ઈતિહાસ જાણવાના સાધનો

## રૂપરેખા :


**1.0 ઉદ્દેશો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 સાહિત્યિક સાધનો**

**(1) દવલ રાની વ ખિઝરખાન**

**(2) ફૂતુહ ઉસ સલાતીન**

**(3) તારીખે ફિરોજશાહી**

**(4) તારીખે મુબારકશાહી**

**(5) તારીખે અહમદશાહી**

**(6) મઆસિરે મહમૂદશાહી**

**(7) તબકાતે મહમૂદશાહી**

**(8) તારીખે સદરે જહાંન ઉર્ફે તારીખે મહમૂદશાહી**

**(9) તારીખે સલાતીન**

**(10) તારીખે મુઝફ્ફરશાહી**

**(11) તારીખે સલાતીને ગુજરાત**

**(12) તારીખે ગુજરાત**

**(13) મિરાતે સિકંદરી**

**(14) ઝફરૂલુવાલિહ બે –મુઝફ્ફર વ આલીહ**

**(15) મિરાતે અહમદી**

**1.3 પુરાતત્વીય સાધનો**

**(1) શિલાલેખો અને સિક્કાઓ**

**(2) સંસ્કૃત ગુજરાતી અભિલેખો**

**1.4 પરદેશીઓના લખાણો**

**1.5 સારાંશ**

**1.6 તમારી પ્રગતિ ચકાસો અને તેના જવાબો**

**1.7 સંદર્ભ ગ્રંથો**

## 1.0 ઉદ્દેશો

*આ સાધનોની સહાયથી વિદ્યાર્થીઓ આ સમયનો ઈતિહાસ વિસ્તારથી જાણી શકે. જે કોઈને આ વિષયમાં વધુ રસ પડે એ આ સાધનોથી ઊંડાણથી માહિતી મેળવી શકે. પોતે જે અભ્યાસ કરી રહ્યો છે તે મૂળ ક્યાં અને ક્યારે લખાયું હતું એ જાણી વિશ્વાસ કેળવે. જે તે સમયમાં કેવી રીતે ઈતિહાસ લખાતો, કોણ લખતા, કઈ ભાષામાં લખતા એ પરિચય મેળવે.*

## 1 .1 પ્રસ્તાવના

*ઈતિહાસ લેખનમાં એક મહત્ત્વનું સૂત્ર ખાસ અપનાવાય છે કે 'ના મૂલમં લિખ્યતે કિંચિત્' એટલે કે 'આધાર વિના કશું લખવું નહીં' 'નો ડોક્યુમેન્ટ નો હિસ્ટ્રી'.જદુનાથ સરકારે લખ્યું છે કે ભારતના સર્વ પ્રાંતોમાં ઐતિહાસિક સાધનોની બાબતમાં ગુજરાત સૌથી વધુ સમૃદ્ધ છે.*

*આથી ઈતિહાસ લખનારાઓએ સૌ પ્રથમ આધાર સાધનોને હાથ વગા કરવાનો અથાગ પરિશ્રમ કર્યા પછી જ તે ઈતિહાસનું આલેખન કરી શકે છે. ઈ.સ.1304 થી 1573 સુધીમાં ગુજરાતમાં સલ્તનત કાળ હતો. સલ્તનત કાળના અભ્યાસ કરવાના સાધનો વિપુલ પ્રમાણમાં મળે છે કારણ કે આ સમયગાળા દરમ્યાન અનેક મુસ્લિમ ઈતિહાસકારોએ દરબારી લેખકો તરીકે અનેક કૃતિઓ રચી હતી. જો કે આમાં એક મર્યાદાએ રહી હતી કે મોટાભાગના તેમના આશ્રયદાતાઓને ખુશ રાખે એવું લખતા હતા એટલું જ નહી પોતાના આલેખનમાં શૃંગારિક શૈલીનો ઉપયોગ કરતા હતા.આથી આ વૃત્તાંતો અને ઈતિહાસ ગ્રંથોમાં સમકાલીન માહિતી જરૂર મળી રહે છે પણ તેમાં આધારભૂતતા અને વિશ્વસનીયતાની પદ્ધતિનો ઉપયોગ કરી હાલના લખનારાએ એ સાચું માનવું જોઈએ. ઘણી વખત તો આ પ્રકારના ઈતિહાસ ગ્રંથો ગેર મુસ્લિમો તરફથી એક પ્રકારનો અણગમો પણ ફેલાવે એવું પણ જણાય છે તેને એક બાજુ રાખવું જોઈએ.આ ગ્રંથો ઉપરાંત સલ્તનતકાળનો ઈતિહાસ જાણવાના સાધન તરીકે ઢગલાબંધ શિલાલેખો અને સિક્કાઓ મળી આવ્યા છે. જેમાંથી તથા સંસ્કૃત-પ્રાકૃત ગુજરાતી ગ્રંથો તથા વિદેશી મુસાફરોના વૃત્તાંતો તથા પુરાવસ્તુકીય સાધનોથી આ યુગનો ઈતિહાસ જાણી શકાય છે.*

## 1 .2 સાહિત્યિક સાધનો

(1) *દવલ રાની વ ખિઝરખાન*

*આ ગ્રંથ અમીર ખુશરોએ રચેલ છે, જેને બીજા નામે 'અશીકા' નામે પણ ઓળખવામાં આવે છે. ગુજરાતમાં કર્ણદેવ વાઘેલાને હરાવીને અલાઉદ્દીન ખીલજીએ ગુજરાત જીતી લીધું. ત્યારબાદ ગુજરાતનો વહીવટ કરવા માટે અલાઉદ્દીન ખીલજીએ ગુજરાતના પ્રથમ નાઝીમ તરીકે પોતાના સાળા મલેક સંજર યા અલપખાનને મોકલ્યો હતો. આ કૃતિમાં રાજા કર્ણદેવની પુત્રી દેવળદેવી અને સુલતાનના પુત્ર ખિઝરખાનની પ્રેમકથા આલેખવામાં આવી છે.*

(2) *ફૂતુહ ઉસ સલાતીન*

*આ ગ્રંથનો લેખક મૌલાના ઈસામી હતો. જેણે ઇ.સ. 1350માં પાંચ મહિનાની અથાગ મહેનતને અંતે આ ગ્રંથ બહમની વંશના પ્રથમ સુલતાન અલાઉદીન બહમનશાહને અર્પણ કરેલ છે, જેમાં ગુજરાતના ઇતિહાસ અંગે કેટલીક વિગતો જાણવા લાયક છે.*

(3) *તારીખે ફિરોજશાહી*

*આ ગ્રંથ ઝિયા બર્ની એ લખ્યો હતો, જેમાં સુલતાન ગ્યાસુદ્દીન ઇ.સ.1320 થી માંડીને ફિરોજશાહ તુઘલકના ઇ.સ.૧૩૫૬ સુધીનો ઇતિહાસ આલેખવામાં આવ્યો છે, આ નામે જ એક બીજો ગ્રંથ લખ્યો હતો. જેમાં ઉપરોક્ત ઝિયા બર્નીના ગ્રંથ કરતા લખાણ વધુ વાસ્તવિક અને પદ્ધતિસરનું જણાય છે પણ જો કે તે પણ સુલ્તાનોની પ્રશંસાથી મુક્ત નથી.*

(4) *તારીખે મુબારકશાહી*

*આ ગ્રંથમાં યાહ્યા બીન મુહમ્મદ બિન સામથી લઈને ઇ.સ.1434 સુધી થઈ ગયેલા દિલ્હીના સુલતાનનો ઈતિહાસ આલેખ્યો છે જેમાં ગુજરાતના ઇતિહાસના અછડતા ઉલ્લેખો મળે છે.*

(5) *તારીખે અહમદશાહી*

*આ ગ્રંથ દરબારી લેખક હલ્વી સીરાજી એ લખ્યો હતો. જેમાં સુલતાન મુઝફ્ફરશાહની વિગતો મળે છે, પણ હાલ આ ગ્રંથ પ્રાપ્ય નથી.*

(6) *મઆસિરે મહમૂદશાહી*

*આ ગ્રંથ અબ્દુલ હુસેન તુનીએ લખ્યો હતો જેમાં ગુજરાતના સુલતાન વિશે પ્રચૂર માત્રામાં ઇ.સ. 1391 થી ઇ.સ.1486 સુધીનો ઇતિહાસ વર્ણવ્યો છે આ ગ્રંથ પ્રમાણભૂત છે, કારણ કે આ ગ્રંથમાં જે તે સમયના સમકાલીન*

સાધનોમાં દફતરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જો કે કેટલીક વિગતો તેમ છતાં અતિશયોક્તિ ભરેલી છે.

(7) તબકાતે મહમૂદશાહી

મહમદ બેગડાના આદેશથી અબ્દુલ કરીમ બિન અતાઉલ્લાખાન નીમદિહીએ આ ગ્રંથ લખ્યો હતો, જેને બીજા નામે તબકાતે અબ્દુલ કરીમ નામે પણ ઓળખવામાં આવે છે. આ ગ્રંથમાં સૃષ્ટિની ઉત્પત્તિથી લઈને 1000 સુધીનો ઈસ્લામી રાજ્યનો અહેવાલ વર્ણવાયો છે. ગુજરાતને લગતી વિગતો છેલ્લા તબક્કામાં ખાતિમા (પુરવણી) આલેખવામાં આવી છે. આ લેખક બહમની સુલતાન મહમૂદ બીજાનો એલચી હતો. આ ગ્રંથની વિગતો લેખકે સમકાલીન સમયમાં આલેખી હોવાથી આધારભૂત ગણાય તેવી છે.

(8) તારીખે સદરે જહાંન ઉર્ફે તારીખે મહમૂદશાહી

આ ગ્રંથ ફેઝૂલ્લાહ બીમ્બાની લખ્યો હતો, જેને બીજા નામે સદરે જહાંન ગુજરાતી પણ ઓળખવામાં આવે છે, જેમાં મહમદ બેગડાના સમયની વિગતો છે. ગુજરાતની સલ્તનત માટેની આધારભૂત માહિતી છે. આ ગ્રંથનો લેખક તથા તેના પૂર્વજો ગુજરાતી સલ્તનત સાથે જોડાયેલા હતા તેથી વધુ રસપ્રદ અને વધુ વાળી વિગતો આલેખાય છે.

(9) તારીખે સલાતીન

આ ગ્રંથનો કર્તા શરફુદ્દીન મોહમ્મદ બુખારી હતો એ સુલતાન મુઝફરશાહ બીજાની નોકરીમાં હતો. જેણે પુસ્તકને ત્રણ વિભાગમાં લખ્યું છે આ ગ્રંથના વર્ણવેલા કેટલાક બનાવોને તેણે નજરે જોયા હતા અને તેનો તે સાક્ષી હતો. આ ગ્રંથમાં (1) ઝફરખાન (2) અહમદશાહ પહેલો અને (3) મહમદ બેગડાની વિગતો મળે છે.

(10) તારીખે મુઝફ્ફરશાહી

આ ગ્રંથનો લેખક દરબારી ઈતિહાસ આલેખક હતો. જેનું નામ હતું મીર સૈયદઅલી કાશાની. આ ગ્રંથ ગદ્ય અને પદ્ય બંને વિભાગમાં છે, જેમાં મુઝફરશાહ બીજાનો ઈતિહાસ વર્ણવાયો છે.

(11) તારીખે સલાતીને ગુજરાત

આ ગ્રંથ સૈયદ મહમુદ બિન મુનવ્વરરૂલ મુલક એ લખ્યો હતો, જેમાં સુલતાન અહમદશાહ પહેલાં રાજ્યારોહણથી લઈને સુલતાન મુઝફરશાહ ત્રીજાને ગાદી પરથી ઉઠાડી મૂકવામાં આવ્યો ત્યાં સુધીની વિગતો આલેખવામાં આવી છે.

(12) *તારીખે ગુજરાત*

*આ ગ્રંથ મીર અબુ તુરાબે લખ્યો હતો જેમાં ઈ.સ.1525થી સુલતાન મુઝફરશાહ બીજાએ બળવો પોકાર્યો ત્યાં સુધીની વાત નોંધવામાં આવી છે, જેમાં અકબર ગુજરાતમાં આવ્યો તેનો વિગતવાર વૃતાંત આપવામાં આવ્યો છે એ અગત્યનો છે. આ ઉપરાંત બહાદુરશાહ અને હૂમાયુ વચ્ચેના જંગની વિગતો જાણવા મળે છે. આ ગ્રંથના કર્તા એ સમકાલીન દફતરોનો ઉપયોગ કરેલ હોવાનું જણાય છે.*

(13) *મિરાતે સિકંદરી*

*આ ગ્રંથ સિકંદર બિન મોહમ્મદ ઉર્ફે મંજહુ ઈ.સ. 1612માં લખ્યો હતો. આ ગ્રંથનો લેખક પુસ્તકના નામ મુજબ અરીસા જેવું સ્પષ્ટ ચિત્ર આલેખવામાં માનતો હતો મિરાતનો અર્થ થાય છે  આરસી આથી એ કહેતો કે અન્ય ઈતિહાસ ગ્રંથ  લેખકોએ ભેટ-સોગાદ મેળવવાની આશાથી પ્રશંસા કરતાં ઈતિહાસ  લખ્યા હતા, જ્યારે મેં કોઈની પણ તરફેણ કર્યા વિના જે સત્ય હતું એનું જ આલેખન કરેલ છે. આથી આ ગ્રંથમાં સુલતાનોનો પ્રમાણભૂત ઈતિહાસ જાણવા મળે છે. ભારતીય મુસ્લિમ વિદ્વાનો એ ફારસીમાં રચેલ સૌથી જાણીતી મહત્ત્વની કૃતિમાં મિરાતે સિકંદરીનું સ્થાન છે. લેખક પોતે આ સમયની કેટલીક ઘટનાનો સાક્ષી રહ્યો હતો અને રાજતંત્રમાં ભાગ લેતો હતો તથા તેનો પિતા અને ભાઈ ગુજરાતી અમીરોના લશ્કરી અમલદાર હતા એથી પણ વિશેષ માહિતી એ અહી આલેખી શકેલ છે.*

*આ ગ્રંથનો લેખક સિકંદર બિન મોહમ્મદ ઉર્ફે મંજહુનો જન્મ ઈ.સ.1573માં થયો હતો. આ પુસ્તકમાં ગુજરાતના સુલતાનોની વંશાવળી અને તેનો ઈતિહાસ નામે પ્રથમ પ્રકરણ શરુ કરીને અન્ય સુલતાનોના નામે જ પ્રકરણ આલેખ્યા છે. જેમાં છેલ્લું 16મું પ્રકરણ  સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજા વિષે છે અને ગ્રંથને અંતે અ,બ,ક,ત્રણ પરિશિષ્ટો આપ્યા છે. જેમાં સુલ્તાનોનો જન્મ શાસનકાળ અને આયુષ્ય આપેલ છે. આ પુસ્તકનું અસલ ફારસી ગ્રંથ પરથી ઈ.સ.1914માં આત્મારામ મોતીરામ દીવાનજીએ ગુજરાતીમાં ભાષાંતર કર્યું છે.*

(14) *ઝફરૂલુવાલિહ બે –મુઝફ્ફર વ આલીહ*

*ઝફરૂલુવાલિહ બે –મુઝફ્ફર વ આલીહ નામે આ  ગ્રંથ  અબ્દુલાહ મુહમ્મદ બિન ઉમર અલ્મક્કી ઉર્ફે હાજી ઉદ દબીર એ ઈ.સ.1605 -1613 દરમ્યાન રચ્યો હતો.*

(15) *મિરાતે અહમદી*

*આ ગ્રંથ આમ તો સલ્તનત કાળ પછી લખાયો છે પણ અગત્યનો છે. આ કૃતિનો લેખક હતો અલી મુહમ્મદખાન આ લેખકે દીવાન કે સુબાના હોદા પર કામ કર્યું હોવાથી એ ઘણી બાબતોનો જાણકાર હતો. જેણે ઈ.સ.1748માં મુઘલ બાદશાહના સમયમાં સ્વતંત્રપણે આ ગ્રંથ લખવાની શરૂઆત કરી હતી. આ લેખકનો જન્મ ઈ.સ.1700માં મધ્યપ્રદેશમાં બુરહાનપુરમાં થયો હતો. આ પુસ્તકને ત્રણ ભાગમાં વહેચવામાં આવ્યું છે. પ્રથમ ભાગમાં મુઘલોએ ગુજરાત જીત્યું અને પોતાનો સુબો નીમ્યો, પછી થી દિલ્હીથી સુબેદારો નીમવાની પ્રથા ચાલુ થઈ તે ઔરંગઝેબના મૃત્યુબાદ ફરુખશિયરની સતા દરમ્યાન નિમાયેલો સુબેદાર દાઉદખાન પન્નીના સમય સુધીનું વર્ણન છે. બીજા ભાગમાં સુબેદાર મહારાજા અજીતસિંહથી શરુ કરી પાણીપતના ત્રીજા યુદ્ધ સુધીની વાત છે. ત્રીજો ભાગ ખાતીમ એટલે કે પુરવણી રૂપે છે. બીજો ભાગ ઇતિહાસની દ્રષ્ટિએ ઘણો જ ઉપયોગી અને કીમતી છે કારણકે એમાં વર્ણવાયેલ ઘટનાઓ લેખકની નજર સમક્ષ બનેલી હતી તેથી તેનું ઐતિહાસિક મૂલ્ય વધી જાય છે. લેખકે પૂરતા સાધનો તપાસી અને મહેનતથી પદ્ધતિસરનો ઈતિહાસ લખ્યો છે.*

*ઈ.સ.1573 થી ઈ.સ. 1758 સુધી ગુજરાતમાં મુઘલ શાસન રહ્યું હતું. ત્યારબાદ ઈ.સ. 1758 થી ઈ.સ.1818 મરાઠાઓનું શાસન રહ્યું હતું. આ ઉપરાંત આ સમયના ઈતિહાસ માટે નીચે મુજબના લેખકોના ગ્રંથો પણ તપાસવા રહ્યા.*

(1) *તબકાતે અકબરી –નિઝામુદીન અહમદ* (2) *અકબરનામા અને આઈને અકબરી– અબુલ ફઝલ* (3) *તારીખે બદાયુની–બદાયુની* (4) *બાદશાહનામા–અબ્દુલહમીદ લાહોરી* (5) *જહાંગીરનામાં–જહાંગીર* (6) *મુન્તખબુલ લુબાબ- મુહમ્મદહાસીમ ખાફીખા* (7) *હફ્ત-ગુલસન–મુહમ્મદશાહી–મુહમ્મદહાદી કામવરખાન* (8) *અખબાર–ઈ-મુહબ્બત નવાબ મુહબ્બતખાન. આ બધા જ લેખકોના ગ્રંથોમાં પણ ગુજરાતની કેટલીક વાતો અને ઈતિહાસ મળે છે. એ વધુ માહિતી માટે જોવા જોઈએ.*

- *વિવિધ ભાષામાં રચાયેલા ઇતિહાસ ગ્રંથો :*

  *ગુજરાતમાં મુસ્લિમ સત્તાના પગરણ થયા ત્યારના કેટલાક પ્રબંધાત્મક સાહિત્યના ગ્રંથો પ્રગટ થયા છે. જેવા કે મેરુતુંન્ગાચાર્ય કૃત પ્રબંધચિંતામણી (ઈ.સ.1305) રાજશેખરસૂરી કૃત પ્રબંધકોષ (ઈ.સ.1349) વિવિધ તીર્થકલ્પ (ઈ.સ.1333)માંથી ગુજરાતમાં મુસ્લિમ સત્તા સ્થાપના પૂર્વેની અગત્યની વાતો જાણવા મળે છે.*

* **સમરારાસ**

*આ કૃતિ અંબદેવસૂરીએ ઈ.સ. 1315માં રચી હતી. જોકે આ કૃતિનો વિષય ધાર્મિક પ્રકારનો રહ્યો છે. પણ તેમ છતાં તેમાંથી કેટલીક બાબતો જાણવા મળે છે. અલાઉદ્દીન ખીલજીના પાટણના સુબા અલપખાને શત્રુંજય ઉપરના જૈન તીર્થ સ્થાનનો ધ્વંશ કર્યો હતો તે પછી પાટણના ધનિક ઓશવાળ વણિક સમરશાહે અલપખાનને સમજાવી તેની પરવાનગીથી ઉપરોક્ત તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તે મોટો સંઘ લઈ પાલીતાણા પણ ગયેલ જેની વિગતો અહીંથી જાણી શકાય છે.*

* **શત્રુંજયતીર્થોદ્ધારપ્રબંધ**

*આ કૃતિ કક્કસૂરીએ રચી હતી. જેમાં શત્રુંજય તીર્થના ઉદ્ધારની બાબતમાં સમરાશાહના એક આપ્ત ધર્માચાર્ય તરીકેનો ભાગ વર્ણવાયો છે. જેમાં સમ્રાટ પૂર્વજોનો વૃત્તાંત પણ આલેખાયો છે આ કૃતિ ઈ.સ.1336 આસપાસ રચાઈ હતી.*

* **પ્રાકૃત દ્રવ્ય પરીક્ષા**

*આ કૃતિ ઠક્કુર ફેરૂ એ રચી હતી. ભારતના વિવિધ પ્રદેશનાં પ્રચલિત નાના-મોટા સિક્કાઓની વિગતવાર માહિતી આપવામાં આવી છે.*

* **ગણિતસાર**

*આ કૃતિ શ્રીધરાચાર્યએ રચી હતી જેમાં ગુજરાતના તોલમાપ અને નાણાં વિશેની પ્રચૂર માહિતી મળે છે.*

* **રણમલ છંદ**

*સલ્તનતકાળમાં ત્રણ હિંદુ રાજ્યો મહત્વના હતા. જેમાં ઈડરના ચૌહાણ, જૂનાગઢના ચુડાસમા અને ચાંપાનેરમાં ખીચીઓ હતા. ઈડરના રાજકવિ શ્રીધર વ્યાસે રણમલ છંદ ઈ.સ.1400 આસપાસ રચેલ જેમાં ઈડર રાજ્યનો સાંસ્કૃતિક અને રાજકીય ઈતિહાસ જાણવા મળે છે.*

* *ગંગદાસ પ્રતાપવિલાસ*

*આ નાટક છે તથા મંડળીક મહાકાવ્ય છે. જે બંનેના કર્તા ગંગાધર નામે કર્ણાટકી કવિ છે, જેણે દ્વારકાની યાત્રા કરી હતી અને સુલતાનના દરબારમાં ચાંપાનેર આવ્યો હતો તેથી તેણે ચાંપાનેરના રાજા ગંગદાસ અને અમદાવાદના સુલતાન મોહમ્મદ બીજાના વચ્ચે ના વિગ્રહનું વર્ણન કરી મહમદની પીછેહઠનો ચિતાર આપ્યો છે. આ નાટક ૩૦ શ્લોકોમાં ચાંપાનેરનું વિગતવાર વર્ણન પુરાતત્વીય રીતે ખૂબ જ અગત્યનું પુરવાર થયું છે. આ નાટક ભજવવા માટે*

*કલાકારો છેક કર્ણાટકથી આવ્યા હતા તે એ સમય માટે હેરાફેરી મોટી વાત ગણાય છે. આ સિવાય આ નાટક ગુજરાત અને કર્ણાટકનો સાંસ્કૃતિક સંબંધને છતો કરે છે.*

- **મંડલિક મહાકાવ્ય**

*આ કવિની બીજી કૃતિ મંડળીક મહાકાવ્ય માં જૂનાગઢના ચુડાસમાના વંશના છેલ્લા રાજા રા માંડલીક ત્રીજાની માહિતી તથા તેની રાણીઓની વિગતો અને પ્રધાનોની હકીકતો વર્ણવવામાં આવી છે. આ બંને કૃતિના લેખક ગંગાધર એ એમના પૂર્વજોની વંશાવળી પણ આપી છે. જે અન્ય સાધનો સાથે સરખાવવા જેવી છે આ મહાકાવ્યમાં કાઠિયાવાડના અન્ય રાજવંશોની પણ ટૂંક માહિતી મળે છે.*

- **રાજ વિનોદ મહાકાવ્ય**

*આ કૃતિ ઉદયરાજે સંસ્કૃતમાં રચી હતી અહીં નવાઈની વાત એ છે કે મહમૂદ બેગડો ઈતિહાસને પાને ધાર્મિક કટ્ટરતા માટે વિખ્યાત છે તેમ છતાં તેણે હિન્દુ પંડિત ઉદયરાજને પોતાના દરબારી કવિ તરીકે રાખ્યો હતો. આ ગ્રંથમાં મહમૂદ બેગડાના પરાક્રમો અને સમૃદ્ધિનું વર્ણન કરવામાં આવ્યું છે. આ લેખકે બેગડાને તેની પ્રશંસા કરી તેને મહાન પ્રતાપી અને હિન્દુ ધર્મના રક્ષક તરીકે વર્ણવ્યો છે, જોકે આ કૃતિને ઈતિહાસ કરતાં સાહિત્યના ભાગરૂપ વધુ ગણી શકાય તેમ છે.*

- **કાન્હડદે પ્રબંધ**

*આ કૃતિ જાલોરના રાજ કવિ પદ્મનાભે રચી હતી. જેમાં ગુજરાત ઉપર અલાઉદ્દીન ખિલજીના આક્રમણનું વર્ણન છે આ ઉપરાંત તેમાંથી ગુજરાતની સામાજિક સ્થિતિનું સારા પ્રમાણમાં આડકતરી રીતે વર્ણન પ્રાપ્ત થાય છે.*

- **ગુર્જરદેશભૂપાવલી**

*આ કૃતિ રંગવિજયે રચી હતી જેમાં ગુજરાતના જુદા જુદા રાજવંશોની વંશાવળીઓ સંગ્રહિત કરવામાં આવી છે. જે સમયાનુક્રમ માટે ખૂબ અગત્યની છે. ગુજરાતમાં ઘણી બધી જ્ઞાતિઓના જ્ઞાતિ પુરાણો મુસ્લિમ કાળ પછી રચાયેલા હતા. જેમાંથી પણ કેટલીક માહિતી પ્રાપ્ત થાય છે જોકે એની વિગતો અનુશ્રુતિ અને પૌરાણિક વાર્તાઓ અને દંતકથાઓથી ભરેલી હોય છે પણ તેમ છતાં એ વૃતાંતો અગત્યના છે. સલ્તનતકાળની કેટલીક હસ્તપ્રતો પણ પાટણ, અમદાવાદ અને લીંબડીના ગ્રંથ ભંડારોમાં રહેલ છે. જે રાજકીય સામાજિક અને સાહિત્યિક ઈતિહાસ ઉપર સારો પ્રકાશ પાડી શકે છે. આ હસ્તપ્રતો ઉપરાંત લહિયાઓની*

*પુષ્પીકાઓ, ગીતો, દુહાઓ, કહેવતો પણ ઈતિહાસના સાધન તરીકે અગત્યના પુરવાર થાય તેમ છે ગુર્વાવલીઓ, શબ્દાવલીઓ, ચૈત્ય પરિપાટી વગેરે વગેરે.*

## 1.3 પુરાતત્વીય સાધનો

### (1) શિલાલેખો અને સિક્કાઓ

*આ બંને સાધનો ઈતિહાસ જાણવાના મહત્ત્વના અને સચોટ સાધનો પુરવાર થયા છે. જેમાં મોટે ભાગે બનાવટ થવાની શક્યતા ઓછી હોય છે.*

### 1. શિલાલેખો

*કોઈ પણ સ્થાપત્ય કે પાળિયાઓ કે અન્ય જગ્યાએ શિલાલેખો મૂકવાની પરંપરા પ્રાચીન છે. આ શિલાલેખોમાંથી શાસકોની વંશાવળી ઓ, કર્મચારીઓના હોદા, ગામના નામ અને દિશાઓ તથા વિવિધ પ્રકારના કર અને અન્ય પ્રકારની વિગતો જાણી શકાય છે.આ પ્રકારના શિલાલેખોને જ એક ગ્રંથમાં આપણા વિદ્વાનોએ ગ્રંથસ્થ કરી આપ્યા છે, જેનો અભ્યાસ કરવાથી તેમાંથી ઐતિહાસિક માહિતી જાણી શકાય છે. તેથી આ ગ્રંથોથી પરિચિત થવું જરૂરી છે. ઈ.સ.* 1889*માં ભાવનગર રાજ્યના પુરાતત્વ ખાતા તરફથી સૌરાષ્ટ્રના અરબી-ફારસી લેખોનો સંગ્રહ બહાર* Corpus inscriptions,Bhavanagar *નામે બહાર પાડયો હતો.આ સિવાય ભાવનગર રાજ્યે ભાવનગર પ્રાચીન શોધ સંગ્રહ નામે પણ એક સંગ્રહ બહાર પાડયો હતો. ઈ.સ.*1942*ના સમયમાં મોહમ્મદ અબ્દુલા ચઘતાઈએ અમદાવાદના અભીલેખોનો સંગ્રહ* Muslim monuments of Ahmedabad through their inscriptions *નામથી પ્રસિદ્ધ કરેલ છે. ગુજરાતના ઐતિહાસિક લેખો ભાગ ૩-૪ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ પ્રસિદ્ધ કરેલ છે. ડૉ .શંભુપ્રસાદ દેસાઈએ 'અરેબિક એન્ડ પર્શિયન ઈન્સ્ક્રીપ્સન ઓફ સૌરાષ્ટ્ર' પ્રસિદ્ધ કરેલ છે. આ બધા ગ્રંથોમાંથી આ કાળની અઢળક માહિતી પ્રાપ્ત થાય છે, જેવી કે સુલતાનોના નામ વંશાવળી તેમની રાજ્ય પ્રણાલી તથા હોદ્દેદારોના નામ જેવા કે મુતસરિફ, હાજીબે દરગાહ, કુરબેગે, મૈમના, જામદોર, શહનાબેક, ખાજિને મમાલિક, આરિઝે મમાલિક, નદીમ વગેરે વગેરે કેટલાક શહેરો અને ગામડાના નામ મુસ્લિમ શાસકોએ બદલ્યા હતા, જેમ કે જૂનાગઢનું મુસ્તફાબાદ, ચાંપાનેરનું મોહમ્મદાબાદ, માળીયા મીયાણાનું રસુલાબાદ, દાહોદનું મહમૂદનગર આ નામકરણની વિગતો શિલાલેખોમાંથી પણ પ્રાપ્ત થાય છે. મુઝફરશાહ બીજાના સમયના ખંભાતના લેખમાંથી સામાજિક કાયદાઓ જેવા કે લગ્ન વેરાની નાબૂદી, સરકારી પ્રવાસ માટે આવેલા અધિકારી માટે ખાટલા ઉઘરાવવાની પ્રથા વગેરે વગેરે જાણી શકાય છે. ગુજરાતમાં આ સમયમાં એટલા મોટા પ્રમાણમાં સ્થાપત્યોનું સર્જન થયું જેવા કે મસ્જિદો બાગ બગીચા, કિલ્લા, તળાવની વિગતો આ શિલાલેખો*

વિવિધ પ્રકારની માહિતી પૂરી પાડે છે. શિલાલેખો પરથી વિવિધ પ્રકારના સંવતોની પણ માહિતી મળે છે, જેમકે મુસ્લિમ શિલાલેખોમાં મોટેભાગે હિજરી સનનો ઉપયોગ થયો હોય છે. પરંતુ ભરૂચના ઈ.સ.1418ના લેખમાં સુરસનનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**2. સિક્કાઓ**

સિક્કા દ્વારા ઈતિહાસની ખૂટતી કડીઓ જોડી શકાય છે. સિક્કા દ્વારા રાજ્યની આર્થિક સ્થિતિ વંશાવળીઓ વિવિધ ઈલકાબો વગેરે વગેરે જાણી શકાય છે. સિક્કા દ્વારા સુલતાનોની વંશાવળીનો ક્રમ પણ ગોઠવી શકાય છે. ગુજરાતના 14 સુલતાનનોમાંથી 12થી વધુ સુલતાનોના સિક્કાઓ પ્રાપ્ત થયા છે. મોહમ્મદ પહેલો (ઈ.સ.1403) અને દાઉદના (ઈ.સ.1458) સિક્કાઓ મળ્યા નથી. ગુજરાતના અહમદશાહ પહેલો અને બીજો અને મહમૂદ પહેલો અને બહાદુરશાહ એમ ચાર સુલતાનોના સિક્કાઓ માંથી તેની વંશાવળી પ્રમાણભૂત રીતે જાણી શક્યા છીએ. ગુજરાતના સુલતાનોના સિક્કાઓમાં પદ્યમાં લખાણ છે. બહાદુરશાહના સિક્કામાં મુઘલ બાદશાહ હૂમાયુ સાથે લડીને પોતાને ભારત સમ્રાટ કહેવડાવ્યો હતો તેનો ઉલ્લેખ છે. અહમદશાહ બીજાને સિક્કામાં પોતાના નામ સાથે ખલીફા નામથી ઉલ્લેખ થયો નથી. પણ જેના રાજ્યને ખિલાફત નામે ઓળખાવાયુ છે. સુલતાન મહમુદ પહેલાના રાજાઓ અધિકારના વર્ષમાં શરૂઆતના તાંબાના સિક્કાઓમાં એનું ખલીફા તરીકે ઉલ્લેખ છે પણ જો કે પાછળથી તેણે ખલીફાનો હોદ્દો મૂકી દીધો લાગે છે, કારણ કે પછીના સિક્કામાં ખલીફા તરીકે ઉલ્લેખ જોવા મળતો નથી એ નવી બાબત જાણવા મળે છે. આ સિક્કાઓ ગુજરાતની કઈ કઈ ટંકશાળામાં છપાયા હતા તે પણ જાણવા મળે છે. આ સિક્કાઓ અહમદનગર, ચાંપાનેર, જુનાગઢ, અમદાવાદ, બુરહાનપુર અને દોલતાબાદ અને દીવની ટંકશાળમાંથી બહાર પડ્યા હતા

**(2) સંસ્કૃત ગુજરાતી અભિલેખો**

આ સમયના જેટલા શિલાલેખો અરબી અને પર્શિયનમાં પ્રાપ્ત થયા છે. એટલા જ પ્રમાણમાં સંસ્કૃત ગુજરાતીમાં પણ પુષ્કળ અભિલેખો પ્રાપ્ત થાય છે આ પ્રકારના અભિલેખો પ્રતિમાઓ પાળિયાઓ, શિલાફલકો અને વિવિધ સ્થાપત્યોમાં મૂકવામાં આવ્યા છે. સલ્તનત કાળના લગભગ 300થી વધુ સંસ્કૃત-ગુજરાતી શિલાલેખો પ્રાપ્ત થયા છે. જ્યારે પ્રતિમા લેખોની સંખ્યા તો ચારેક હજારની છે. આ પ્રકારના લેખો મંદિરો, વાવ, કૂવા, તળાવ અને ગામના પાદરમાં આવેલા છે. કેટલાંક તો માત્ર પુસ્તકોમાં જ બચ્યા છે. જેને કાળની થપાટો લાગી લાગીને એ નાશ પામ્યા છે. પૂતકાર્યને લગતા લેખો માંગરોળ, મહુવા, પ્રભાસ-પાટણ, ધોળકા, તારાપુર, ખંભાત, અડાલજ, અમદાવાદ, માણસા વગેરે જગ્યાએ છે. આ બધા જ લેખોને ગુજરાતના ઐતિહાસિક લેખો ભાગ 4-5 માં

ડો.હરિપ્રસાદ શાસ્ત્રીએ સંપાદિત કરી આપ્યા છે. આ બધા લેખોમાં ભૂમિદાન અને પૂતધર્મ શાસકોએ બજાવ્યાના ઉલ્લેખો મળે છે. આ ઉપરાંત આ લેખોનો ઝીણવટથી અભ્યાસ કરનારને તત્કાલીન સમયની રાજકીય પરિસ્થિતિની તથા અમુક આનુસંગિક માહિતી મળે છે. આ લેખોમાં મોટેભાગે વિક્રમ સંવતનું વર્ષ કોતરવામાં આવ્યું છે અને વર્ષની શરૂઆત કાર્તીકાદીથી થાય છે, જ્યારે હાલારમાં કાર્તિક ને બદલે આષાઢિદીથી શરૂ થાય છે. આમાં કેટલાક લેખોમાં વિક્રમના વર્ષની સાથે ભાવ,વિક્રમ, પ્રજાપતિ અને સાધારણ જેવા સવંત્સરોના નામ પણ પ્રયોજાયેલા છે મહમદ બેગડાના દાહોદના અભિલેખમાં વિક્રમ સંવત અને શક સંવત અને હિજરી સંવત એમ ત્રણ સંવતનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કેટલાંક પ્રશસ્તિ લેખો પણ મળ્યા છે. જેમાં શાસકોના કાર્યોની પ્રશસ્તિ ગાવામાં આવી છે. જેમ કે પંડિત વિશ્વેશ્વરે લખેલી મહુવા પ્રશસ્તિ તથા નાગર દ્વિજ કવિ શ્યામલે રચેલી વિ.સ. 1473ની જૂનાગઢ પ્રશસ્તિ તથા અડાલજની વાવની વિક્રમ સંવત 1555 ની પ્રશસ્તિ છે. આ પ્રકારના લેખોમાંથી તત્કાલીન લિપિનું સ્વરૂપ, અંકચિન્હો, કાલગણના જે તે સમયના શાસકના ધાર્મિક કાર્યો અને યાદગાર ઘટનાઓ વગેરે જાણી શકાય છે.

## 1.4 પરદેશીઓના લખાણો

સુલતાન મુહમ્મદ તુઘલકના સમયમાં મોરોક્કોનો ઈબીબતુતા ઈ.સ.1333માં ભારત આવ્યો હતો જેણે ગુજરાતની મુસાફરી કરી હતી તે નંદુરબાર, ખંભાત, કાવી, પીરમબેટ, ઘોઘા ગયેલો અને ત્યા જોયેલું અને સાંભળેલું તે તેણે પોતાના યાત્રાવૃત્તાંતમાં લખ્યું છે. તેમાંથી આ સમયના ગુજરાતની સામાજિક અને આર્થિક બાબતો જાણવા મળે છે. આ તેનો પ્રવાસ ગ્રંથ 'તોહફતુન તુઝઝાર ફી ગરાઈ બિલઅમસાર વ અજાઈબિલઅસફાર'ના નામે ઓળખાય છે અને બીજા નામે 'રિહલા' નામે જાણીતો છે. આજે તો હવે ઈબીબતુતા ના પ્રવાસ વર્ણનો નામે પણ પુસ્તકો પ્રાપ્ય છે. મહમદ બેગડાના સમયથી ગુજરાતમાં ફિરંગીઓનો પગપેસારો ચાલુ થઈ ગયો હતો અને જેઓએ બહાદુરશાહના સમયમાં દીવમાં કિલ્લો બાંધ્યો હતો. આ કાળમાં કેટલાક વિદેશી મુસાફરોએ ગુજરાતની મુલાકાત લીધી હતી અને તેના પ્રવાસ ગ્રંથોમાં અહીની વિગતો આલેખી હતી. એવા ફિરંગી મુસાફર બારબોસાનો પ્રવાસ ગ્રંથ ખૂબ જ અગત્યનો છે. જેણે મુઝફરશાહ બીજાના સમયમાં ઈ.સ.1515માં ગુજરાતની મુલાકાત લીધી હતી, જેમાં ગુજરાતની હુન્નર કળાઓ રીતરિવાજો શહેરોના વર્ણન બંદરી વેપાર અને નાણાકિય બાબતોની પ્રચૂર માહિતી આપી છે.ફિરંગી સરકારે ભારતીય ફિરંગી મથકોનો વહીવટ કરવા માટે ઈ.સ.1509માં એલ્ફોન્જો –દ- આલ્બુકાને સુબો નીમ્યો હતો. જેણે આ પદે છ વર્ષ કામગીરી કરી હતી જેના પુત્ર બાઝ –દ-આલ્બુક્કે આ રાજા પરના બધા પત્રો

અહેવાલોને એકત્રિત કરી ગ્રંથસ્થ કરી પ્રગટ કરેલ છે. જેમાંથી રાજકીય-સામાજિક વિગતો મળે છે વળી અસલ સાધનો હોવાથી એની પ્રમાણભૂતતા અને વિશ્વસનીયતા વધી છે.

**1.5 તમારી પ્રગતિ તપાસો (ક)**

(1) *'મિરાતે સિકંદરી' વિષે સાત આઠ વાક્યો માં લખો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

(2) *ઈતિહાસ લખનાર વ્યક્તિએ સહુ પ્રથમ શું કરવું જોઈએ અને કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

(3) *સલ્તનતકાલીન ઈતિહાસ જાણવાના વિદેશી મુસાફરોના સાધનો વિષે નોધ લખો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

**અ. ટૂંકમાં જવાબ આપો.**

(1) *ઈતિહાસ લખવા માટે કયું સૂત્ર મહત્ત્વનું છે.*

(2) *ગુજરાતના ઐતિહાસિક લેખો ભાગ 4-5 કોણે સંપાદિત કરી આપ્યા છે.*

(3) *દાહોદનું નામ બદલીને કયું કરવામાં આવ્યું હતું ?*

(4) *જૂનાગઢ નામ બદલીને કયું કરવામાં આવ્યું હતું ?*

(5) *ચાંપાનેરનું નામ બદલીને કયું કરવામાં આવ્યું હતું ?*

(6) મુસ્લિમ શાસકોના શિલાલેખોમાં મોટેભાગે કયા સંવંતનો ઉપયોગ થયો હોય છે.

**બ. નીચેના માંથી ક્યાં વિધાનો સાચા (રાઈટ) છે કે ખોટા (રોંગ) નિશાની કરો.**

(1) જદુનાથ સરકારે લખ્યું છે કે ભારતના સર્વ પ્રાંતોમાં ઐતિહાસિક સાધનોની બાબતમાં ગુજરાત સૌથી વધુ સમૃદ્ધ છે.

(2) દવલ રાની વ ખિઝરખાનમાં કર્ણદેવની પુત્રી દેવળદેવી અને સુલતાનના પુત્ર ખિઝરખાનની પ્રેમકથા આલેખવામાં આવી છે.

(3) મિરાતે અહમદીમાં સલ્તનતકાળનો ઈતિહાસ આલેખવામાં આવ્યો છે ?

(4) રાજ વિનોદ કાવ્ય ક્ષેમરાજે લખ્યું હતું.

(5) ઈબીબતુતા ચીનનો રહેવાસી મુસાફર હતો.

## 1 .5 સારાંશ

ગુજરાતનો સલ્તનત કાળ ઐતિહાસિક સાધનો અને દસ્તાવેજોની બાબતમાં અનેરું વૈવિધ્ય ધરાવે છે, જેના ત્રણેય પ્રકારના સાધનો સહેલાયથી પ્રાપ્ત થાય છે. સલ્તનત કાળના લાંબા ગાળાના ઈતિહાસ માટે ભારતના અન્ય ભાગો કરતા ગુજરાતનો આ સમય વધારે ભાગ્યશાળી છે. તેથી આપણને ઈતિહાસ જાણવાના ઢગલાબંધ સાધનો મળે છે. પરંતુ એમાં એક મર્યાદા છે કે અમુક સાધનો ફારસી અને પર્શિયનમાં છે, જોકે આમાંના ઘણા સાધનોના અંગ્રેજી અને ગુજરાતીમાં પણ ભાષાંતરો થયા છે. આ ઉપરાંત ઈલિયટ અને ડાઉસનએ ભારતના મુસ્લિમકાલીન ઈતિહાસના 1 થી 7 ભાગો પ્રગટ કરી એમાં આ પ્રકારના પુસ્તકોના સારાંશ આપ્યા છે એ સહેલાયથી મેળવી શકાય છે એ અંગ્રેજીમાં અને હિન્દીમાં પણ મળે છે.

## 1.6‘તમારી પ્રગતિ ચકાસો’ના જવાબો

**અ. ટૂંકમાં જવાબ આપો.**

(1) આધાર વગર ઈતિહાસ નહિ.

(2) હરિપ્રસાદ શાસ્ત્રી

(3) મહમૂદનગર

(4) મુસ્તુફાબાદ

(5) મોહમ્મદાબાદ

(6) હિજરી સંવંત

**બ. નીચેનામાંથી ક્યાં વિધાનો (સાચા) છે કે ખોટા (રોંગ) નિશાની કરો.**

(1) *(સાચું)*

(2) *(સાચું)*

(3) *(ખોટું)*

(4) *(ખોટું)*

(5) *(ખોટું)*

## 1.7 સંદર્ભગ્રંથો


(1) *આચાર્ય ગિરજાશંકર 'ગુજરાતના ઐતિહાસિક લેખો' ભાગ* 3 *મુંબઈ ઈ.સ.*1942

(2) *ઓઝા ઈશ્વરલાલ 'પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતના ઈતિહાસની લેખન પ્રવૃત્તિ', વિસનગર, પ્રથમ આવૃત્તિ ઈ.સ.*2002

(3) *જોટે રત્નમણિરાવ 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ' (ઈસ્લામ યુગ ખંડ* 1) *અમદાવાદ, પુનમુદ્રણ ઈ.સ.* 1968

(4) *ઝવેરી કૃષ્ણલાલ (ભાષાંતર કર્તા) ' મિરાતે અહમદી', અમદાવાદ ખંડ* 1-2-3 *પ્રથમ આવૃત્તિ ઈ.સ.*1933-34-35

(5) *નાયક છોટુભાઈ 'ગુજરાતમાની ઈસ્લામી સલ્તનતનો ઈતિહાસ' અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ઈ.સ.*1982

(6) *પરીખ રસિકલાલ અને હરિપ્રસાદ શાસ્ત્રી (સંપાદકો) 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ' ભાગ*-5, *અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ઈ.સ.*1977

(7) *દીવાન આત્મારામ (ભાષાંતર કર્તા) 'મિરાતે સિકંદરી' અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ઈ.સ.*1914

(8) *શાસ્ત્રી હરિપ્રસાદ 'ગુજરાતના ઐતિહાસિક લેખો' ભાગ* 4-5 *મુંબઈ ઈ.સ.*1979


____________________x____________________

| એકમ-2 | ગુજરાતમાં સલ્તનતની સ્થાપના |
|---|---|

## રૂપરેખા :

**2.0 હેતુઓ**

**2.1 પ્રસ્તાવના**

**2.2 ગુજરાતમાં સ્વતંત્ર મુસ્લિમ સલ્તનતની સ્થાપના**

**2.3 સુલતાનના પૂર્વજોનો ઈતિહાસ**

- **2.3.1 ગુજરાતમાં ઇ.સ.1398**
- **2.3.2 સુલતાન તરીકે ઘોષિત ઇ.સ.1404**
- **2.3.3 અવસાન ઇ.સ.1404**

**2.4 સુલતાન મુઝફ્ફરશાહ પહેલો ઇ.સ.1407 થી ઇ.સ.1411**

- **2.4.1 સુલતાન અને સૂબા તરીકેની મુઝફ્ફરશાહની કામગીરી**
- **2.4.2 વલીઅહદ તરીકે અહમદશાહની નિયુક્તિ**
- **2.4.3 કંભોઇનું યુદ્ધ –ઇ.સ.1392**
- **2.4.4 માળવા પર ચડાઈ - ઇ.સ.1407**
- **2.4.5 દિલ્હીના સુલતાન મહમૂદશાહને મદદ - ઇ.સ.1408**
- **2.4.6 કચ્છમાં ફોજ**
- **2.4.7 કોળીઓનું બંડ**
- **2.4.8 નાની નાની લડાઈઓ**

**2.5 અવસાન**

**2.6 મૂલ્યાંકન**

**2.7 તમારી પ્રગતિ ચકાસો –1 ના જવાબો**

**2.8 સંદર્ભગ્રંથો**

## 2.0 હેતુઓ

(1) *ગુજરાતમાં સલ્તનતની સ્થાપના સમયે દિલ્હીની કેવી હાલત અને ડામાડોળ સ્થિતિ હતી એ જાણવું.*

(2) *ગુજરાતમાં સલ્તનતની સ્થાપના કેવા સંજોગોમાં થઈ એ સમજવું .*

(3) *ગુજરાતમાં સલ્તનતની સ્થાપનાનો ઈતિહાસ સમજવો.*

## 2.1 પ્રસ્તાવના

*ઈ.સ.1298 થી ઈ.સ.1300ના સમય વચ્ચે ગુજરાતમાં હિંદુ રાજ્યનો અસ્ત થયો અને મુસ્લિમ રાજ્યના અમલની શરૂઆત થઈ, જેનો પ્રથમ સૂબો એટલે કે નાઝીમ અલપખાન હતો,જેણે ઈ.સ.1300 થી ઈ.સ.1316 સુધી સૂબાગીરી ભોગવી અને ઉત્તમ રાજ્યવ્યવસ્થા અને સુવહીવટ સ્થાપ્યો હતો. પછી દિલ્હીના સુલતાન નાસીરુદીન મુહમ્મદશાહ તુગલકે ઈ.સ.1391માં ઝફરખાનને નાઝીમ નીમી ગુજરાતમાં મોકલ્યો હતો. એને મુઝફ્ફરખાનનો ઈલ્કાબ મળ્યો હતો.તેનો પુત્ર તાતારખાન દિલ્હીની રાજકીય અંધાધુધીથી પરિચિત હતો. તેથી તેને તો દિલ્હીનું તખ્ત સામે દેખાવા માંડ્યું હતું. એ પછીના સમયમાં દિલ્હીમાં રાજકીય અવ્યવસ્થા અને અંધાધુધીની સર્જાતા ભારતભરમાં તેની મોટી અસર જોવા મળી હતી અને કેટલાક પ્રદેશના સૂબાઓ સ્વતંત્ર થવા લાગ્યા હતા. એવી જ રીતે ગુજરાતના નાઝીમ ઝફરખાનના પુત્ર તાતારખાને પણ આ તકનો લાભ ઉઠાવી લીધો અને પોતે ખૂબ જ મહત્ત્વાકાંક્ષી હતો. તે નવેંબર 1403માં ગુજરાતનો પહેલો સુલતાન થયો. જેના પિતા ઝફરખાને આ સ્વતંત્રતાનો પાયો નાંખેલ પણ જોકે એણે પોતાને જાહેર રીતે હજુ સ્વતંત્ર સુલતાન જાહેર કર્યો નહોતો. ત્યારે તેનો પુત્ર તાતારખાન મુહમ્મદશાહ નામ ધારણ કરી પ્રથમ સુલતાન થયો. આ ઈતિહાસની એક નવીન ઘટના છે. ગુજરાતની સ્વતંત્ર મુસ્લિમ સલ્તનતને બરાબર સમજવા માટે આપણે આ બે સુલતાનો વિશે જાણવું પડે ત્યારે જ એ સમજાય તેમ છે.*

## 2.2 ગુજરાતમાં સ્વતંત્ર મુસ્લિમ સલ્તનતની સ્થાપના

*દિલ્હી સલ્તનત સામે ગુજરાતમાંથી વારંવાર બળવા થતા હતા. એક દિવસ આખરે ગુજરાતના સૂબાએ ગુજરાતમાં દિલ્હીથી સ્વતંત્ર થઈ ગુજરાતમાં સ્વતંત્ર સલ્તનતની સ્થાપના કરી દીધી .*

*મુઝફ્ફરખાન ઉર્ફે ઝફરખાનને તેના પુત્ર તાતારખાન સાથે દિલ્હી ઉપર ચઢાઈ કરવા માટે મતભેદ ચાલ્યા કરતો હતો. આથી તેને હવે વધારે ઉતાવળ હતી કે જલદી દિલ્હીનું તખ્ત હાથ ધરવું. તાતારખાને દિલ્હી ઉપર ચડાઈ કરી ઈકબાલખાનને હરાવી હિન્દુસ્તાનના બાદશાહ બનવાની મહત્ત્વાકાંક્ષા મનમાં દૃઢ થઈ ગઈ હતી. ઝફરખાન વૃદ્ધ અને અનુભવી હતો અને એને ગુજરાતની સ્વતંત્ર બાદશાહતથી  સંતોષ હતો. તેને દિલ્હીની ગાદી લઈ હિન્દુસ્તાનના સમ્રાટ બનવાની મહત્ત્વાકાંક્ષા અને ડહાપણ ભરેલી*

*લાગતી નહોતી, જ્યારે દીકરાને એમ જ લાગતું હતું કે દિલ્હીના લોકો પોતાના શાસક તરીકે મને સ્વીકારશે .પણ એના વૃદ્ધ અને અનુભવી તથા એ સમયના અઠંગ અનુભવી બાપને ગળે ઊતરતું નહોતું, આથી બાપ-દીકરા વચ્ચે ઝઘડાઓ ચાલતા હતા. આ મતભેદ વધારે તીવ્ર બન્યો અને જ્યારે બંને આશાવલમાં હતા ત્યારે તાતારખાને પોતાના પિતાને કેદ કર્યા હતા. પોતે નાસીર- ઉદ-દુનિયા વહુદદ્દીન મુહમ્મદશાહ નામ ધારણ કર્યું. આશાવલમાં જ ગાદીએ બેઠો, તથા રાજ્યના મોટા અમલદારોને પોતાના પક્ષમાં લીધા અને અન્ય સરદારોની મૈત્રી મેળવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ ઘણા બધા એના વિરોધમાં હતા તેમ છતાં તે ગુજરાતનો ગાદીપતિ થઈ બેઠો.*

## 2.3 સુલતાનના પૂર્વજોનો ઈતિહાસ

*સુલતાન મુઝફ્ફરશાહના પૂર્વજોની ઉત્પત્તિની કથા રોચક અને અટપટી છે, મુઝફ્ફરશાહના પૂર્વજ સહારન અને સાધુ નામના વઝીહ ઉલ મુલ્ક હિંદુ જાતના ટાંક રજપૂત બે ભાઈઓ હતા. જેણે પોતાની બહેન ફિરોજ તઘલકને પરણાવી હતી. જેમણે દિલ્હીના વસવાટ દરમ્યાન ઈસ્લામ ધર્મ અંગીકાર કરી લીધો હતો અને મખ્દુમ જહાંનિયાના શિષ્ય બનેલા. મખ્દુમ જહાંનિયાના સ્થાને એક દિવસ બધા એકઠા થયા હતા પણ તેમની પાસે પૂરતું જમવાનું નહોતું ત્યારે વઝીહ ઉલ મુલ્કનો દીકરો મુઝફ્ફરખાન જમવાનું અને મીઠાઈ લઈ આવ્યો અને તમામ ફકીરોને આપ્યું, જે જોઈ મખ્દુમ જહાંનિયાએ કહ્યું કે મુઝફ્ફરખાન તે આ બધાને જમાડ્યા તો હું તને આખા ગુજરાતની બક્ષિસ આપું છું જે તું ભોગવીશ.આ સિવાય મખ્દુમ જહાંનિયાએ મુઠી ભરી ખારેક આપેલ અને કહેલ કે આમાં જેટલી ખારેક હશે તારી એટલી પેઢી ગુજરાત પર રાજ્ય કરશે. કોઈ કહે છે આ ખારેકની સંખ્યા બાર હતી તો કોઈ કહે છે તેર હતી. આવી ચમત્કારિક વાતો પણ જાણવા મળે છે. આ ટાંક રજપૂત પોતાના વંશમાંથી બહાર નીકળી જવાથી તેના વંશ ધર્મ અને રીતરિવાજમા પરિવર્તન જોવા મળે છે. મુઝફ્ફરશાહના પિતાને ફિરોજશાહ તઘલકે વઝીરુલ મુલ્કનો ઈલ્કાબ આપ્યો હતો અને દિલ્હીના દરબારમાં તેને અને તેના ભાઈને અમીર તરીકે રાખ્યા હતા. 'મિરાતે સિંકદરી'ના ઉલ્લેખ મુજબ ટાંક અને ક્ષત્રિય એકબીજાના ભાઈઓ થાય છે, એમાંના એક ભાઈએ દારૂનો ઉપયોગ કર્યો. તેથી તેને ક્ષત્રિયોએ પોતાના કુટુંબ કબીલામાંથી કાઢી મૂક્યો અથવા નાત બહાર કર્યો. નાત બહાર કરેલાને 'મિરાતે સિકંદરી' ટાંક લખે છે એ રીતે સુલતાન ટાંક ક્ષત્રિય હતો. કોઈ પુસ્તકોમાં ક્ષત્રિયને બદલે ટાંક ખત્રી પણ જોવા મળે છે જોકે એ ખત્રી એક અલગ જ જ્ઞાતિ છે. 'મિરાતે સિકંદરી'માં આ સુલતાનની એકવીસ પેઢીની વંશાવળી પણ આપવામાં આવી છે.*

### 2.3.1 ગુજરાતમાં ઈ.સ.1398

*તાતારખાન ઈ.સ.1398મા ગુજરાતના પાટનગર અણહિલવાડ પાટણ આવ્યો અને પિતા ઝફરખાનને દિલ્હીની પરિસ્થિતિથી વાકેફ કર્યા હતા. પણ ઝફરખાનને આ વાત ગળે ઊતરી નહિ. પિતાએ પોતાના અનુભવોથી તેને ખૂબ સમજાવ્યો તેથી ત્યારે એ સમજીને બેસી રહ્યો પણ એને તો દિલ્હીની ગાદી કે ગુજરાતની ગાદી મેળવવાના સપના આવતા કર્યા.*

### 2.3.2 સુલતાન તરીકે ઘોષિત ઈ.સ.1404

*તાતારખાનને કોઈપણ સંજોગમાં રાજગાદી જ મેળવવી હતી. એ સતા વિના રહી શકે તેમ નહોતો આથી તેણે પિતા ઝફરખાનને કેદ કર્યા.*

*તાતારખાને પોતાને સ્વતંત્ર સુલતાન ઘોષિત કરી અને પોતે નાસીર-ઉદ-દુનિયા વહુદદીન મુહમ્મદશાહ નામ ધારણ કર્યું અને આશાવલમાં જ ગાદીએ બેઠો હતો.ઝફરખાન ગુજરાતનો પ્રથમ સ્વતંત્ર શાસક બન્યો પણ ગુજરાતનો પ્રથમ અને સત્તાવાર સુલતાન તો એનો પુત્ર તાતારખાન જ બન્યો. મુહમ્મશાહે શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ સાહેબને મોટી રકમ ભેટ મોકલી પણ એમણે સ્વીકારી નહિ અને કહ્યું કે એ રકમ આપવાનો તને હક નથી કારણ કે હાલ આ રકમ તારા પિતાની છે.*

*સુલતાન મુહમ્મદશાહે તેના કાકા શમ્સખાન દમદાનીને નુસરતખાનનો ઈલ્કાબ આપી વકીલુસ સલ્તનત એટલે કે મુખ્ય વઝીર નીમેલ હતા.*

### 2.3.3 અવસાન ઈ.સ.1404

*સુલતાનના એકાએક થયેલા અવસાનથી ઈતિહાસકારોએ તેના અવસાનની જુદી જુદી કથાઓ નોધી છે. આ તાતારખાન એટલે કે મુહમ્મદશાહ પહેલાને પિતા ઝફરખાને કેદમાંથી પોતાના ભાઈ શમ્સખાનને સમજાવી કાવતરું કર્યું માર્ચ 1404માં શમ્સખાને ભત્રીજાને શરાબમા ઝેર આપી મરાવી નંખાવ્યો. તે પછી આશાવલ પહોચી પોતાના ભાઈ ઝફરખાનને કેદ માંથી બહાર કાઢયો. કેદમાંથી છૂટી પિતા ઝફરખાને તાતારખાનને પાટણમાં દફનાવ્યો,પણ પછી પિતા ઝફરખાનને જીવનની છેલ્લી ઘડી સુધી એની આંખમાં આંસુ સુકાયા નહોતા. આ રીતે પિતાપુત્રનો ઈતિહાસ પોતાના જ લોહીથી લખાયો .એક મત એવો પણ છે કે તેને દારૂની એવી લત હતી જેના કારણે તે મૃત્યુ પામ્યો. જોકે અન્ય એક મત મુજબ તે નાંદોદ–રાજપીપળાના ગોહિલ રાજવી ગેમલસિંહને હરાવી તેની પાસે ખંડણી કબુલ કરાવીને પાછા ફરતા તેનું માંદગીને કારણે તેનું રસ્તામાં નર્મદા નદીને કિનારે શિનોર ગામમાં અવસાન થયું. તાતારખાન એટલે કે મુહમ્મદશાહ પહેલાએ*

*સુલતાન તરીકે માત્ર બે ત્રણ માસ જ રાજ્ય કર્યું. આ પછી ઝફરખાને અમુક સમય સુધી ગુજરાતના સૂબા તરીકે સત્તા ભોગવી.*

**તમારી પ્રગતિ ચકાસો - 1**

(1) *દિલ્હી સલ્તનત સમયે ગુજરાતનો પ્રથમ સૂબો કોણ હતો ?*

(2) *ગુજરાતમાં સ્વતંત્ર મુસ્લિમ સલ્તનતની સ્થાપના કોણે કરી હતી ?*

(3) *સુલતાન મુહમ્મદશાહ પહેલા ઉર્ફે તાતારખાનનું મોત કેવી રીતે થયું હતું ?*

(4) *સુલતાન મુહમ્મદશાહ પહેલા ઉર્ફે તાતારખાનનું મોત ક્યા સ્થળે થયું હતું ?*

## 2.4 સુલતાન મુઝફ્ફરશાહ પહેલો ઈ.સ.1407 થી ઈ.સ.1411

*સુલતાન મેહમુદશાહના વખતમાં ગુજરાતમાં ફરહતુ-લ-મુલ્ક રાસ્તીખાન ગુજરાતનો સૂબો હતો પણ એ યોગ્ય રીતે કામ કરતો નહોતો અને સ્વતંત્ર બની જવાના સપનાં જોતો હતો. ઉપરાંત રજપૂતો સાથે પણ સારી દોસ્તી રાખતો હતો. એટલે ઉલેમાઓ પણ તેનાથી નારાજ હતા. આથી ઉલેમાઓ અને અમીરોએ દિલ્હી આ બાબતની ફરિયાદ કરી ત્યારે આ ઝફરખાન ઉર્ફે મુઝફ્ફરશાહ ગુજરાતના સૂબા તરીકે ઈ.સ.1391માં નિમાયો હતો .*

*તાતારખાનના મૃત્યુ પછી ત્રણ વર્ષ અને સાત મહિનાના સમય સુધી મુઝફ્ફરશાહે સ્વતંત્ર બાદશાહીના કોઈપણ ચિહ્ન વિના રાજ્યવહીવટ કર્યો. જ્યારે દિલ્હીના પાદશાહના વંશમાં કોઈ રહ્યું નહિ ત્યારે બધા અમીરો સરદારો અને સિપેહસાલારના આગ્રહથી ઈ.સ.1407માં ઝફરખાન-મુઝફ્ફરખાને શમ્શુદુનિય–વઉદદીન-મુઝફ્ફરશાહ ખિતાબ ધારણ કરી બીરપુર કે વીરપુર મુકામે શાહી નિશાનો ધારણ કરી પોતાના નામના સિક્કા પડાવ્યા અને પોતાને સ્વતંત્ર સુલતાન જાહેર કર્યો અને રાજ ચિહ્નનું છત્ર પણ ધારણ કર્યું.*

### 2.4.1 સુલતાન અને સૂબા તરીકેની મુઝફ્ફરશાહની કામગીરી

*ગુજરાતના સૂબા તરીકે અને સુલતાન તરીકે તેણે પોતાની આવડત અને બળ તથા બુદ્ધિ મુજબ આ રીતની કામગીરી કરી હતી.*

### 2.4.2 વલીઅહદ તરીકે અહમદખાનની નિયુક્તિ

*તેણે પોતાના સામ્રાજ્યના વારસ તરીકે પૌત્ર અહમદખાનની નિયુક્તિ કરી કે જેથી તેના અવસાન પછી ગાદી વારસાના ઝઘડા ન થાય.જોકે તેથી તેના પુત્રોએ અહમદશાહ સામે બળવાઓ કર્યા હતા.*

### 2.4.3 કંભોઈનું યુદ્ધ –ઈ.સ. 1392

*ફરહતુ-લ-મુલ્ક રાસ્તીખાન ગુજરાતનો સૂબો મુઝફ્ફરશાહ પહેલાનો સૂબો હતો જેને જમીન મહેસૂલનો હિસાબ આપી દિલ્હી ખબર મોકલ્યા પણ ત્યાંથી કોઈ જવાબ ન આવ્યો,ત્યારે પાટણ પર આક્રમણ કરવા આશાવલથી કૂચ કરી, જ્યાં શેખ કાસીમ નામના એક મુસ્લિમ ઓલિયા પુરુષ હતા તેની પાસે ઈસ્લામી લશ્કરની ફતેહ થાય એવા આશીર્વાદ લેવા એક માણસને મોકલ્યો ત્યારે શેખે કેટલાક નામ પર લીટી દોરી કહ્યુ કે આ લડાઈમા આ મરી જશે, જે બરાબર સાચું પડ્યું હતું. આ પછી બને સૂબા વચ્ચે 4 જાન્યુઆરી 1392ના રોજ પાટણ પાસે કંભોઈ મુકામે યુદ્ધ થયું જેમાં મુઝફ્ફરશાહ જીતી ગયો અને સૂબો ફરહતુ-લ-મુલ્ક રાસ્તીખાન મરાયો હતો. આ જીતથી જ મુઝફ્ફરશાહને સ્વતંત્ર થવાના વિચારો આવવા લાગ્યા હતા. આ વિજય પછી તેણે પાટણ જીત્યું અને ત્યાં જીતપુર નામનું ગામ વસાવ્યું હતું.*

### 2.4.4 માળવા પર ચડાઈ - ઈ.સ.1407

*માળવાના સુલતાન દિલાવરખાને એના શાહજાદા અલ્પખાનને ઝેર આપી મરાવી નાંખ્યો હતો અને પોતે હોસંગશાહ નામનો ખિતાબ ધારણ કરી સત્તાધીશ બની ગયો હતો. દિલાવરખાન સુલતાન મુઝફ્ફરશાહનો મિત્ર હતો, તેથી ઈ.સ.1407માં મુઝફ્ફરશાહે માળવા પર ચડાઈ કરી અને હોસંગશાહને હરાવ્યો. ત્યાં પોતાના ભાઈ નુસરતખાન એટલે કે શમ્સખાન દમદાનીને માળવાનો શાસક નીમ્યો પણ તેણે ત્યાં એવો કાળો કેર વર્તાવ્યો કે તે લોકોમાં ધિક્કારપાત્ર થઈ ગયો અને લોકોએ તેને કાઢી મુક્યો, ત્યારે મુસાખાન નામના હોસંગશાહના પિતરાઈ ભાઈને એના સ્થાને મૂક્યો. જોકે પછીથી હોસંગશાહે માફી માંગી અને આજીજી કરી તેથી ફરીથી હોસંગશાહને માળવાના શાસક તરીકે નીમ્યો.*

### 2.4.5 દિલ્હીના સુલતાન મહમૂદશાહને મદદ - ઈ.સ.1408

*સુલતાન મુઝફ્ફરશાહે દિલ્હીના સુલતાન મહમૂદશાહની મદદે દિલ્હી લશ્કર મોકલેલ, પરંતુ ત્યારે ઈબ્રાહિમશાહે દિલ્હીનો ઘેરો ઉઠાવી લેતા મુઝફ્ફરશાહના લશ્કરને ફોગટ ફેરો થયો.*

### 2.4.6 કચ્છમાં ફોજ

*સુલતાન મુઝફ્ફરશાહે ઈ.સ.1409-10માં એક ફોજ અમીર ખુદાવંદખાનની આગેવાની હેઠળ કચ્છના વાગડ વિસ્તારમાં કાઠીઓના કંથકોટ ખાતે મોકલી. જ્યાં માથાભારે ટોળીને વશ કરવાની હતી ત્યાં વિજય મેળવ્યો. આ તેનું છેલ્લું આક્રમણ અને વિજય હતો.*

### 2.4.7 કોળીઓનું બંડ

*જ્યારે આશાવલ કસબાના કોળીઓએ સુલતાનની સત્તા ન કબુલ કરી રસ્તા પર લૂંટફાટ કરવા લાગ્યા હતા ત્યારે સુલતાન મુઝફ્ફરશાહે આશાવલમાં કોળી લોકોએ કરેલા બંડને સમાવવા માટે અહમદખાનને મોકલ્યો હતો. અહમદખાને અણહિલવાડ પાટણથી નીકળી ખાન સરોવર પાસે છાવણી નાંખી ત્યાંથી કોળીઓને યુદ્ધમાં હરાવ્યા.*

### 2.4.8 નાની નાની લડાઈઓ

*સૂબા તરીકે મુઝફ્ફરશાહે ઈડર, ખાનદેશ, નંદરબાર, સુલતાનપુર, ઝારંદ અને જૂનાગઢ,માંડલગઢ, સાંભાર, ડીડવાણા, જીલવાડા સાથે લડાઈઓ લડી હતી. તેણે સોમનાથ પર આક્રમણ કરી લૂંટ ચલાવી હતી અને મંદિર તોડ્યું હતું આ સમયે લાઠીના હમીરજી ગોહિલ તેની ફોજ સામે લડતા મરાયા એવો એક મત છે.*

---

**તમારી પ્રગતિ ચકાસો – 2**

(1) *સુલતાન મુઝફ્ફરશાહ પ્રથમે ક્યા ગમે શાહી નિશાનો અને ખિતાબ ધારણ કર્યો હતો?*

(2) *સુલતાન મુઝફ્ફરશાહ પ્રથમનું મૂળ નામ શું હતું ?*

(3) *સુલતાન મુઝફ્ફરશાહ પ્રથમે પોતાના વારસ તરીકે કોને નીમ્યો, એ તેના શું સંબંધમાં થતો હતો ?*

---

**તમારી પ્રગતિ ચકાસો – 3**

(1) *ગુજરાતના સુલતાનોના પૂર્વજોના ઈતિહાસ વિશે સો શબ્દોમા લખો.*

______________________________________________

______________________________________________

______________________________________________

(2) સુલતાન મુઝફ્ફરશાહ પ્રથમની રાજકીય સિદ્ધિ વિશે સો શબ્દોમા લખો.

(3) સુલતાન મુઝફ્ફરશાહ પહેલાએ તેના પૌત્રને અંતિમ પળે જે શિખામણો આપી હતી તેના વિશે સો શબ્દોમા લખો.

## 2.5 અવસાન

મુઝફ્ફરશાહે સૂબા પદ ભોગવ્યા પછી બીજી વખત ગાદી ધારણ કર્યા પછી ત્રણ વર્ષ અને આઠ મહિના અને સોળ દિવસ રાજ્ય ચલાવ્યું. તેને અસાધ્ય રોગ લાગુ પડ્યો હતો આથી પૌત્ર અહમદખાનને નસીરુદીન અહેમદશાહ ખિતાબ આપી ગાદી આપી હતી. તેણે પૌત્રને અંતિમ શિખામણ આપી હતી, કે તું આટલી બધી ઉતાવળ શું કામ કરે છે ? આ બધું તારા માટે જ છે, કુરાનમાં કહ્યું છે કે જયારે મોતનું તેડું આવે છે ત્યારે એક ઘડી પણ આગળ અથવા પાછળ થવાની નથી.

મારી પાસેથી કેટલીક શિખામણ સાંભળ જે તને લાભકારક થઈ પડશે. (1) બીજા માણસોએ તને ઉશ્કેર્યો છે તેની દોસ્તી રાખતો નહિ પરંતુ તેને મારી નાંખજે, કારણ કે દગાખોરનું લોહી હલાલ છે. (2) દારૂ પીવાનો શોખ જરાપણ રાખીશ નહિ કારણ કે તે દુઃખના દરિયાનું તોફાન છે.(3) શેખ મલિક અને શેર મલિકને મારી નાંખજે કારણ કે એ બે જણ રાજ્યમાં બખેડો કરાવનાર છે.(4) ગરીબ દરવેશોની ફિકર કરજે, કારણ કે રાજા રૈયતને લીધે જ તાજદાર થાય છે. (5) રૈયત મૂળ છે અને સુલતાન વૃક્ષ છે અરે ! પુત્ર મૂળથી જ વૃક્ષ મજબૂત થાય છે. (6) જ્યાં સુધી બને ત્યાં સુધી પ્રજાને રંજાડતો નહિ અને

જો એમ કરશે તો તું તારું પોતાનું જ મૂળ છેદી નાંખશે - આવી સલાહ આપી હતી. અહમદશાહે કેટલાક વિદ્વાનોને બોલાવી પૂછ્યું કે એક માણસ બીજા માણસના બાપને કઈ વગર અપરાધે મારી નાંખે તો તેણે પોતાના બાપનું વેર લેવું એ તમે હા પાડો છો ? બધા એ હા પાડી. એ જવાબ એક કાગળ પર લખાવી લીધો, એ પછી અહમદશાહે દાદા મુઝફ્ફરશાહને પકડી ઝેરનો પ્યાલો પી જવા ફરજ પાડી ત્યારે તેણે પૌત્રને ઉપરોક્ત સલાહ આપી હતી.આમ મુઝફ્ફરશાહે જેવું પોતે કર્યું હતું એવું જ મોત પામ્યો. ત્યારે સહુને થયું કે અહી જ કરેલાં પાપનો બદલો ચૂકવવો પડે છે.

અહમદશાહને વારસ જાહેર કર્યા પછી તે પાંચ મહિના અને તેર દિવસ જીવ્યો અને જૂન 1410માં (ફિરિસ્તાના મત મુજબ જુલાઈ 1411) અવસાન પામ્યો. જેને પાટણના કિલ્લામાં દફન કરવામાં આવ્યો. મુઝફ્ફરશાહનું ચારિત્ર્ય શુદ્ધ હતું, તેણે પૌત્રને જે શિખામણ આપી તેના પરથી જણાય છે.જોકે તેણે પણ અન્ય મુસ્લિમ શાસકોની જેમ જ કાર્ય કર્યું હતું.

## 2.6 મૂલ્યાંકન

સુલતાન મુઝફ્ફરશાહને બાબરની માફક ગુજરાતની સ્વતંત્ર સલ્તનતનો મૂળપુરુષ અને સ્થાપક ગણવો જોઈએ.જેણે ગુજરાતની સ્વતંત્ર સલ્તનતની શિલારોપણ વિધિ કરી હતી. જે એક સામાન્ય અમીરમાંથી બાદશાહ બન્યો તે બાબત તેના ગુણો અને આવડત બતાવે છે. જેને દિલ્હીમાં પણ શક્તિશાળી અમીર અને પવિત્ર અમીર ગણાતો હતો એટલે જ તેને ફરહતુ-લ-મુલ્ક રાસ્તીખાન જેવા સબળ સૂબાની જગ્યાએ મોકલ્યો હતો અને તેણે એ સૂબાને હટાવી મારી નાખી પોતાની યોગ્યતા સાબિત કરી હતી.જેનામાં દૂરંદેશી નીતિ અને રાજ્ય ચલાવવાની આવડત હતી આથી તેણે રાજપૂતો અને મુસ્લિમો સાથે લડી ગુજરાતની સર્વોપરિતા સાબિત કરી હતી. જે પીઢ રાજનીતિજ્ઞ હતો દીકરા તાતારખાન પર અંકુશ રાખતો હતો અને બને ત્યાં સુધી દિલ્હી સલ્તનતનું લુણ અદા કરવામાં સફળ રહ્યો હતો પણ આખરે દીકરો તાતારખાન ન માન્યો અને તે સત્તાધીશ થઈ પડ્યો એ પણ એણે જોયું અને એના મોત પછી પાછો પણ મુઝફ્ફરશાહ સત્તાધીશ બન્યો. આમ તેણ જીવનમાં આવા તડકા છાંયડાના પ્રસંગો જોયા હતા.એ રીતે સંતાનોથી હતાશ થયો હતો.જેનું મૃત્યુ પણ પૌત્ર અહમદશાહના હાથે જ ઝેરનો કટોરો પી જવાથી થયું. એ એના જીવનની મોટી કરુણાતા હતી.આમ ખૂબ જ ઝઝૂમનાર સુલતાન પોતાના જ વંશજ ના હાથે હારી ગયો. આ પછી સુલતાન અહમદશાહ પહેલાંનું રાજ્ય સ્થપાયું અને મોટા પ્રમાણમાં વિસ્તર્યું.

## 2.7 તમારી પ્રગતિ ચકાસો –1 ના જવાબો

(1) *અલપખાન*

(2) *સુલતાન મુહમ્મદશાહ પહેલો*

(3) *ઝેરથી*

(4) *શિનોર*

**તમારી પ્રગતિ ચકાસો –૨ ના જવાબો**

(1) *બીરપુર કે વીરપુર*

(2) *ઝફરખાન*

(3) *અહમદશાહ પૌત્ર*

## 2.8 સંદર્ભગ્રંથો


(1) *જોટે રત્નમણિરાવ 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ' (ઈસ્લામ યુગ ખંડ 1) અમદાવાદ, પુનમુદ્રણ ઈ.સ.* 1968

(2) *જોટે રત્નમણિરાવ 'ગુજરાતનું પાટનગર અમદાવાદ' અમદાવાદ,પ્રથમ આવૃત્તિ ઈ.સ.* 1929

(3) *ઝવેરી કૃષ્ણલાલ (ભાષાંતર કર્તા) ' મિરાતે અહમદી', અમદાવાદ ખંડ* 1-2-3 *પ્રથમ આવૃત્તિ ઈ.સ.*1933-34-35

(4) *નાયક છોટુભાઈ 'ગુજરાતમાની ઈસ્લામી સલ્તનતનો ઈતિહાસ'અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ઈ.સ.*1982

(5) *પરીખ રસિકલાલ અને હરિપ્રસાદ શાસ્ત્રી (સંપાદકો) 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ' ભાગ-5, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ઈ.સ.*1977

(6) *દીવાન આત્મારામ (ભાષાંતર કર્તા) 'મિરાતે સિકંદરી' અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ઈ.સ.*1914


x

| એકમ-3 | સુલતાન અહમદશાહ પહેલો તેનું શાસન તથા સિદ્ધિઓ |
|---|---|

**રૂપરેખા :**

3.0 *હેતુઓ*

3.1 *પ્રસ્તાવના અને હેતુઓ*

3.2 *લશ્કરી સિદ્ધિઓ અથવા વિજયો*

- 3.2.1 *બળવાઓનું દમન*
- 3.2.2 *જૂનાગઢના રા' મેલંગદેવને હાર*
- 3.2.3 *ખાનદેશનો વિજય*
- 3.2.4 *માળવા પર વિજય*
- 3.2.5 *ચાંપાનેરનો વિજય*
- 3.2.6 *માળવા પર દ્વિતીય ચડાઈ*
- 3.2.7 *ઈડર સાથે લડાઈ*
- 3.2.8 *દક્ષિણના બહમની રાજ્ય સામે*
- 3.2.9 *નાગોર સામે*
- 3.2.10 *માળવામાં નિષ્ફળતા*

3.3 *વહીવટી સિદ્ધિઓ અથવા સુધારા*

- 3.3.1 *વહીવટીતંત્ર*
- 3.3.2 *મહેસૂલી સુધારા*
- 3.3.3 *વાંટા પ્રથા*
- 3.3.4 *ટંકશાળની સ્થાપના*
- 3.3.5 *લશ્કરમાં સુધારા*
- 3.3.6 *ન્યાયતંત્રમાં સુધારા*
- 3.3.7 *બે નગરોની સ્થાપના*

3.4 *સારાંશ*

3.5 *ચાવીરૂપ શબ્દો*

3.6 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*

3.7 *સંદર્ભગ્રંથો*

## 3.0 હેતુઓ

1. *સક્ષમ શાસક સત્તા હાથ કરી પોતાના રાજ્યને મજબુત બનાવવા કેવા પગલાં ભરે છે તે તપાસવું.*
2. *અહમદશાહની વિવિધ યોજનાઓ અને સુધારાઓને સમજવા.*
3. *આ સુલતાનની દીર્ઘ દ્રષ્ટિ અને તેણે ભવિષ્યનો વિચાર કરી જે પગલાઓ લીધા અને બે નગરો સ્થાપ્યા વગેરે વગેરે સમજવું.*
4. *કેટલાક શાસકોએ વિજયોની હારમાળા સાથે રાજતંત્રમાં સુધારા પણ કરી પ્રજા હિતેચ્છુ બન્યા તે તપાસવું.*

## 3.1 પ્રસ્તાવના અને હેતુઓ

*જ્યારે જ્યારે કોઈ સત્તા નબળી પડે ત્યારે અન્ય રાજવંશો પોતાના સામ્રાજ્યને વધારવા કે નવું રાજ્ય સ્થાપવા માટેની નજર દોડાવે છે. દિલ્હીની મુઘલ સત્તા નબળી પડતાં ભારતભરના મુઘલ સૂબાઓએ આ પરિસ્થિતિનો લાભ લીધો એમાં આ તક ઝફરખાનના પુત્ર તાતારખાને ઝડપી લીધી અને પોતે મુહમ્મદશાહ પહેલો (ઈ.સ.* 1403-1404) *નામ ધારણ કરી પોતાને ગુજરાતનો સુલતાન જાહેર કર્યો. જેની ઈચ્છા દિલ્હીનું મુઘલ તખ્ત પણ સર કરી લેવું એવી હતી. આથી તેણે લશ્કરી કૂચ કરી પણ નર્મદા કિનારે શિનોર ગામમાં તેનું મૃત્યુ થયું. દંતકથા મુજબ તેને પિતા અને કાકા એ દારૂમાં ઝેર આપી મારી નાખ્યો હતો એવું કહેવાય છે.*

*ગુજરાતના ત્રીજા સુલતાન તરીકે અહમદશાહ પહેલો* 19 *વર્ષની ઉંમરે* 1411*માં ગુજરાતની ગાદીએ બેઠો હતો, ત્યારે તેના પિતરાઈઓએ બળવો કર્યો પણ એ ફાવ્યા નહીં. અહમદશાહે પાટણની જાહોજલાલીનો તે સમયે અંત આવેલો જોઈ સાબરમતી નદીને કિનારે અહમદાબાદ નામે નવું નગર વસાવી પોતાના નામને અમર બનાવ્યું.*

*ગુજરાતની સલ્તનતની શિલારોપણ વિધિ કરનાર મુહમ્મદશાહ પહેલો ( ઈ.સ.* 1403- 1404) *હતો. પરંતુ એનો સાચો વંશ કર્તા અને સ્થાપક અને રાજ્ય વિસ્તાર કરનાર અહમદશાહ પહેલો જ હતો. જેણે સ્થાપેલા બે વિખ્યાત નગરો અને તેની નીતિ રીતિ સુધારા અને વિજયને લીધે તેનું નામ ગુજરાતના ઉત્તમ સુલતાનનોમાં મુકાયું છે. તેનો જન્મ તા.*19 *નવેમ્બર* 1391*ના રોજ થયો હતો અને* 10 *જાન્યુઆરી* 1411*ના રોજ નસીરુદ્દીન અહેમદશાહનો ખિતાબ ધારણ કરી ગાદીએ બેઠો હતો.*

## 3.2 લશ્કરી સિદ્ધિઓ અથવા વિજયો

### 3.2.1 બળવાઓનું દમન

*જ્યારે કોઈ એક વ્યક્તિ જેનું સીધું નામ ક્યાંય ન હોય અને એ સત્તા હાંસલ કરી લે ત્યારે તેની સામે સ્વાભાવિક છે કે બંડ બળવા થાય. વળી મુસ્લિમોમાં જ્યેષ્ઠ પુત્રને જ ગાદી મળે એવો કડક નિયમ ન હતો. ત્યારે મુઝફ્ફરશાહ પહેલાએ પુત્રોને એક તરફ રાખી પૌત્રને ગાદી આપી તેથી એ બધા જ ભડકી ઉઠ્યા.*

*આ બળવાનું કેન્દ્ર વડોદરા બન્યું ત્યાં મુઝફ્ફરશાહના પુત્રોએ આગેવાની લીધી. જેમાં સુરત, રાંદેરના સુબા અને કેટલાંક હિન્દુ સરદારો પણ જોડાયા બળવાની નેતાગીરી મુઝફ્ફરશાહના પુત્ર ફિરોઝખાને સંભાળી હતી.*

*અહમદશાહ તરત જ બળવાને સમાવવા નીકળી પડ્યો અને બળવાખોરોમાં ફાટફૂટ પડાવી અને જીવણદાસ ખત્રી મૃત્યુ પામ્યો. ભરૂચ પણ કબજે કરી લેવાયું ને અહમદશાહે બળવાખોરોના સગાઓને માફ કરી તેને યોગ્ય હોદ્દા આપી બુદ્ધિગત કામ લીધું. અન્ય બળવાખોરોને મોડાસા મુકામે શરણે લાવવામાં આવ્યા આ ઉપરાંત પાટણમાં ફરી ઈ.સ.૧૪૧૩માં અમીરોએ બળવો કર્યો. જેની ભેગા ઝાલાવાડના રાજા છત્રસાલ, નાંદોદ રાજપીપળાના રાજા પણ જોડાયેલા એ બધાને શાંત પાડ્યા અને પોતાના રાજ્ય સિંહાસનના પાયા મજબૂત કરી એક સફળ શાસક તરીકે પોતાની જાતને પુરવાર કરી.*

### 3.2.2 જૂનાગઢના રા` મેલંગદેવને હાર - ઈ.સ.1414

*જ્યારે અહમદશાહે સતા હાથ ધરી એ સમયે ઘણા રાજપૂતોએ બળવાખોરોને સાથ આપ્યો હતો. જેમાં કાઠિયાવાડ પણ સામેલ હતું. આથી ઈ.સ.1414માં અહમદશાહે જૂનાગઢ ઉપર ચડાઈ કરી અને વંથલી મુકામે રા' મેલંગદેવ સાથે યુદ્ધ થયું અને રા' મેલંગદેવ હાર્યો આખરે તેણે ખંડણી આપવાનું સ્વીકારી સંધિ કરી લીધી જેથી અહમદશાહ અમદાવાદ પરત ફર્યો.*

### 3.2.3 ખાનદેશનો વિજય - ઈ.સ.1417

*નંદરબાર અને સુલતાનપુર નામના બે પરગણાં ખાનદેશના નસીરખાને વીસ વર્ષ પહેલાં ગુમાવ્યા હતા. આથી એ પરત મેળવવા તે આતુર હતો ત્યારે તેણે અહમદશાહ પહેલાની દોડાદોડમાં તક લીધી અને જેમાં તેણે માળવાના સુલતાનની પણ મદદ લીધી.*

*નસીરખાન અને માળવાના સુલતાન બંનેના લશ્કરે સુલતાન પર આક્રમણ કર્યું. આથી તેની સામે અહમદશાહે મલિક મહમૂદને લડવા મોકલ્યો. આ સમયે રાજપૂત રાજાઓએ સંઘ બનાવ્યો અને અહમદશાહ સામે આવ્યા પણ અહમદશાહ તો વિચક્ષણ બુદ્ધિશાળી શાસક હતો, તેથી તેણે વિચારી લીધું કે ત્રણ સરહદો ઉપર એકસાથે કેમ લડી શકાશે છતાં પણ મચક આપી નહીં અને બળવાનો અંત આણ્યો. જ્યારે બીજી બાજુ મલેક મહેમુદ પણ ખાનદેશમાં વિજયી બન્યો.*

**3.2.4 માળવાનો વિજય - ઈ.સ.1418**

*માળવાનો સુલતાન વારંવાર ગુજરાતની વિરુદ્ધ થનાર બળવાખોરો અને શાસકોને મદદ કરતો હતો. આથી અહમદશાહે માળવાના સુલતાન હોસંગશાહની શાન ઠેકાણે લાવવા તેના ઉપર ચડાઈ કરી અને આ બંને વચ્ચે ઉજ્જૈન નજીક કાલિયાદેહ નદીને કિનારે યુદ્ધ થયું. જેમાં હોસંગશાહની હાર થઈ અને તે માંડુંના કિલ્લામાં આશરે ચાલ્યો ગયો.*

**3.2.5 ચાંપાનેરનો વિજય ઈ.સ.1418**

*ચાંપાનેરના શાસકનું નામ હતું ત્રંબકદાસ જેની ઉપર અહમદશાહે ૩૦ નવેમ્બર ૧૪૧૮ના રોજ ચડાઈ કરી ત્યારે ત્રંબકદાસને અહમદશાહને હરાવવાની શક્યતા ન દેખાતા તેણે શરણાગતિ સ્વીકારી ખંડણી આપવાનું કબૂલી લીધું. આ વિજય પછી અહમદશાહે સંખેડા પર ચડાઈ કરી ત્યાં જુમ્મા મસ્જિદ બંધાવી અને કિલ્લાનો પાયો નંખાવ્યો. આ વિજયમાં તેને કામચલાવ શરણાગતિ સિવાય કોઈપણ લાભ મળ્યો નહિ.*

**3.2.6 માળવા પર દ્વિતીય ચડાઈ ઈ.સ.1422**

*માળવાનો સુલતાન જાજનગર હાથી ખરીદવા ગયો હતો ત્યારે તેની ગેરહાજરીનો લાભ લઈ અહમદશાહ કબજે કરવા ઈ.સ.1422માં કૂચ કરી મહેશ્વરનો કિલ્લો જીત્યો અને ત્યાં લશ્કરી થાણું બેસાડ્યું.*

*માંડુના ઘેરા સમયે તો સુલતાન હોસંગશાહ હાથી ખરીદી પરત આવી ગયો હતો. તેણે અહમદશાહ સાથે કપટ કરી સંધિ કરવાનો ડોળ કર્યો અને બંને મળ્યા. પરંતુ તે પછી અચાનક જ રાત્રે હોસંગશાહના લશ્કરે અહમદશાહના લશ્કર પર હૂમલો કરતા બંને સુલતાનો સામસામે આવી ગયા અને લડ્યા જે યુદ્ધમાં ગુજરાતની જીત થઈ અને હોસંગશાહ નાસી ગયો.*

### 3.2.7 ઈડર સાથે લડાઈ - ઈ.સ.1426

*ઈડર રાજ્ય સલ્તનતને ખંડણી ભરતું હતું પણ રાવ પૂંજાએ ખંડણી ભરવાનું બંધ કર્યું. આથી ઈ.સ. 1426માં અહમદશાહે ઈડર પર આક્રમણ કર્યું. આ ચડાઈ વખતે અહમદશાહે રસ્તામાં હાથમતી નદીને કિનારે અહમદનગર અને આજનું હિંમતનગર જેની સ્થાપના કરી ત્યાં કિલ્લો બાંધ્યો. અહીથી ઈડર રાજ્યને સમજાવવાના પ્રયત્નો કરવા લાગ્યો. રાવ પૂંજો પણ અહમદશાહથી હવે કંટાળ્યો હતો. તેથી તેણે બે વાર સંધિ પ્રસ્તાવ મૂક્યા પણ અહમદશાહને હવે ઈડરને સલ્તનતમાં ભેળવી દેવાનો વિચાર હતો.*

*તેથી ઈડર અને અહમદશાહ વચ્ચે આખરી લડાઈ થઈ જેમાં રાવ પૂંજો અકસ્માતે ઘોડા પરથી ખાઈમાં પડી જતાં તેનું અવસાન થયું. જેનું માથું સુલતાન અહમદશાહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું. હવે ઈડરનો કબજો લઈ લીધો. રાવ પૂંજાના પુત્ર હરરાય સુલતાનને મોટી રકમ આપીને સંધિ કરી પણ તે રકમ ચૂકવવામાં મોડું થતાં સુલતાને ઈડરને પોતાના રાજ્યમાં ભેળવી દીધું અને ત્યાં એક મસ્જિદ બંધાવી અને હરરાયને જંગલમાં ભાગી જવું પડ્યું.*

### 3.2.8 દક્ષિણના બહમની રાજ્ય સામે

*ઈ.સ. ૧૪૨૯માં ઝાલાવાડના રાજા કાન્હા (કૃષ્ણ)ને હિન્દુઓ પ્રત્યેનું સુલતાન અહમદશાહનું ખરાબ વર્તન જોઈને એમ લાગતું કે ઈડરની લડાઈ પૂરી થયા બાદ સુલતાન અહમદશાહ એના ઉપર વેર લીધા વિના રહેશે નહી. તેથી એ તરત જ દક્ષિણ તરફ બહમની સુલતાન અહમદશાહ પાસે ગુલબર્ગમાં જઈ પહોંચ્યો. અહી બંને સુલતાનોના નામ એક જ સરખા છે. એ સુલતાને તેને એક ફોજ આપી તે લઈ કાનો નંદરબાર જિલ્લામાંનો પ્રદેશ લૂંટવા તથા તારાજ કરવા રવાના થયો. આ વાતની જાણ જ્યારે ગુજરાતના સુલતાન અહમદશાહને થઈ ત્યારે તેણે પોતાના શાહજાદા અલ્લાઉદીનખાન અને ખાનજહાંનને તથા પોતાના કેટલાંક મહાન અમીરો સાથે એને અટકાવવા માટે મોકલ્યો અને ગુજરાતી લશ્કરે બહમની લશ્કરને માણેક પૂંજ પાસે હરાવ્યું અને દોલતાબાદ તરફ ભગાડી દીધું. આમ ગુજરાતનો દક્ષિણ તરફ બહમની સુલતાન અહમદશાહ સામે પ્રથમ વિજય થયો.*

*દક્ષિણનો બહમની અહમદશાહ પણ આ હારથી કાંઈ બેસી રહે એમ નહોતો એટલે તેણે વધારાનું લશ્કર મોકલ્યું અને ખાનદેશમાંથી નસીરખાન અને કાનો*

*એની સાથે જોડાયા. પરંતુ ફરીથી દક્ષિણના લશ્કરને શિકસ્ત મળી આ રીતે ગુજરાત અને બહમની સલ્તનત વચ્ચે સંઘર્ષ બે વર્ષ ચાલ્યો હતો.*

*દક્ષિણના અહમદશાહ એ પોતાના બે શાહજાદા અલાઉદ્દીનખાન અને ખાનજહાંન તથા અમીર કાદરખાનને ગુજરાતના શાહજાદા સામે લડવા મોકલ્યા તે કૂચ કરી દોલતાબાદ આવ્યા ત્યારે નસીરખાન અને ઝાલાવાડના રાજા કાનો તેને સામે આવીને મળ્યા ગુજરાતના શાહજાદા મહમદખાન અને સેનાપતિ મલિક અહેમદ અયાઝ પણ દોલતાબાદ આવ્યા, અહીં બંને વચ્ચે ભયંકર થયું. જેમાં પણ ગુજરાતનો આખરે વિજય થયો તેમાં કાદરખાન દક્ષિણી અમીર મરણ પામ્યો. શાહજાદો અલાઉદ્દીનખાન દોલતાબાદ તરફ અને નાસીરખાન અસીરગઢ તરફ નાસી ગયા.*

*દક્ષિણના અહમદશાહને પોતાના પરાજયની વાત કઠતી આથી એણે ફરી વાર ગુજરાત ઉપર ચઢાઈ કરી ત્યારે શાહજાદા મહંમદખાને તેનો સામનો કર્યો અને બંને વચ્ચે ઝપાઝપી થઈ આખરે અહમદશાહએ પીછેહઠ કરી ત્યારે અહમદશાહ ગુજરાતીએ પણ પીછેહઠ કરી અને ગુજરાત તાબાના તંબોલાના કિલ્લા પર આક્રમણ કર્યું. પરંતુ કિલ્લાના અધિકારી મલીક સઆદત સુલતાનીએ બહાદુરીપૂર્વક તેને હરાવી કિલ્લાનો બચાવ કર્યો હતો.જેમાં બહમની સુલતાન હતાશ થઈ પાછો ફર્યો .*

*આવી રીતે દક્ષિણના અહમદશાહની અને ગુજરાતના અહેમદશાહ વચ્ચે વારંવાર એકબીજા વચ્ચે નાની મોટી લડાઈઓ થઈ હતી જેમાં દક્ષિણી બહમની અહમદશાહની હાર થઈ અને એણે ગુમાવેલી પ્રતિષ્ઠા મેળવવા માટે યુદ્ધ કરવાનું વિચાર્યું પરંતુ તેમ છતાં તેમાં સફળ થતો નથી, ત્યારે અહમદશાહની ગુલબર્ગ તરફ આખરે નાસી છૂટે છે અને અહમદશાહ ગુજરાતી અમદાવાદ તરફ પાછો ફરે છે.*

### 3.2.9 નાગોર સામે

*હિંદુ રાજાઓ સાથે સુલતાન અહમદશાહે કરેલી લડાયો પૈકી ઈ.સ. 1433માં કરેલી આ અંતિમ લડાઈ હતી આ વર્ષમા મેવાડ બાજુ નાગોર તરફ રવાના થયો રસ્તામાં નગરો અને ગામડા લૂંટતો વિનાશ કરતો મંદિરો તોડતો તે આગળ વધી રહ્યો હતો. રાજા મહા રાવલ ગણેશના ડુંગરપુર ઉપર પણ એણે છાપો માર્યો અને એ રાજવીને ખંડણી આપવાની ફરજ પાડી હતી. આ લડાઈ દરમિયાન રાઠોડ રાજાઓએ પણ શરણે આવી ખંડણી આપવાનું સ્વીકાર્યું હતું. તે મેવાડના રાજા મોકલીના ? તાબાનું દેલવાડા લૂંટીને તે આગળ વધ્યો નાગોરનો સુલતાન*

*ફિરોઝખાન પણ ખંડણીની સાથે સુલતાનને શરણે થઈ ગયો. પરંતુ અહમદશાહે ખંડણી સ્વીકારવાની ના કહી આ પછી સુલતાન અહમદાવાદ પાછો ફરી ગયો.*

**3.2.10 માળવામાં નિષ્ફળતા ઈ.સ.1438**

*સુલતાન હોસંગશાહના અવસાન પછી એના ઉત્તરાધિકારીઓ પાસેથી વજીર મહમૂદ ખીલજીએ પાયતખ્ત મેળવ્યું અને મહમૂદશાહનો ખિતાબ ધારણ કર્યો અને માળવાની ગાદી ઉપર બેઠો. મહેમુદખાને સુલતાન હોસંગશાહના પુત્ર ગઝનીખાનને ઝેર આપીને મારી નાખીને ગાદી મેળવી હતી. સુલતાન હોસંગશાહનો બીજો એક પુત્ર મસૂદખાન સુલતાન અહમદશાહે શરણે આવ્યો અને અહમદશાહને વિનંતી કરી કે મને મદદ કરો તેથી સુલતાને તેનો પક્ષ લઈને માર્ચ 1438માં માળવા તરફ કુચ કરી અને અહમદશાહે માંડુને ઘેરો ઘાલ્યો જે ખૂબ લાંબો  ઈ.સ. 1439 સુધી ચાલ્યો આ સમયગાળા દરમિયાન ગુજરાતના લશ્કરને મરકીનો રોગ લાગુ પડ્યો બે દિવસમાં અસંખ્ય માણસો મરી ગયા. અને પોતે પણ માંદો પડ્યો , તેથી સુલતાને પાછા ફરવું પડ્યું હતું. અહમદશાહની આ છેલ્લી લડાઈ હતી. આ લડાઈ બાદ તે ત્રણ વર્ષ જીવ્યો અને 12 ઓગષ્ટ 1442ના રોજ તેનું અવસાન થયું.*

---

**તમારી પ્રગતિ ચકાસો -1**

---

(1) *ગુજરાતમાં સ્વતંત્ર મુસ્લિમ સલ્તનતની સ્થાપના કોણે કરી હતી ?*

(2) *મુઝફ્ફરશાહ પહેલાએ પુત્રોને એક તરફ રાખી કોને ગાદી આપી હતી.?*

(3) *કઈ નદીને કિનારે અહમદશાહ અને માળવાના સુલતાન હોસંગશાહ વચ્ચે લડાઈ થઇ હતી ?*

---

## 3.3 વહીવટી સિદ્ધિઓ અથવા સુધારા

---

*સુલતાન અહમદશાહની જીંદગીના  32  વર્ષ અને 6 માસ લડાઈઓ લડવામાં જ ગયા. પરંતુ તેમ છતાં તેણે પોતાની બુદ્ધિમત્તા અને યોગ્ય અમીરોની મદદથી સલાહથી ગુજરાતના મુસ્લિમ મહારાજ્યને સ્થિર અને સુરક્ષિત કરવા માટે અનેક કામગીરી કરી હતી, જેથી સુલતાનના સમયમાં વહીવટીતંત્ર, નાણાતંત્ર, લશ્કરી તંત્ર અને ન્યાયતંત્રમાં વિવિધ પ્રકારના તેણે સુધારા કર્યા હતા. પોતાના રાજ્યને સર્વોપરી અને શ્રેષ્ઠ બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. આથી અહમદશાહને ગુજરાતની સ્વતંત્ર મુસ્લિમ સલ્તનતનો ખરો સ્થાપક અને વંશકર્તા ગણવામાં આવે છે. જોકે ઈતિહાસે એ પણ નોંધવું રહ્યું કે*

અહમદશાહ ગુજરાતના તમામ સુલતાનોમાં સવિશેષ અસહિષ્ણુ હતો. ઈસ્લામના કાનૂનોનું દ્રઢતાથી પાલન કરતો હતો એને મઝહબ તરફ વિશેષ આશક્તિ હતી અને હિંદુઓ સામે લડવું એને મઝહબી કાર્ય ગણતો હતો. તેણે ઈ.સ.1414માં મલેકતુહફા નામના અમલદારને તાજુલમુલ્કનો ખિતાબ એનાયત કરી મંદિરો તોડી એને સ્થાને મસ્જિદો ઉભી કરવાની કામગીરી સોંપી હતી.એને શાંતિથી રહેવાનો સમય ભાગ્યે જ મળ્યો હતો પણ તેમ છતાં તેણે યોગ્ય વહીવટીતંત્ર ગોઠવવામાં સમય ગાળ્યો હતો.

### 3.3.1 વહીવટીતંત્ર

આપણી પાસે ગુજરાતમાં મુસ્લિમ કાળમાં રાજ્ય વહીવટ કેવો હતો તે જાણવાના સાધનો સંપૂર્ણપણે મળતા નથી. જે મળે છે એમાં એક તરફી અને આપખુદીભરી વાતો જાણવા મળે છે, પરંતુ જે મુસ્લિમ તવારીખકારો એ જે ગ્રંથો લખ્યા છે. તેમાં જે વર્ણન કર્યા છે તેના ઉપરથી આ સમયના વહીવટીતંત્રના માળખાની આછેરી વાત જ આપણે જાણી શક્યા છીએ.

એમના વહીવટીતંત્રમાં સુલતાનનું જ સર્વશ્રેષ્ઠ સ્થાન હતું તે જ સર્વસત્તાધીશ હતો પણ સાથે સાથે ઉલેમાઓનું પણ વર્ચસ્વ હતું જે તપાસતા એમ જણાય છે કે અહીં આપખુદ રાજાશાહી અને ધર્મશાહીનું મિશ્રણ હતું.

સુલતાનને રાજ્ય વહિવટમાં મદદ કરવા માટે કેટલાંક અધિકારીઓ અને અમીરો રહેતા હતા. જેમાં નિઝામુ–લ-મુલ્ક કે વજીરનો હોદો ખૂબ જ મહત્વનો હતો, જે સુલતાનની અનુપસ્થિતિમાં રાજ્ય ચલાવતો હતો. તથા સમગ્ર રાજ્યનું સંચાલન કરતો હતો. બીજો અધિકારી તાજુલ ઉલમુલ્ક હતો જે જજિયાવેરો ઉઘરાવતો હતો. શાહજાદાઓને પણ અગત્યના ખાતા આપવામાં આવતા હતા.

મુખ્યપ્રધાન કે વજીર જેવા ઉચ્ચ હોદ્દા સિવાય બીજી હરોળના મોટા હોદ્દા પણ હિન્દુઓને આપવામાં આવતા હતા.જે મહેસુલ ખાતુ અને હિસાબી ખાતુ સંભાળતા હતા. જૈન સાહિત્યના ઉલ્લેખો મુજબ અહમદશાહના વહીવટીતંત્રમાં ગુણરાજ સંઘવી, ગદા મંત્રી, કર્મણ મંત્રી જેવા હિન્દુઓ હતા. ફાર્બસ કૃત રાસમાળા મુજબ માણેકચંદ અને મોતીચંદ નામના બે વાણિયા અહમદશાહના પ્રધાનો હતા. ત્રીજો અધિકારી કોટવાળ હતો તે કિલ્લાનું રક્ષણ કરવાનું કામ કરતો અને ન્યાય માટે કાઝી રાખવામાં આવ્યા હતા.

### 3.3.2 મહેસૂલી સુધારા

અહમદશાહના મહેસૂલી સુધારા અંગે 'મિરાતે સિકંદરી'માંથી માહિતી મળે છે. જેમાં જે સમયની મહેસૂલી કર્મચારીઓ અને લશ્કરી કર્મચારીઓને કેવી રીતે પગાર અપાતો હતો તેના વિશે શેખ સિકંદરે નોંધ્યું છે.

*એ સમયમાં મહેસુલી કર્મચારી સારી રીતે કામ કરે અને ખોટું ન કરે એ માટે એવો નિયમ બનાવ્યો હતો કે નાણાં ખાતાને મહેસુલી ખાતાના જે અમલદાર હોય તેના માટે એવું ઠરાવ્યું હતું કે એક અમલદાર સુલતાનનો આશ્રિત હોય અને બીજો કોઈ ખાનદાન કુટુંબમાંથી હોય જેથી બંને ક્યારેય મળી જાયને ખોટું ન કરે. બાકી જો બંને બહારના હોય તો અને એક વર્ગના હોય તો મળી જઈને ખોટું કરવાની સંભાવના વધી જાય, તેથી આ નિયમ બનાવ્યો હતો.*

*આ પ્રથા એટલે અંકુશ પ્રતિ અંકુશની નીતિ હતી. આ પ્રથાને મુઝફ્ફરશાહ બીજાના સમય સુધી ચાલુ રાખવામાં આવી હતી જેવો એમાં ફેરફાર થયો કે સામ્રાજ્યને બહુ નુકસાન થયું હતું.*

**3.3.3 વાંટા પ્રથા**

*જમીનનો માલિક રાજા ગણાય એ તો ભારત વર્ષના અર્થશાસ્ત્રનો પ્રાચીન નિયમ તથા પ્રણાલિકા છે. આ નિયમ ગુજરાતને પણ લાગુ પડતો હતો. નાના મોટા રાજાઓ અને જમીનદારો વંશ પરંપરાથી જમીનો ભોગવતા હતા આ લોકો ગુજરાતમાં સ્વતંત્ર મુસ્લિમ સત્તાની સ્થાપના થઈ ત્યારે રાજપૂતો અને જમીનદારો ઊંચા-નીચા થયા અને સામે થવા માંડ્યા કે સ્વતંત્ર થવાની કોશિશો કરવા માંડ્યા.*

*આ બાબતમાંથી શાંતિનો ભંગ થયો ને રૈયતને દુઃખ ભોગવવાનો વારો આવ્યો ત્યારે અહમદશાહે ડાહ્યા માણસોની સલાહ લઈને ગુજરાતમાં જમીન મહેસુલના રિવાજમાં વાંટાની પદ્ધતિ દાખલ કરી ગુજરાતમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવાનું બુદ્ધિપૂર્વકનું કાર્ય કર્યું.*

*આ પ્રથા મુજબ દરેક ગામની જમીનના ચાર ભાગ કરી તેમાંના ત્રણ ભાગ બાદશાહના જેને તળપદ કહેતાં અને ચોથો ભાગ જમીનદારનો ગણવાનું જેને વાંટો કહેવામાં આવતો.*

*આથી રાજપૂતો અને જમીનદારો વગેરેએ શાંતિ જાળવી કે સુલતાનને તાબે જ રહેવું જ પડશે અને એ પોતાના ગામનું રક્ષણ કરવા માંડ્યા. હિન્દુ જમીનદારનો વાંટાનો હક ઈ.સ.1545 સુધી કાયમ રહ્યો હતો. સુલતાન મહમૂદ ત્રીજાના સમયમાં બળજબરીથી લઈ લેવામાં આવેલ, તેથી દેશમાં અસંતોષ ફેલાયો, તેથી 1587માં અકબર બાદશાહે વાંટાનો ચોથો ભાગ ફરી ચાલુ કર્યો હતો. ત્યારે પોતાના હકની બદલામાં સલામીના રૂપમાં સુલતાનને મહેસુલ આપવાનું અને જરૂર પડયે રાજ્યની નોકરીમાં પણ રહેવું પડતું હતું. તથા પોતાની જાગીર કે ગામનું રક્ષણ કરવાની જવાબદારી તેની રહેતી. આ*

*સુધારાથી જમીનદારો જાગીરદાર લડાઈઓ અને બહારવટા છોડી ઠરીઠામ થયા હતા અને સુલતાન બહાદુરશાહના અંત સમય સુધી ગુજરાતના સુલતાનોને વફાદાર રહ્યા હતા.*

---

**તમારી પ્રગતિ ચકાસો -2**

---

(1) *અહમદશાહે હાથમતી નદીને કિનારે આજના ક્યા શહેરની સ્થાપના કરી હતી ?*

(2) *મિરાતે સિકંદરીનો લેખક કોણ હતો ?*

(3) *વાંટાપ્રથામાં જમીન માંથી પ્રાપ્ત આવક કે જણસના કેટલા ભાગ કરવામાં આવતા હતા ?*

## 3.3.4 ટંકશાળની સ્થાપના

*ટંકશાળ એટલે જ્યાં સિક્કાઓ છાપવાનું કામ થતું હોય એ જગ્યા હમણાં સુધી સોલંકી કાળના સિક્કાઓ મળ્યા નહોતા પણ હવે છૂટક છૂટક સોલંકી કાળના સિક્કાઓ મળવા લાગ્યા છે, જેમાં સિદ્ધરાજના સમયના સિક્કા મળ્યા છે. એનો અર્થ ત્યારે ગુજરાતમાં ટંકશાળ હતી પણ એનો પ્રમાણભૂત ઈતિહાસ મળતો નથી. આથી એમ કહી શકાય કે અહમદશાહના સમયમાં અમદાવાદમાં કદાચ ગુજરાતની પહેલી તો નહિ પણ બીજી પદ્ધતિસરની ટંકશાળ બની હતી. પણ જો સોલંકી શાસકોના સિક્કા આપણે હવે ખોળી કાઢ્યા છે તેથી આ અહમદશાહની આ બીજી ટંકશાળ ગણાય.*

*અમદાવાદ સિવાય અહમદનગરમાં પણ ટંકશાળ હોવી જોઈએ કારણકે અહમદનગરની ટંકશાળની છાપવાળા સિક્કાઓ પણ મળ્યા છે. અહમદશાહના સિક્કા ઉપર આગળની બાજુમાં અહમદશાહ 'અસ્સુલતાન' કોતરાયેલું છે અને પાછળના ભાગેના 'નાસીરૂદુનિયાવુદીન અબુલફતહ' એવા શબ્દો કોતરાયા છે, જેનો અર્થ દુનિયા તથા દીનનો પાલક પિતા તે સુલતાન અહમદશાહ એવો થાય છે.*

## 3.3.5 લશ્કરમાં સુધારા

*સુલતાન અહમદશાહ અસહિષ્ણુ શાસક હતો પણ તેનામાં કેટલાંક વહીવટી આવડતના ગુણો હતા આથી તેણે પોતાના લશ્કરને સક્ષમ અને સબળ તથા નમૂનેદાર બનાવવા માટે કેટલાંક સુધારાઓ કર્યા હતા. લશ્કરમાં તેણે મધ્યયુગમાં સૈનિકોને જમીન જાગીરના રૂપમાં પણ રોકડ રકમમાં અને અડધી રકમ ની જમીન જાગીર એમ બે રીતે પગાર ચૂકવવાનું શરુ કર્યું. જો બધી જ રકમ રોકડી આપી દેવામાં આવે તો તે ગમે તેમ વાપરી નાખે તથા રાજ્યના રક્ષણમાં રસ બતાવે નહિં અને જમીન જાગીરના રૂપમાં અડધી*

*રકમ આપી હોય તો તેના નવરાશના સમયમાં ખેતી કરે ઢોર ઉછેરે અને પોતાની ખેતીમાં કામ કરવાથી શરીર પણ કસાયેલું રહે.*

*અહમદશાહે સૈનિકો બહારગામ દૂર હોય તો પણ ત્યાં તેમને અડધી રકમનો પગાર પહોંચાડવામાં આવતો હતો. આથી સૈનિકોને ભરણપોષણ કરવા માટે દેવું કરવું પડતું નહોતું અને તેનું કુટુંબ જમીન જાગીરમાંથી પણ નિશ્ચિત જીવન જીવી શકતું આ રીતે અહમદશાહે અડધી રકમ રોકડી અને અડધી જમીન જાગીરના રૂપમાં આવો સુધારો કરાવી લશ્કર અને સૈનિક બંનેને મજબૂત બનાવ્યા.*

## 3.3.6 ન્યાયતંત્રમાં સુધારા

*અહમદશાહે પોતાના શાસનકાળના ૩૨ જેટલા વર્ષો ભલે લડાઈમાં ગાળ્યા હોય પણ સાથે સાથે રાજ્યની તમામ બાબતોમાં અને રાજ્યમાં પ્રજા હિત બાબતે પણ ખાસ ખ્યાલ રાખ્યો હોય એમ જણાય છે.*

*સમગ્ર રાજ્યમાં ન્યાય માટે કાઝીઓની નિમણૂંક કરવામાં આવી હતી. તથા છેવટનો નિર્ણય સુલતાન પોતે જ આપતો હતો. સુલતાન અહમદશાહનો ન્યાય એના ચારિત્રને શોભાવે એવો અણીશુદ્ધ હતો.*

*'મિરાતે સિકંદરી' અહમદશાહના સમયના ન્યાયનો એવો એક કિસ્સો નોંધે છે કે અહમદશાહના જમાઈએ જુવાનીનું જોર અને અહમદશાહના જમાઈના અભિમાનથી પ્રેરાઈને એક નિર્દોષ માણસનું ખૂન કરેલ ત્યારે અહમદશાહે તેના જમાઈને પણ કાઝીના ન્યાય ઉપરની અપીલ સાંભળી જે કાઝીએ મરનારના વારસને 40 ઊંટ બદલામાં આપી છોડવાનું જણાવેલ તેને અહમદશાહે ભરબજારમાં જાહેરમાં શૂળીએ ચડાવ્યો હતો અને ત્યાં એક દિવસ લટકતો રાખી બીજે દિવસે દફનાવ્યો હતો. આ ઘટના પછી એમ કહેવાય છે કે પછી કદી અહમદશાહના સમયમાં કોઈનું ખૂન થયું નહોતું.*

*અહમદશાહના રાજ્યમાં સાબરમતી નદીમાં એક કોઠી તણાતી મળી આવી જેમાં મડદુ હતું. તે કોઠીની તપાસ કરી તો કોઠી કોણે બનાવી એ શોધી અને કુંભારની જુબાની પરથી નક્કી થયું કે આ કોઠી તે કોને વેચી હતી જેના ઉપરથી એ વ્યક્તિનું નામ પ્રાપ્ત થતાં ગુનેગારને પકડી તેણે આ વાણિયાને મારી નાખેલ તેને પણ ગુનેગાર ઠરાવી તેઓ મારી નાંખવાનો હુકમ કરવામાં આવેલ એમ કહેવાય છે કે અહમદશાહના સમયમાં બે જ વ્યક્તિના આ રીતે ખૂન થયા હતા. આ બંનેનો ન્યાય તોળ્યા પછી લોકો એવા ભયભીત બની ગયા હતા કે કોઈ ખૂન થયા જ નહી આ રીતે મુસ્લિમ મહારાજ્યનો પાયો નાંખનાર બાદશાહ કડક તટસ્થ વ્યવસ્થા ઊભી કરી હતી એમ કહી શકાય જો તે ન્યાયની બાબતમાં કાચો રહેતો મહારાજ્યનો પાયો પણ કાચો જ રહે એ એણે ખ્યાલ રાખ્યો હતો.*

### 3.3.7 બે નગરોની સ્થાપના

જે જે શાસકોએ પોતાના સામ્રાજ્યને વધુ વિકસાવવું હોય નમૂનેદાર બનાવવું હોય એ વિવિધ દૃષ્ટિકોણથી વિચારતા રહે છે. તથા સગવડતા વધારતા રહે અને નવા ગામો અને શહેરો વસાવતા માલુમ પડે છે. અહમદશાહે બે વિખ્યાત શહેરો વસાવ્યા. આજે આપણે જેને હિંમતનગર કહીએ છીએ તેની સ્થાપના અહમદશાહે કરી હતી અને ત્યારે તે અહમદનગર તરીકે ઓળખાતું હતું. પરંતુ પાછળથી ઈડરના રાજાઓએ રાજધાની ઈડરથી ખસેડી અને હિંમતસિંહના નામ ઉપરથી એ સ્થાનને હિંમતનગર નામ અપાયું.

ગુજરાતની સલ્તનતને ઈડરના રાજપૂત રાજાઓ વારંવાર પરેશાન કરતા અને બળવો કરતા હતા આથી ઈડર પર કાબુ રાખવા માટે પોતાના રાજ્યના એક ખૂણે તેણે પોતાના નામથી લશ્કરી કારણોસર હાથમતી નદીને કિનારે અહમદનગરની ઈ.સ.1427માં સ્થાપના કરી હતી.

અહમદશાહે ત્યાં મજબૂત કિલ્લો બાંધ્યો અને ત્યાં જાત દેખરેખ હેઠળ રોકાઈ લશ્કરી થાણાની સ્થાપના કરી.

સુલતાને ઘણો ઊંડો અને લાંબો તથા લશ્કરી દ્રષ્ટિએ વિચાર કરી રાજધાનીનું નગર વસાવવા આશાપલ્લી બાજુમાં નવા શહેરનો પાયો નાખ્યો હતો. વિશેષમા આ શહેરનો પાયો નાંખતી વખતે ખટ્ટુ ગંજબક્ષ સાહેબે કહ્યું કે પાંચ ટાઈમના ચુસ્ત નમાઝીને હાથે એવા ચાર પુરુષોને હાથે પાયો નાંખો તો તે સદા આબાદ રહેશે તેવી સલાહ તેમણે આપેલી.

સુલતાન અહમદશાહે પોતાના રાજ્યાભિષેકના વર્ષમાં અમદાવાદની ચાર પવિત્ર પુરુષોને હાથે સ્થાપના કરી કે જે પવિત્ર પુરુષોએ કોઈ દિવસ પાંચ વખતની એક પણ નમાજ ન ભૂલ્યા હોય કાયમી નમાજ પડતા હોય એવા ચાર પવિત્ર પુરુષોના હાથે આ શહેરનો પાયો નાંખ્યો એમાં ખુદ એક અહમદશાહ પોતે હતો.

(1) શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ સાહેબ, (2) સુલતાન અહમદશાહ પોતે, (3) પાટણના કાજી મહંમદ સાહેબ, (4) મલિક અહેમદ સાહેબ

આ ચાર પવિત્ર પુરુષો સિવાય બાર બાબા ફકીરોના હસ્તે અમદાવાદનો ઈ.સ..1411માં પાયો નંખાયો હતો અને અમદાવાદમાં ભદ્રનો કિલ્લો જુમ્મા મસ્જિદ અને પોતાનો મકબરો પણ અહમદશાહે બાંધ્યો.

**તમારી પ્રગતિ ચકાસો -3**

(1) *વાંટાપ્રથા એટલે શું ?*

(2) *અહમદશાહના લશ્કરી સુધારા વિશે સો શબ્દોમાં લખો ?*

(3) *અમદાવાદની સ્થાપના અને અહમદશાહ વિશે સો શબ્દોમાં લખો ?*

## 3.4 સારાંશ

*સુલતાન અહમદશાહ અસહિષ્ણુ તો હતો જ પણ હિન્દુસ્તાનના મુસ્લિમ બાદશાહોમાં તેનું સ્થાન અનેરૂં હતું. તે અમદાવાદની સ્થાપનાને લીધે તેનું નામ ભારત વર્ષનાં ઈતિહાસમાં સદાકાળ ટંકાતું રહ્યું છે.તેનો ન્યાય વિખ્યાત હતો ખૂનનો બદલો ખૂનથી લેવાના સિદ્ધાંતમાં તે માનતો હતો. કેટલાકે તેને પીર બાદશાહ તરીકે પણ બિરદાવેલ છે. અહમદશાહની દરગાહના આજે પણ બાદશાહીમાં મળે છે. એવું માન અન્ય મોગલ સમ્રાટોને થોડા અપવાદ સિવાય મળતું નથી. આ દરગાહને બ્રિટિશ સરકાર તરફથી રાજાશાહીમાં બાર મહિને રૂ* 2601 *મળતા હતા. જે રકમમાંથી તેના નામે ગરીબોને અનાજ આપવામાં આવતું હતું, આ બાદશાહના મકબરે કે દરગાહે દિવસના ચારે પહોર નોબત વગાડવામાં આવે છે.*

*જેણે પોતાના શાસનનો મોટાભાગનો સમય ગુજરાતના હિન્દુ રાજ્યો તથા ગુજરાત બહારના પડોશી મુસ્લિમ સુલતાનનો સાથે લડવામાં જ ગાળ્યો હતો.*

*અહમદશાહનો વંશ અહમદશાહી વંશના નામથી ઓળખાયો હતો. ભલે ગુજરાતની મુસ્લિમ સલ્તનતનો સ્થાપક ઝફરખાન ઉર્ફે મુઝફ્ફરશાહ પહેલો હતો પણ સાચો સ્થાપક અહમદશાહ હતો. તે વિદ્વાનો અને મુસ્લિમ સંતોનો પૂજક હતો.*

*જેણે બે શહેરો, મસ્જીદો કિલ્લા મુસાફરખાના મદરેસા અને અમદાવાદ અને ખંભાતમાં બગીચા બનાવ્યા તેનું 12 ઓગસ્ટ 1442ના રોજ અવસાન થયું હિન્દના કોઈપણ મુસલમાન બાદશાહનું નામ અહમદશાહ જેટલું ચિરંજીવ નથી તેનો ઉર્ષ દર વર્ષે ઉજવાય છે.*

## 3.5 ચાવીરૂપ શબ્દો

(1) *તખ્ત - સિંહાસન*

(2) *પરગણાં – તાલુકો રાજ્યના વિસ્તારના ગામો*

(3) *ખંડણી – હારેલો રાજા જીતેલા રાજાને જે રકમ આપે તે*

(4) *તાજુલ મુલ્ક – એક જાતનો ખિતાબ*

(5) *કાઝી – ન્યાયાધીશ*

(6) *નોબત – નગારા વગાડવા*

(7) *ચારે પહોર – દિવસના ચાર સમયમાં એટલે કે દિવસના આઠ પહોર હોય તેમાં ચાર વાર*

## 3.6 તમારી પ્રગતિ ચકાસો -1ના જવાબો

(1) *મુહમ્મદશાહ પહેલો*

(2) *પૌત્રને*

(3) *કાલિયાદેહ*

**તમારી પ્રગતિ ચકાસો -2ના જવાબો**

(1) *હિમંતનગર*

(2) *સિકંદર મંજહુ*

(3) *ચાર*

## 3.7 સંદર્ભગ્રંથો

(1) *જોટે રત્નમણિરાવ 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ' (ઈસ્લામ યુગ ખંડ* 1) *અમદાવાદ, બીજી આવૃત્તિ ઈ.સ.* 1968

(2) *જોટે રત્નમણિરાવ 'ગુજરાતનું પાટનગર અમદાવાદ' અમદાવાદ,પ્રથમ આવૃત્તિ ઈ.સ.* 1929

(3) ઝવેરી કૃષ્ણલાલ (ભાષાંતર કર્તા) ' મિરાતે અહમદી',અમદાવાદ ખંડ 1-2-3 પ્રથમ આવૃત્તિ ઈ.સ.1933-34-35

(4) નાયક છોટુભાઈ 'ગુજરાતમાની ઈસ્લામી સલ્તનતનો ઈતિહાસ'અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ઈ.સ.1982

(5) પરીખ રસિકલાલ અને હરિપ્રસાદ શાસ્ત્રી (સંપાદકો) 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ' ભાગ-5, અમદાવાદ,પ્રથમ આવૃત્તિ ઈ.સ.1977

(6) દીવાન આત્મારામ (ભાષાંતર કર્તા) 'મિરાતે સિકંદરી'અમદાવાદ,પ્રથમ આવૃત્તિ ઈ.સ.1914

x

| એકમ-4 | સુલતાન મહમૂદ બેગડો અને તેનું શાસન તથા સિદ્ધિઓ (ઈ.સ.1458 થી 1511) |
|---|---|

**રૂપરેખાઃ**


**4.0 હેતુઓ**
**4.1 વિજયો અથવા લશ્કરી સિધ્ધિઓ**
**4.1.1 દક્ષિણ નિઝામશાહ સાથેના સંબંધો**
**4.1.2 રાહ્નમાંડલીક ત્રીજા જૂનાગઢનો પરાજય**
**4.1.3 કચ્છ અને સિંધ પર ચડાઈ ઈ.સ.1472**
**4.1.4 દ્વારકા પર વિજય ઈ.સ.1473**
**4.1.5 ચાંપાનેર અને પાવાગઢનો વિજય**
**4.1.6 ઝાલાવાડ પર ચડાઈ**
**4.1.7 અન્ય વિજયો અને સંબંધો**
**4.1.8 નૌકા યુધ્ધમાં વિજય**
**4.1.9 ખાનદેશ સાથેના સંબંધો**
**4.2 વહિવટી સિધ્ધીઓ કે સુધારા**
**4.2.1 રાજ્યને મજબૂત બનાવવાના પગલાં**
**4.2.2 વેપાર વાણિજ્યને સલામતી**
**4.2.3 લશ્કરી સુધારા**
**4.2.4 ન્યાય ક્ષેત્રમાં સુધારા**
**4.2.5 પ્રજા કલ્યાણના કાર્યો**
**4.2.6 નાણાંતંત્રમાં સુધારા**
**4.3 સારાંશ**
**4.4 સંદર્ભગ્રંથો**


## 4.0 હેતુઓ

(1) *સલ્તનત કાલીન શાસકના રાજ્યથી પરિચય કેળવાય.*

(2) *એક દીઘર્દ્રષ્ટિપૂર્ણ શાસક પોતાના રાજ્ય માટે કેવા પગલા ભરે છે એ જાણવું.*

(3) *શાસકને વિજયો બેવડો ફાયદો અપાવે છે તે સમજવું.*

(4) *સમજુ ઉદાર શાસક સુધારા વડે પણ બેવડો ફાયદો મેળવે છે એ સમજવું.*

## 4.1 વિજયો અથવા લશ્કરી સિધ્ધિઓ

*ગુજરાતની ગાદી ઉપર જે સુલતાન થયા છે, જેમાં સૌથી વધુ રાજ્ય વિસ્તાર કરનારા બે ત્રણ શાસકો હતા, તેમાં મહમદ બેગડાનું નામ મોખરે રહ્યું છે. જેનું મૂળ નામ ફતેહખાન હતું જે સુલતાન કુતુબુદી નનો નાનો ભાઈ અને મુહમ્મદશાહનો પુત્ર હતો, તેનો મોટોભાઈ જલાલખાન જ્યારે સુલતાન કુતુબુદીન એહમદશાહ નામ ધારણ કરી ગુજરાતની ગાદીએ બેઠો, ત્યારે તેણે ફતેહખાનને મારી નાંખવા અનેક પ્રયત્નો કરેલા.આ સમયે ફતેહખાન તેની માતા બીબી મુગલી સાથે હજરત શાહઆલમ સાહેબની ખાનકાહમાં રહેતો હતો, જે ઉપકારને બેગડો જીવનભર ભૂલ્યો નહોતો. પછીથી નસીરુદ્દીન મહમૂદશાહ નામ ધારણ કરી સુલતાન દાઉદખાનના અવસાન પછી તે 13-14 વર્ષની ઉંમરે તા.25-5-1458ના રોજ ગુજરાતની ગાદી આવ્યો હતો અને અબુલફતહ મહમૂદશાહ ખિતાબ ધારણ કર્યો. જેને બેગડાનું બિરુદ મળવા પાછળ બે મતો જાણવા મળે છે. એક દંતકથા મુજબ તેણે ચાંપાનેર અને જૂનાગઢ જેવા મહત્ત્વના ગઢ જીત્યા હોવાથી બેગઢો કહેવાયો અને એ શબ્દનું અપભ્રંશ બેગડો થયું. ગુજરાતી ભાષામાં બેગડાનો અર્થ વાંકડી મૂછો એવો પણ થાય છે. બીજી દંતકથા મુજબ તેની મૂછોનો આકાર બળદના શિંગડા જેવો હતો અને ગુજરાતમાં વાંકડીયા શિંગડાવાળા બેગડો કહે છે માટે તેની મૂછોના આકાર ઉપરથી બેગડો કહેવાયો. મહમૂદ બેગડો પોતાના અસંખ્ય વિજયો અને શાસનવ્યવસ્થા અને સ્થાપત્યના સર્જન માટે વિશિષ્ટ ઓળખ ઊભી કરી શક્યો હતો. મહમૂદ બેગડાનું બે વિભાગમાં મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.*

*(એ) વિજયો અથવા લશ્કરી સિદ્ધિઓ*

*(બી) વહીવટી સિદ્ધિઓ અથવા સુધારા*

*મહમૂદ બેગડાએ સત્તા હાથ કરીને તરત જ સલ્તનતના પાયા મજબૂત કરવા અને સામ્રાજ્યને વધારવા માટે દૂરંદેશી નીતિ વાપરી બળવાખોરોને નમાવ્યા અને અન્ય રાજ્યોને જીતવા માટે પ્રયત્નો કરીને 10 જેટલા રાજાઓ સાથે સંબંધો બાંધ્યા, વિજયો મેળવ્યા અને સામ્રાજ્યનો વિસ્તાર કરી સલ્તનતને વધુ મજબૂત અને દઢ બનાવી હતી.*

### 4.1.1 દક્ષિણ નિઝામશાહ સાથેના સંબંધો

*મુત્સદી શાસકો અન્ય શાસકો સાથે સારા સંબંધો કેળવે છે કારણ કે આ પ્રકારના સંબંધો તેમને શાસનના વિકાસ માટે ઉપયોગી નીવડતા હોય છે.દક્ષિણનો સુલતાન નિઝામશાહ બહુ મોટું નામ અને કીર્તિ ધરાવનાર શાસક હતો જેના ઉપર ઈ.સ.1462માં માળવાનો સુલતાન ચઢી આવ્યો ત્યારે તેણે મહમૂદ બેગડાની મદદ માંગી ત્યારે સુસજીતને વિશાળ લશ્કર ધરાવનાર મહમૂદ બેગડાએ નિઝામ શાહની મદદ કરવા લશ્કરી કૂચ કરીને*

નંદરબાર પહોંચ્યો. ત્યાં તો માળવાનો સુલતાન પાછો ફરી જતા બેગડો પણ પરત ફર્યો પણ એ પાછા ફરતા સંજાણના કિલ્લાનો કબ્જો કરી લીધો. માળવાનો સુલતાન હોશિયાર હતો, તેણે મહમૂદ બેગડાને પાછો ફરતા ફરી પાછો નિઝામશાહ ઉપર આક્રમણ કર્યું. ત્યારે પણ બેગડો વળી ફરી નિઝામશાહને મદદે ગયો અને જ્યાં નંદરબાર પહોંચ્યો ત્યાંથી તેણે પત્ર લખ્યો કે એક મુસ્લિમ બાદશાહે બીજા મુસ્લિમ બાદશાહના પ્રદેશ પર આક્રમણ કરવું ન જોઈએ. આથી માળવાનો સુલતાન વળી પાછો ફરી ગયો અને આ રીતે નિઝામશાહને બેગડાએ બે વાર મદદ કરી.

### 4.1.2 રા' માંડલીક ત્રીજા જૂનાગઢનો પરાજય

જૂનાગઢ એ પ્રાચીન શહેર હતું જેણે સદીઓ સુધી પાટનગરનો દરજ્જો ભોગવ્યો હતો. તથા જૂનાગઢ પર મોર્ય, ક્ષત્રપ, મૈત્રક, અને ચૂડાસમાઓએ શાસન ભોગવ્યું હતું તથા જૂનાગઢની એક અનોખા પ્રકારની પ્રાચીન શહેર તરીકેની અનોખી છાપ હતી.

આથી એવું રાજ્ય સલ્તનત હેઠળ આવી જાય તો તેની પ્રતિષ્ઠામાં પણ વધારો થાય આથી મહમૂદ બેગડો જૂનાગઢ રાજ્યને હસ્તગત કરવાના બહાના શોધતો હતો, એ સમયે તેને માટેનું બહાનું પ્રાપ્ત થઈ ગયું.

માંગરોળમાં હઝરત મખ્દુમ જહાંનિયાના શિષ્ય સૈયદ રૂકનુદિન ઉર્ફે સૈયદ રાજુ હતા. જેણે અમદાવાદ શાહઆલમ સાહેબ પર એક પત્ર લખીને ફરિયાદ કરી કે ગિરનારનો ચુડાસમા રાજા ઈસ્લામના પ્રચારમાં આડે આવે છે. આથી આ બહાનું પ્રાપ્ત થતાં તરત જ મહમૂદ બેગડાએ જૂનાગઢ ઉપર ચડાઈ કરી.

મહમૂદ બેગડાએ જૂનાગઢ ઉપરકોટ કુલ ત્રણ વખત ચડાઈ કરી (1) ઈ.સ. 1467 (2) ઈ.સ 1468 (3) ઈ.સ 1469

મહમૂદ બેગડાની ત્રણેય ચડાઈ વખતે જૂનાગઢનો રાજવી રા' માંડલીક ત્રીજો હતો, જે ઇતિહાસમાં રા' ગંગાજળિયા તરીકે પ્રસિદ્ધ છે. મહમૂદ બેગડાની પ્રથમ બે ચડાઈઓ વખતે રા' માંડલીક ત્રીજાએ ભેટ સોગાદો આપી સંધિ કરી લીધી હતી. જ્યારે ત્રીજી વખતની ઈ.સ.1469ની ચડાઈ વખતે મહમૂદ બેગડાએ ધાર્મિક બહાનું કાઢી આખરી ચડાઇ કરી અને રા' માંડલીક ત્રીજાને હરાવ્યો અને મહમૂદ બેગડાએ તેના પુત્ર ખલીલખાનને ત્યાં નીમ્યો અને તેના નામ ઉપરથી ગામનું નામ ખલીલપુર વસાવ્યું. આ ઉપરાંત બેગડાએ જૂનાગઢનું નામ બદલીને મુસ્તફાબાદ કરી નાખ્યું પણ તેમ છતાં એ નામ લોકજીભે ચડ્યું નહી અને મહમૂદ બેગડાએ જૂનાગઢ શહેરના કિલ્લાનું સમારકામ કરાવ્યું. જૂનાગઢમાં મોટા કાઝી અને સૈયદોને વસાવ્યા અને સુલતાને પોતે પણ જૂનાગઢમાં અમુક સમય રહેવાનું પસંદ કરી ત્યાં ટંકશાળ કરી મુસ્તફાબાદના સિક્કા પડાવ્યા. પછી તો આસપાસના હિંદુ રાજાઓએ આવીને સુલતાનની તાબેદારી સ્વીકારી તથા તકાદા વગર જ

*ખંડણી આપવા લાગ્યા. પછીથી જૂનાગઢમાં ગુજરાતના બાદશાહનો સુબો રહેવા લાગ્યો. જૂનાગઢમાં બેગડાએ ઉપરકોટમાં એક દેવાલય પાડી ત્યાં મસ્જીદ કરી .*

*રા' માંડલીક ત્રીજાને મુસ્લિમ લશ્કર પકડીને અમદાવાદ લઈ ગયું. 4 ડિસેમ્બર 1470ના રોજ જૂનાગઢ ઉપર મુસ્લિમ શાસન સ્થપાયું અને રા' માંડલીક ત્રીજા વિશે એમ કહેવાય છે કે અમદાવાદમાં જ આખરી શ્વાસ લીધા તેની કબર પણ રતનપોળમાં અમદાવાદમાં બતાવવામાં આવે છે. જ્યારે બીજા મત મુજબ રા' માંડલીક ત્રીજાએ બગસરામાં સાતલીને નદીમાં આઈ નાગબાઈના રથને પૈડે માથું પછાડી જીવ આપી દીધો અને આજે પણ બગસરામાં સાતલી નદીમાં રા' માંડલીક ત્રીજાનો પાળિયો મોજુદ ઊભો છે.*

### 4.1.3 કચ્છ અને સિંધ પર ચડાઈ ઈ.સ.1472

*મહમૂદ બેગડાનો એક જ હેતુ હતો કે પોતાના સામ્રાજ્યને વધારવા માટેના એ બહાના શોધતો હતો, એવા સમયે તેણે જૂનાગઢનું મોટું સામ્રાજ્ય જીતી લીધું હતું ત્યારે મહમૂદ બેગડાને સમાચાર મળ્યા કે કચ્છમાં સોઢા અને અન્ય લોકો મુસ્લિમો ઉપર જુલમ કરે છે. આથી તે તરત જ ઈ.સ.1472માં કચ્છ પહોંચ્યો અને સોઢાઓને હરાવ્યા. આ જ સમયે સિંધના સુલતાન જામ નિઝામુદ્દીન સુલતાનના માતામહ સામે સિંધમાં બલુચીઓએ બળવો કર્યો ત્યારે ત્યાં લશ્કર મોકલી તેને સમાવ્યો.*

### 4.1.4 દ્વારકા પર વિજય ઈ.સ.1473

*મહમૂદ બેગડાએ ઘણા બધા પ્રદેશો ઉપર ચડાઈ કરવા માટેના કારણો શોધ્યા હતા. દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણનું અનાદીકાળનું પ્રાચીન મંદિર હતું અને તેનો મહિમા અનેરો હતો. મૌલાના મહંમદ નામના એક સંત સમરકંદ જતા હતા. ત્યારે તેમને દ્વારકા પાસે ચાંચિયાઓએ તેમની સ્ત્રીઓ અને ધનદોલત સહિત લૂંટી લીધા હતા અને તેમને તથા તેમના બે પુત્રોને છોડી દીધા.*

*આથી અસંતોષી થઈને આ મહમદ સમરકંદી એ મહમૂદ બેગડા પાસે ફરિયાદ લઈને આવ્યા. મહમૂદ બેગડાને જોઈતું હતું અને આ બહાનું મળ્યું કે દ્વારકામાં ચાંચિયાઓને નિર્મૂળ કરી નાખવા. આથી તરત જ 14-5-1473ના રોજ બેગડાએ દ્વારકા પર ભીમ રાજા પર ચડાઈ કરી. સુલતાને બેટ સામે આવેલા આરંભડા ગામ પાસે પોતાની છાવણી રાખી અને તેને ત્યાં ચાર મહિના રહેવું પડ્યું પછી દીવથી મોટી સંખ્યામાં નૌકાદળ અને વહાણો મંગાવી બેટને ઘેરો ઘાલ્યો અને ભીમને ટકવાની આશા ન લાગતા તે શંખોદ્વારના કિલ્લામાં ભરાઈ ગયો પણ આખરે તેને પકડી કેદ કર્યો, ઓખામંડળ અને દ્વારકાના વહીવટ માટે મલિક તુઘાનને 'ફરહત ઉલ્મુલ્ક' નો ઈલ્કાબ આપી ત્યાનો થાણદાર*

નીમ્યો. દ્વારકાની લડાઈ વખતે બેગડાના લશ્કરને હિંસક પ્રાણીઓએ અને સાપોએ બહુ હેરાન કર્યું હતું. બેગડાએ દ્વારકા જીતી લીધું અને દ્વારકાના મંદિરનો ગુંબજ ગિરાવ્યો. દ્વારકાનું નામ બદલી મુસ્તફાનગર રાખ્યું જોકે એ લોક જીભે ચડ્યું જ નહિ. જો કે પછીથી ભીમે મોટી ફોજ લઈ આવીને દ્વારકા પાછુ જીતી લીધું હતું. એક ઉલ્લેખ મુજબ બેગડાએ રાજા ભીમના શરીરના ટુકડા કરી દરવાજે લટકાવ્યા હતા એ આ આધારે ખોટું ઠરે છે.

### 4.1.5 ચાંપાનેર અને પાવાગઢનો વિજય

ચાંપાનેરના રાજવીઓ પતાઈ નામે ઓળખાતા હતા અને ત્યાંના શાસકનું નામ હતું. જયસિંહ પતાઈ કે આ ચૌહાણ શાસકોને પૃથ્વીરાજ પરથી પથાઈને એમાંથી બદલાતા પતાઈના નામે ઓળખાતા થયા હતા. મહમૂદ બેગડા પાસે એવી ફરિયાદ આવી હતી કે ગુજરાતમાં લુંટફાટ કરતાં ચાંચિયાઓ અને લુંટારાઓને પતાઈ રાવળ જયસિંહ મદદ કરે છે આથી મહમૂદ બેગડાએ આ કારણસર ચાંપાનેર-પાવાગઢ ઉપર ઈ.સ.1484માં ચડાઈ કરી અને જીતી લીધું. તથા ચાંપાનેરમાં મહમૂદ બેગડાએ જુમ્મા મસ્જિદ બંધાવી પાવાગઢના કિલ્લાને તોડવા માટે ગુજરાતના નૌકા સેનાપતિ મલીક અયાઝ દીવથી તોપ લાવ્યો હતો. આથી ભારતમાં બાબરની પહેલા પણ તોપનો સૌપ્રથમ ઉપયોગ કરનારએ મલીક અયાઝ અને મહમૂદ બેગડાને ગણાવી શકાય.

આ લડાઈમાં બરાબરનો જંગ જામ્યો હતો રાજપૂતોએ કેસરિયા કર્યા અને રાણીઓએ જૌહર કર્યું. પતાઈ રાજા જયસિંહ યુદ્ધને અંતે પકડાઈ ગયો અને તેણે સ્વધર્મ ત્યાગ કરવાની ના પાડતાં તેને મારી નાખવામાં આવ્યો. મહમૂદ બેગડાએ આ વિજય પછી ચાંપાનેરનું નામ બદલીને મહમદાબાદ રાખ્યું તથા એક કિલ્લો બાંધ્યો જેનું નામ 'જહાંપનાહ' રાખ્યું હતું. ચાંપાનેરની ટંકશાળનું નામ 'શહેરે મુકર્મ' અને ત્યાં પાડેલા સિક્કામાં આ નામ મહમદાબાદ છાપ્યું.આ પછી ચાંપાનેર અર્ધી સદી સુધી સુલતાન બહાદુરશાહના સમય સુધી ગુજરાતનું પાટનગર રહ્યું. પતાઈ રાવળ જયસિંહના મરણ પછી એના બે પુત્રો જીવતા રહ્યા મોહન નામના સ્થળે છોટાઉદેપુરનું રાજ્ય સ્થાપ્યું આથી ક્યારેક છોટાઉદેપુરને મોહન નામે પણ ઓળખવામાં આવે છે અને બીજા પુત્ર ડુંગરજીએ દેવગઢબારિયાનું રાજ્ય સ્થાપ્યું હતું.

### 4.1.6 ઝાલાવાડ પર ચડાઈ

જયારે મહમૂદ બેગડાનો શાહજાદો જૂનાગઢ હતો ત્યારે કુવાના (કંકાવટી) ઝાલા શાસકે આ મુસલમાન સતાનો વિરોધ કર્યો અને બળવો કર્યો, ત્યારે મહમૂદ બેગડાએ ત્યાં મોટું લશ્કર લઈ કુવા એટલે કે ઝાલાવાડ વિસ્તાર પર ચડી કરી,ત્યાના રાજા વાઘોજી સુલતાનના લશ્કર સામે સૈયદપુર પાસે ખૂબ બહાદુરીથી લડ્યા જેમાંમુસલમાની ફૌજને

*જબરી હાની પહોંચી પણ આખરે વાઘોજી મરાયા અને સુલતાનના લશ્કરે કુવાને ખેદાન મેદાન કર્યું,ત્યારથી કાઠિયાવાડમાં 'કુવાનો કેર' નામની કહેવત પ્રચલિત બની હતી. આ પછી ઝાલાઓની રાજધાની રાજોધરજીના સમયમાં કુવાથી હળવદ ફેરવવામાં આવી.*

### 4.1.7 અન્ય વિજયો અને સંબંધો

*મહમૂદ બેગડો યેનકેન પ્રકારેણ પોતાના સામ્રાજ્યનો વિસ્તાર વધારવા જ માંગતો હતો. આથી તેણે અન્ય રાજ્યો સાથે પણ શામ દામ પૂર્ણ સંબંધો રાખ્યા હતા.ઝાલાવાડ, ઝાલોર, સોનગીર, રાણપુરના શાસકો સાથે સંબંધો બાંધ્યાંને તેઓને મદદ કરી જાલોરના શાસકોએ પાલનપુર રાજ્યની સ્થાપના કરી જેમને મહંમૂદ બેગડાએ 'ઝુબદતુલમુલ્ક' નામનો ઈલ્કાબ આપ્યો હતો.*

### 4.1.8 નૌકા યુદ્ધમાં વિજય

*ગુજરાત પરાપૂર્વ કાળથી વેપારના ક્ષેત્રમાં સમૃદ્ધ રહ્યું હતું. આથી જ દ્રષ્ટિવાળા શાસકોએ દરિયાઈ વ્યાપારને સમૃદ્ધ અને સલામત બનાવવા માટે નૌકાદળ વિકસાવ્યું હતું. જેમાં ઘોઘા - પીરમબેટના મોખડાજી ગોહિલનું નામ શિરમોર હતું. આ પછી મહમૂદ બેગડાએ નૌકાદળ વિકસાવ્યું છે તેનું વડુ મથક દીવમાં રાખવામાં આવ્યું હતું. જેના મુખ્ય અધિકારીનું નામ મલિક અયાઝ હતું જેણે પોર્ટુગીઝોને પણ હરાવ્યા હતા. મલિક અયાઝ એ મહમદ બેગડાના નૌકાસૈન્યનો ગુજરાતનો નૌકા સેનાપતિ હતો. તે જન્મથી રશિયન હતો અને તુર્ક લોકોને હાથે કેદ પકડાયો હતો તેથી તેને ઈસ્તંબુલ લઈ ગયા હતા અને દમાસ્કના બસરા તથા પૂર્વના દેશો સાથે વેપાર કરનાર સોદાગરને વેચી દેવામાં આવ્યો હતો, એ વેપારી ગુજરાતમાં વેપાર અર્થે આવ્યો ત્યારે અયાઝની હોશિયારી જોઈ એક મહા મૂલ્યવાન રત્ન તરીકે એને સુલતાન મહમદ બેગડાને આપી દીધો હતો. મલિક અયાઝે સુલતાનની સાથે કેટલીક લડાઈઓમાં ભાગ લીધો હતો.મલિક અયાઝની બહાદુરી જોઈ બેગડાએ તેને દીવ બંદરનો સૂબો બનાવ્યો હતો ત્યાં તેણે કિલ્લો બાંધ્યો અને વહીવટ કુશળતાથી ચલાવ્યો તેનો વેપાર પણ ઘણો વધ્યો. અરબી સમુદ્રમાં એ સમયે ફિરંગીઓનો ત્રાસ વધતો જતો હતો તેના ઉપર કંટ્રોલ કરનાર વ્યક્તિ હતો. તે ગુજરાતના નૌકાસૈન્યનો મીરે બહાર નૌકા સેનાપતિ હતો એના સમયમાં ફિરંગીઓ પરવાના વગર ગુજરાતને બંદરે આવી શકતા નહી. ફિરંગી મુસાફર બારબોસા લખે છે કે "મલિક અયાઝ ન્યાયી, વિદ્યાવાળો,મહેનતુ અને દ્રઢ રાજપુરુષ હતો એણે વ્યવસ્થિત તોપખાનું ગોઠવ્યું હતું અને મહેમાનગીરીમાં ઉતમ હતો." મહમૂદ બેગડાનો બીજો નૌકાઅધિકારી છત્રસાલ હતો તેણે અને મલિક અયાઝે મળીને ચેવલ બંદર પાસે બહાદુર ગિલાનીને હરાવ્યો હતો.*

#### 4.1.9 ખાનદેશ સાથેના સંબંધો

*ખાનદેશની સરહદ ગુજરાતને અડીને આવેલી હતી ત્યાંના શાસકો ગુજરાતને ખંડણી ભરતા હતા. પરંતુ ઈ.સ.1508માં ખાનદેશના મૂળ વારસો વચ્ચે ઝઘડો થયો ત્યારે સુલતાન મહમૂદ બેગડાએ પોતાના દોહિત્ર આદીલખાનનો પક્ષ લીધો એટલું જ નહી બેગડાએ તેના પુત્ર ખલીલખાનની પુત્રી પણ આદિલખાન સાથે પરણાવીને સંબંધો મજબૂત બનાવ્યા હતા.*

**તમારી પ્રગતિ ચકાસો -1**

(1) *મહમૂદ બેગડાના પ્રારંભિક જીવન અને બેગડાના ઉપનામ વિશે ચર્ચા કરો.*

____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________

(2) *મહમૂદ બેગડાની જૂનાગઢ અને દ્વારકાની ચડાઈ પરના કારણોની ચર્ચા કરો.*

____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________

(3) *મહમૂદ બેગડાના નૌકાદળ વિશે નોંધ લખો.*

____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________
____________________________________________________________

### 4.2 વહીવટી સિદ્ધિઓ કે સુધારા

*જે શાસક પોતાના શાસનને મજબૂત અને દીર્ઘાયુ અને પ્રજા ઉપયોગી બનાવવા ઈચ્છતા હોય છે. તે શાસન તંત્રમાં કેટલાક એવા સુધારાઓ કરે છે કે જેના દ્વારા લોકોને તો ફાયદો થાય પણ સાથે-સાથે શાસનતંત્રનો પાયો મજબૂત અને સુદૃઢ બને છે. આથી કેટલાક દૂરંદેશી શાસકોએ પોતાના શાસનતંત્રમાં બંને રીતના ફાયદાકારક સુધારાઓ કરી ઈતિહાસને પાને અમર બન્યા છે.*

#### 4.2.1 રાજ્યને મજબુત બનાવવાના પગલા

*મહમૂદ બેગડાએ અડધી સદીથી વધારે સમય શાસન ભોગવ્યુ જેમાં તેણે પાડોશી રાજ્યોને શાંત પાડી દબાવી કે જીતી લઈને પ્રજાને શાંતિ અને સલામતી બક્ષવા અનેક*

*લડાઈઓ કરીને પોતાના નૌકાદળને નંબર વન બનાવી દરિયાઈ વ્યાપારને પણ સલામતી આપી એજ રીતે પોતાના દુશ્મનો એવા ફિરંગી અને પોર્ટુગીઝોનેપણ ખદેડયા. તેના દરબારમાં જોનપુર, દિલ્હી, બંગાળ અને કાશ્મીર તથા ઈરાન, રોમ, મિસર અને યુરોપથી એલચીઓ ભેટ સોગાદ સાથે આવતા હતા. અમદાવાદની દુનિયાનું ઉત્તમને ખરીદી માટેનું શહેર બનાવ્યું એટલે અબુલ ફઝલે લખ્યું હતું કે “અમદાવાદમાં જગતમાં મળતી બધી જ વસ્તુઓ મળતી હતી” જો કે આ શબ્દોમાં અતિશયોક્તિ જરૂર હશે. મહમૂદ બેગડાએ વફાદાર અમીરોને ઊંચા હોદા અને જાગીરો આપી રાજ્યના સ્થંભરૂપ બનાવ્યા.*

### 4.2.2 વેપાર વાણિજ્યને સલામતી

*મહમૂદ બેગડાનું શાસન કડક હતું લોકોને સૈનિકો કે અધિકારીઓ હેરાન પરેશાન ન કરે એ બાબતનું ધ્યાન આપતો હતો. ચાંચિયાઓ અને લુંટારાઓ અને પૂર્ણપણે દાબી દેવામાં આવ્યા હતા. તેથી વેપારનો વિકાસ થયો હતો રસ્તાઓ સલામત હતા અને રસ્તાના કાંઠે પ્રવાસીઓ માટે સરાઈઓ (ધર્મશાળાઓ) બંધાવી હતી.*

### 4.2.3 લશ્કરી સુધારા

*લશ્કરની સ્થિતિ સુધારતા રાજ્યને બેવડો ફાયદો થતો હોય છે. ખાસ કરીને મધ્યકાળમાં જે શાસકોએ લશ્કર બાબતે ખાસ ધ્યાન આપ્યું તેના શાસનમાં વધારો થયો છે. આ રીતે મહમૂદ બેગડાએ સૈનિકોની સ્થિતિ સુધારવા માટે ધ્યાન આપ્યું અને લશ્કરી બેંકની સ્થાપના કરી જે બેંક સૈનિકોને વિના વ્યાજે લોન આપતી હતી. મહમૂદ બેગડો કહેતો કે જો મુસલમાન વ્યાજે પૈસા લે તો તેમનાથી યુધ્ધમાં લડી કેમ શકાય.જેણે સૈનિકોને વ્યાજે પૈસા લેવાની મનાઈ કરી હતી.આથી ત્યારે વ્યાજખોરો સંકટમાં આવી ગયા હતા અને લોકોતેને કૂતરાં જેવા ગણવા લાગ્યા હતા. જે સૈનિક યુદ્ધમાં મૃત્યુ પામે તેને તરત જ પિતાની નોકરીને મિલકત જાગીર આપવામાં આવતી હતી. જો સૈનિકને પુત્ર ન હોય તો તેની અડધી જાગીરનો લાભ સૈનિકના નજીકના સગાને આપવામાં આવતો હતો. મહમૂદ બેગડો જે સૈનિક લડાઈમાં મૃત્યુ પામે તેના સગા સ્નેહીઓને ખુદ આશ્વાસન આપવા જતો હતો ત્યારે તેનું હદય શોકથી ભરાય જતું હતું. તેનો કોઈ સિપાઈ કે અમીર લડાઈમાં મરી જાય તો એની જાગીર કે મિલકત એને દીકરો હોય તો તરત આપતો અને દીકરો ન હોય તો દીકરીને અડધી મિલકત મળતી અને દીકરી પણ ન હોય તો નજીકના સગાને ભરણપોષણ આપતો હતો. આથી સૈનિકને પોતાના કુટુંબની બાળબચ્ચાંની ચિંતા રહેતી નહિ. આથી તેના સમયમાં ગુજરાતનું લશ્કર ખૂબ બળવાન બન્યું હતું.*

#### 4.2.4 ન્યાય ક્ષેત્રમાં સુધારા

*જે શાસનતંત્રમાં ઉત્તમ ન્યાયતંત્ર હોય તેના રાજ્યમાં આપોઆપ અન્ય વ્યવસ્થાઓ સારી રીતે ચાલતી હોય છેઅને લોકોમાં વિશ્વાસ ઉભો થતાં કે દરેક કાર્ય શાસક માટે દિલ દઈને સલામતીથી કરે છે.મહમૂદ બેગડાના ન્યાયતંત્રની અનેક તવારીખકારોએ ભરપૂર પ્રશંસા કરી છે. તે ન્યાય બાબતમાં નિષ્પક્ષપાતી અને કડક હતો. આ ક્ષેત્રમાં જરાપણ લાગવગ ચલાવાતી નહી. તેથી ગુનાઓનું પ્રમાણ નગણ્ય હતું. 'મિરાતે સિકંદરી'માં નોંધાયું છે કે બહાઉદીન નામના એક લશ્કરી અફસરે પોતાના ગુના માટે બે નિર્દોષ વ્યક્તિઓને ગુનો કબૂલ કર્યો હતો અને તેમને ફાંસીની સજા થઈ પરંતુ એમના એ કૌભાંડનો ભાંડો ફૂટી જતાં મહમૂદ બેગડાએ પછીથી તેને ફાંસીએ ચડાવ્યો હતો. એમ કહેવાય છે કે આ ઘટના પછી બેગડાના સમયમાં બીજા કોઈ ખૂન થયા નહોતા. પોતાના નિષ્પક્ષ ન્યાય માટે મહમૂદ બેગડાને ન્યાય બાબતના અનેક વિશેષણો પ્રાપ્ત થયા હતા.સુલતાનના સમયના હિંદુ દસ્તાવેજોમાં તેને* अन्यअन्याय वृक्षोन्मूलनमतद्वीप*,* अन्यायान्धकार मार्तंड*,*न्यायेक निजमंदिर *કહેવામાં આવ્યો છે.*

#### 4.2.5 પ્રજા કલ્યાણના કાર્યો

*મહમૂદ બેગડાએ માનવ જીવનને સ્પર્શતા તમામ ક્ષેત્ર પર ધ્યાન આપ્યું હતું. આથી તેણે પ્રજાની સુવિધા માટે અનેક પગલાં ભર્યા જેમાં અનેક બગીચાઓ બનાવ્યા તથા વૃક્ષારોપણ અનેરૂ મહત્ત્વ આપ્યું હતું. જે કોઈ વૃક્ષ વાવે તેને અનેક પ્રકારની મદદ કરાતી અને વૃક્ષને પાવા માટે પાણી દૂર હોય તો ત્યાં નજીકમાં કૂવો ખોદાવી અપાતો હતો જે સારા પ્રમાણમાં વૃક્ષો વાવે તેમને રાજ્ય સન્માનિત કરતું હતું. તેણે અણહીલવાડ પાટણથી વડોદરા સુધીના રસ્તાની બંને બાજુ આંબા અને રાયણના વૃક્ષો રોપાવ્યાં હતા.*

*મહમૂદ બેગડાએ અમદાવાદમાં વસ્ત્રાલ ગામ પાસે 'બાગે ફિરદોશ' એટલે સ્વર્ગબાગ અને 'બાગે શાબાન' નામના બેબાગ બંધાવ્યા. જૂનાગઢમાં ચાંપાનેરમાં બગીચા બનાવ્યા. એ જ્યારે ફરવા નીકળે ત્યારે કોઈ ગરીબની ઝુંપડી પાસે કોઈ ઝાડ ઉછેરતું દેખાય તો તરત જ ઘોડો ઉભો રાખી પૂછતો કે કે પાણી ક્યાંથી લાવીને પાવ છો,એ માણસ એમ કહે કે દૂરથી લાવી પાઉં છું, તો પાસે કુવો ખોદાવી આપતો હતો. ચાંપાનેરનો બગીચો 'બાગે હાલુલ' નામે ઓળખાતો હતો. બેગડાએ રસ્તાની બંને બાજુ ઘટાદાર વૃક્ષો વાવ્યા હતા.ઈ.સ.1496માં અમદાવાદની ફરતો કોટ બંધાવ્યો અને નગરો વસાવ્યા. વાત્રક નદીનું પાણી એને ઉતમ લાગવાથી અને બીજું કારણ ત્યાં ચોર ડાકુનો ત્રાસ હતો એ દૂર કરવા મહેમદાબાદ, અહમદાબાદ વસાવ્યા. અમદાવાદના અમુક વિસ્તારોને તેના*

મિત્રો વફાદાર મિત્રો અમીરોના નામ આપ્યા જેમકે જમાલપુર, કાલુપુર, સારંગપુર, દરીયાપુર,ઈસનપુર વગેરે.

### 4.2.6 નાણાતંત્રમાં સુધારા

મહમૂદ બેગડાએ જે સિક્કા પ્રસિદ્ધ કર્યા તે લોકોમાં 'મહેમૂદી સિક્કા'ને નામે ઓળખાયા. બાકી એ પહેલા સિક્કા ટકા કે દ્રમ તરીકે જાણીતા હતા. તેણે અમદાવાદ જૂનાગઢ અને ચાંપાનેરમાં ટંકશાળ સ્થાપી હતી. પ્રોફેસર કોમીસેરિયટ લખે છે કે સિક્કાઓને શાસકનું નામ મળ્યું હોય એવો મહમૂદ બેગડા પછી યુરોપમાંમાત્ર નેપોલિયન જ છે.જો કે ગુજરાતના હિંદુ સમયમાં રાજા વિશળદેવના સિક્કા એવા વ્યવહારમાં લોકપ્રિય થયા હતા કે તે દસ્તાવેજોમાં 'વિશ્વમલ્લપ્રિય દ્રમ' અને 'વિશલપ્રિય દ્રમ' એવા નામે ઓળખાતા હતા.

### 4.2.7 બેનમૂન સ્થાપત્યોનું સર્જન.

ભારત અને ગુજરાતના ઘણા બધા બાદશાહો અને સુલતાનોએ જે તે સમયમાં એવા બેનમૂનસ્થાપત્યોનું સર્જન કર્યું છે કે જેમાં આજે પણ ઘણા આપણે તરીકે સાચવી રાખ્યા છે.મહેમૂદ બેગડાએ પોતાના દીર્ઘ શાસનકાળ દરમિયાન અનેક સ્થાપત્યોનું સર્જન કર્યું જેમાં ઝુલતા મિનારા દુનિયાનું શ્રેષ્ઠ સર્જન ગણાવીશકાય. મહમૂદ બેગડાનો એક અમીર મલિક બહાઉદીન વજીર હતો તેની પત્નીનું નામ બીબી અચુત કુકી હતું તેના નામની આ બીબી અચુત કુકીની મસ્જિદ અમદાવાદમાં દૂધેશ્વરમાં બંધાઈ હતી અને અમદાવાદમાંથી કાંટાના રસ્તા પર મુહાફિઝખાનની મસ્જિદ અને સીદી બસીરની મસ્જિદના મિનારા ઝુલતા છે એ એના સમયમાં બંધાયા છે અને ભારતભરમાં પ્રચલિત બન્યા છે. અમદાવાદમાં મિરજાપુરમાં રાણી રૂપવતીનીમસ્જીદ બંધાઈ જેમાં હિંદુ મુસ્લિમ સ્થાપત્યનું સંમિશ્રણ થયેલું છે. આ રૂપવતી કે રૂપમંજરી એ મહમૂદ બેગડાની બેગમ હતી.

મહમૂદ બેગડાએ હજરત શેખ એહમદ ખટું ગંજબક્ષ સાહેબની દરગાહ પાસે સરખેજમાં પોતાની છેલ્લી આરામગાહ સમાન પોતાનો મકબરો પોતાની હયાતીમાં જ બનાવ્યો,આ મકબરાને જોઈને તે ક્હેતો કે આ મહમૂદની છેલ્લી છાવણી છે. સુલતાનના મકબરાની બાજુમાં બેગમોનો મકબરો છે જેમાં રાણી રાજબાઈની કબર મુખ્ય છે. આ સિવાય રસુલાબાદમાં હજરત શાહઆલમ સાહેબની દરગાહ એક રોજો અને મસ્જીદ બંધાઈ હતી,એમ કહેવાય છે કે જેને સ્વર્ગનો બાગ જોવાની ઈચ્છા હોય તે દુનિયાના ચન્દ્ર જેવાં શાહઆલમના રોજાને જોવો. આ સ્થળ 'દારુલ અમન' એટલે કે શાંતિનું સ્થળ મક્કા શરીફ જેવું સ્વચ્છ અને સુરભિવાળું છે. વટવામાં મહમૂદ બેગડાના સમયમાં હજરત કુતુબે આલમશાહનો રોજો બંધાયો તેમ બર્જેસ માને છે, જોકે આ રોજો કેટલાંક કારણસર અધુરો

રહ્યો છે. ધોળકામાં કેટલાક સ્થાપત્યો જેના સમયમાં રચાયા જેમાં અલફખાન ભોકાઈની મસ્જીદ, જુમ્મા મસ્જીદ બંધાઈ હતી. મહમૂદ બેગડા સમયમાં દરિયાખાનનો રોજો કે જે ઈંટોથી બાંધવામાં આવ્યો છે ગુજરાતમાં તેના જેટલો ભવ્ય અન્ય ઘુમ્મટ નથી. મહમૂદ બેગડાના જનાનખાનામાં ધાવ તરીકે કામ કરતી બાઈ શ્રી હરિરે ઈ.સ.1499માં અમદાવાદમાં દાદા હરિની વાવ બંધાવી અને અડાલજમાં સ્તંભો, ગોખ અને ઝરૂખાવાળી સુંદર નકશીકામવાળી વાવ બંધાઈ હતી. આ તમામ સ્થાપત્યોની દેશ-વિદેશના સ્થપતિઓએ મુક્તકંઠે પ્રશંસા કરી છે અને સ્થાપત્યના કેટલાંક સિદ્ધાંતો તે હજુ સમજી પણ શકતા નથી એવી એ યુગની કાબિલેદાદ સ્થાપત્યકલા હતી. મહમૂદ બેગડાએ અમદાવાદની ફરતો કિલ્લો બંધાવ્યો બાર દરવાજા કર્યા. આ બધી જ બાબતો ગુજરાત શોભા અને ગૌરવરૂપ બની રહી છે.

**તમારી પ્રગતિ ચકાસો -1**

(1) મહમૂદ બેગડો શું દૂરંદેશી શાસક હતો ? ચર્ચા કરો.

______________________________
______________________________
______________________________
______________________________
______________________________
______________________________

(2) મહમૂદ બેગડાના લશ્કરી સુધારાઓ વિશે જણાવો.

______________________________
______________________________
______________________________
______________________________
______________________________
______________________________

(3) મહમૂદ બેગડાના સ્થાપત્યો વિશે લખો.

______________________________
______________________________
______________________________
______________________________
______________________________
______________________________

## 4.3 સારાંશ

*મહમૂદબેગડાનું તા.* 23-11-1511*ના રોજ અવસાન થયું. મહમૂદ બેગડો એ ભારતના પ્રથમ પંક્તિના શાસકોની હરોળમાં સમાઈ શકે એવો શાસક હતો.તે* 13-14 *વર્ષની કાચી વયે ગાદીએ આવ્યો પણ આપશક્તિ અનેહિંમતથી શરૂઆતના બળવા સમાવી ગુજરાતનો સર્વ શ્રેષ્ઠ સુલતાન બની ગયો. જે સૈનિકો ને દિલથી ચાહતો, યુદ્ધમાં મૃત્યુ પામેલા સૈનિકોના કુટુંબીજનોને આશ્વાસન આપતો. મુસ્લિમ સંતો અને વિદ્વાનોને માન આપનારહતો. મિરાતે સિકંદરીના લેખક સિકંદર મંજહુ એ તેના જીવનની ખૂબ પ્રશંસા કરી છે.જોકે તેના ખોરાક માટે ચિત્ર વિચિત્ર વાતો નોધાઇ છે જેનો ખોરાક વધુ હશે બાકી એમાં અતિશયોક્તિ જાજી જણાય છે. મહમૂદ બેગડાના* 54 *વર્ષના શાસનકાળ દરમિયાન લોકોને સલામતી અને સુવિધા પ્રાપ્ત થઈ હતી. તેણે રાજ્યમાં અનેક મકાનો, મસ્જીદો,મકબરા અને બગીચા બંધાવ્યા હતા. રાજ્યના તમામ અંગોની વ્યવસ્થા ઉત્તમપ્રકારની ગોઠવાઈ હતી. પરંતુ અમદાવાદમાં હિન્દુઓ માટે એક અલગ પ્રકારની વ્યવસ્થા એ તેને અસહિષ્ણુ શાસક તરીકે ચીતરે છે. જોકે રાજ્ય તંત્રમાં મહત્વના હોદે તેણે હિંદુ અધિકારીઓને પણ રાખ્યા હતા તેનોંધવું રહ્યું કે અમુક અપવાદો સિવાય હિંદુ-મુસ્લિમ સુખી હતા.ઈસ્લામ ધર્મને મહમૂદ બેગડાના સમયમાં રાજ્યમાં સારું એવું ઉતેજન મળ્યું હતું.*

*આથી મહમૂદ બેગડા નું નામ ગુજરાતના શાસકોમાં નહી પરંતુ સમગ્ર ભારતના કેટલાક શાસકોમાં મૂકી શકાય તેમ છે. જેણે*13-14 *વર્ષની વયે ગાદીએ આવી પુરા* 54 *વર્ષ રાજ્ય સંભાળ્યું અને નાના મુસ્લિમ રાજ્યનેમહારાજ્ય બનાવવાનો શ્રેય તેને ફાળે જાય છે. રત્નમણિરાવ ભીમરાવ જોટે મહમૂદ બેગડાને હિંદુ રાજાઓની સરખામણીમાં એને મુસલમાનોનો સિદ્ધરાજ ગણાવે છે. વળી કેટલાક લેખકો મુગલાઈની સરખામણીમાં તેને અકબર જેવો ગણાવે છે જોકે એ બરાબર નથી કારણ કે અકબર જેવી તેનામાં ઉદારતા નહોતી કે તેના દરબારમાં કોઈ વિખ્યાત પંડિતો નહોતા કે અકબર જેટલી સહિષ્ણુતા પણ નહોતી.*

## 4.4 સંદર્ભ ગ્રંથો

(1) *જોટે રત્નમણિરાવ 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ' (ઈસ્લામ યુગ ખંડ* 1*) અમદાવાદ, પુનમુદ્રણ ઈ.સ.* 1968

(2) *જોટે રત્નમણિરાવ 'ગુજરાતનું પાટનગર અમદાવાદ' અમદાવાદ,પ્રથમ આવૃત્તિ ઈ.સ.* 1929

(3) ઝવેરી કૃષ્ણલાલ (ભાષાંતર કર્તા) ' મિરાતે અહમદી',અમદાવાદ ખંડ 1-2-3 પ્રથમ આવૃત્તિ ઈ.સ.1933-34-35.

(4) નાયક છોટુભાઈ 'ગુજરાતમાની ઈસ્લામી સલ્તનતનો ઈતિહાસ'અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ઈ.સ.1982.

(5) પરીખ રસિકલાલ અને હરિપ્રસાદ શાસ્ત્રી (સંપાદકો) 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ' ભાગ-૫, અમદાવાદ,પ્રથમ આવૃત્તિ ઈ.સ.1977.

(6) દીવાન આત્મારામ (ભાષાંતર કર્તા) 'મિરાતે સિકંદરી' અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ઈ.સ.1914.

x

| એકમ : 5 | ગુજરાતમાં સલ્તનત યુગ દરમિયાનનું વહીવટીતંત્ર |
| --- | --- |

## રૂપરેખા :

**5.0** ઉદ્દેશો

**5.1** પ્રસ્તાવના

**5.2** દિલ્હી સલ્તનત' યુગ દરમિયાન ગુજરાતનો પ્રાંતિક નાઝીમ દ્વારા વહીવટ

**5.3** ગુજરાતમાં થઈ ગયેલ સ્વતંત્ર સુલતાનો અને તેમનો કાર્યકાળ

**5.4** ગુજરાતની સલ્તનતનું વહીવટી માળખું :

- **5.4.1** સુલતાન
- **5.4.2** મજલિસ-એ ખલવત (સભા)
- **5.4.3** કેન્દ્રીય મંત્રીમંડળ (વહીવટીતંત્ર)ના વડાઓ/ખાતાઓ
  1. દીવાન-એ-વિઝારત (નાણાખાતુ અને મુખ્ય વજીર)
  2. દીવાન-એ-અર્ઝ (લશ્કર ખાતુ)
  3. દીવાન-એ-ઈશા ( દફતર ખાતુ)
  4. દીવાન-એ-રસાલત ( વિદેશ ખાતુ)
  5. ધાર્મિક ખાતુ
  6. દીવાન-એ-કાઝી ( ન્યાય ખાતુ)
  7. અન્ય બાર વિભાગો
  8. ટંકશાળ વિભાગ
- **5.4.4** પ્રાંતીય વહીવટી માળખું
- **5.5.5** સ્થાનિક વહીવટીતંત્રનું માળખું (શિક, પરગણું, ગામ)

**5.5** દિલ્હી સલ્તનત સમય દરિમયાન અમદાવાદ શહેર :

- **5.5.1** ગુજરાતની રાજધાની અમદાવાદ શહેરની સ્થાપના :
- **5.5.2** અમદાવાદના/ગુજરાતના વહીવટીતંત્ર જાણવા માટેનાં સાધનો :
- **5.5.3** સલ્તનત યુગ દરમિયાન ગુજરાતનો વહીવટ :

**5.6** સમાપન

**5.7** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

## 5.0 ઉદ્દેશો

*આ એકમનો અભ્યાસ કર્યા પછી*

- *ગુજરાતમાં અલાઉદ્દીન ખિલજી (ઈ.સ.* 1296-1315*) એ ગુજરાત જીતી લઈ, તેનો વહીવટ પ્રાંતિક સુબા (નાઝીમ) દ્વારા કઈ રીતે કર્યો, તેનો પરિચય તમે મેળવી શકશો.*
- *મુઝફ્ફરશાહ પહેલાએ અને તેના પૌત્ર સુલતાન એમહદશાહ પહેલાએ સ્વતંત્ર ગુજરાત રાજ્યનો/સલ્તનતનનો પાયો નાખ્યો ત્યારથી આરંભીને એહમદશાહ ત્રીજો (ઈ.સ.* 1554-1561*) સુધી કડીબદ્ધ રીતે ગોઠવાયેલા વહીવટી માળખાને તમે સુપેરે પરિચય પ્રાપ્ત કરી શકશો.*
- *વિવિધ રાજકીય-વહીવટી સંસ્થાઓનો ગુજરાતના સુલતાનોએ કઈ રીતે ક્રમશઃ વિકાસ કર્યો, તેનો પરિચય પણ મેળવી શકાશે.*

## 5.1 પ્રસ્તાવના

*દિલ્હી સલ્તનતના સામ્રાજયનો ઈતિહાસ ઈ.સ.* 1206 *થી* 1526 *સુધી ગણાય છે; એટલે કે ગુલામવંશના સુલ્તાન કુતુબુદ્દીન ઐબકના શાસન (ઈ.સ.* 1206-1210*)થી આરંભીને લોદી વંશના છેલ્લા સુલ્તાન ઈબ્રાહીમ લોદી (ઈ.સ.* 1517-1526*) સુધી દિલ્હીમાં સુલતાનોનું શાસન ચાલેલું. આ સમયગાળાને ઈતિહાસકારો 'દિલ્હી સલ્તનત' યુગ તરીકે ઓળખાવે છે; તેને 'મધ્ય યુગ'* (Middle Age) *તરીકે પણ ઓળખાવે છે.*

*ગુજરાતને સ્પર્શે છે ત્યાં સુધી, ગુજરાતમાં પણ સલ્તનતયુગના શાસકોએ પહેલાં દિલ્હીના સુલતાનો તરીકે શાસન લાંબા સમય સુધી ચલાવ્યું હતું. એ સ્વતંત્ર સુલતાનોએ તો  ન માત્ર વહીવટ જ કરી જાણ્યો; પરંતુ ઘણાં લોકપયોગી કાર્યો તેમજ નગરો, કિલ્લાઓ, બુરજો, કલાત્મક દરવાજા, સરોવરો, મસ્જિદો, મકબરા, રાજમહેલોથી-શિલ્પ અને સ્થાપત્ય કલાથી ગુજરાતને સુશોભિત કર્યું હતું. તેનો પણ ઈતિહાસ સાક્ષી પૂરે છે. આમ,ગુજરાત મધ્યયુગથી જ સુંદર, રળિયામણું અને મુલાકાત લેવા લાયક આકર્ષક બનતું રહ્યું.*

## 5.2 ગુજરાતમાં 'દિલ્હી સલ્તનત' યુગ દરમિયાન ગુજરાતનો પ્રાંતિક નાઝીમો દ્વારા વહીવટ :

*'દિલ્હી સલ્તનત' યુગ દરમિયાન અલાઉદ્દીન ખિલજીએ ગુજરાત જીતી લીધું હતું; એ પછી ગુજરાતનો વહીવટ સુલતાન તરફથી નિમાયેલ નાઝીમ દ્વારા (પ્રાંતિક સુબા દ્વારા) થતો હતો; અલાઉદ્દીન ખિલજીએ એના સાળા મલેક શનંજરને દરબાર ભરી 'અલ્પખાન' (બહાદુર)નો ખિતાબ એનાયત કરીને ગુજરાતનો વહીવટ સોંપેલો, ઈ.સ.* 1304 *આ અલ્પખાને (ઈ.સ.* 1304-1315*) જ બાગલાણથી દેવગિરિ ચાલીને જતી દેવળ દેવીને પકડી લઈ, અણહિલવાડ પાટણ લાવી, ત્યાંથી ઈ.સ.* 1308*માં દિલ્હી સુલ્તાનને માટે મોકલી આપેલી. ઈ.સ.* 1309*માં અલ્પખાને રોહિલવાડ, સૈજકપુર અને રાણપુર જીતી લીધાં હતાં. અલ્પખાન દીર્ઘદ્રષ્ટિવાળો અને કુશળ વહીવટકર્તા હતો. તે બાંધકામોનોપણ શોખીન હતો. તેણે પાટણમાં સફેદ આરસની એક આલીશાન અને વિશાળ આદીના મસ્જિદ ઉપરાત વિવિધ ઈમારતોનું નિર્માણ કરાવ્યું હતું. મુસ્લિમ લેખકો પાટણને 'નહરવાલા' તરીકે ઓળખાવે છે. પાટણ ઉપરાંત તેણે કડીનો કિલ્લો પણ બંધાવ્યો હતો.*

*અલ્પખાનને દિલ્હી બોલાવી લેવામાં આવતાં, તેના પછી ગુજરાતનો વહીવટ કુમાલુદ્દીન ગુર્ગ (ઈ.સ.* 1316*), મલેક દીનાર ગફરખાન (ઈ.સ.* 1317*), મલેક હુસામુદ્દીન (ઈ.સ.* 1317-18*), વહીદુદ્દીન કુરેશી (ઈ.સ.* 1318-19*), ખુસરોખાન (ઈ.સ.* 1320*), તાજુદ્દીન તુર્ક (ઈ.સ.* 1320-25*), મુહમ્મદ શરફૂલમુલ્ક અલ્પખાન (ઈ.સ.* 1325-39*) (ઈ.સ.* 1339-45*), શેખ મુઈઝૂઝદીન (ઈ.સ.* 1345 *મુકૂબિલ તિલંગી (*1350*), નાઝીમ નિઝામુલ્મુલ્ક (ઈ.સ.* 1351-1362*), ઝફરીખાન (ઈ.સ.* 1362-1372*), દરિયાખાન (ઝફરખાન બીજો) (ઈ.સ.* 1372-74*), શમ્રુદ્દીન દામગાની (ઈ.સ.* 1374-80*) ઉપરાંત બીજા ત્રણ નાઝીમોએ ઈ.સ.* 1407 *સુધી ગુજરાત ઉપર શાસન કરેલું આમ, ગુજરાત ઉપર દિલ્હી સલ્તનતના સુલતાનો વતી કુલ* 16*નાઝીમોએ (સુબાઓએ) શાસન કર્યું હતું.*

## 5.3 ગુજરાતના સુલતાનો અને તેમનો કાર્યકાળ :

*ગુજરાતમાં દિલ્હી સુલતાનોથી અલગ થઈ, સ્વતંત્ર બનીને જે સુલતાનોએ શાસન કર્યું હતું, તેની વિગતો જોઈએ તો નીચેના સુલતાનોની તવારિખ મળે છે.*

1. *અહમદશાહ પહેલો : (ઈ.સ.* 1411-144= 31 *વર્ષનું શાસન*
2. *મુહમ્મદશાહ : (ઈ.સ.* 1442-1451= 09 *વર્ષનું શાસન)*
3. *કુતુબુદ્દીન અહમદશાહ(બીજો) : (ઈ.સ.* 1451-1450 = 08ઠ*ર્ષનું શાસન)*
4. *દાઉદખાન (ઈ.સ.* 1459*)*

5. મહુમૂદશાહ બેગડો (ઈ.સ. 1459-1511 = 52ઠર્ષનું શાસન )

6. મુઝફ્ફર શાહ બીજો (ઈ.સ. 1511-1526 = 15વર્ષનું શાસન)

7. સિકંદર (ઈ.સ. 1526 = 1 માસ 16 દિવસનું શાસન)

8. મહમૂદશાહ બીજો (ઈ.સ. 1526 = 1 માસ 15દિવસનું શાસન)

9. બહાદુર શાહ ( ઈ.સ. 1526-1537 = 11 વર્ષનું શાસન)

10. મુહમ્મદશાહ ત્રીજો (ઈ.સ. 1537)

11. સઅહુદ્દીન મહમૂદ શાહ ત્રીજો (ઈ.સ. 1537-1554 = 17 વર્ષનું શાસન)

12. અહમદશાહ ત્રીજો (ઈ.સ. 1554-1561= 07 વર્ષનું શાસન)

**દિલ્હી સલ્તનતનું વહીવટીતંત્ર (લાક્ષણિકતાઓ) :**

*દિલ્હી સલ્તનતમાં સેનાપતિઓ, પોતાના સુબાઓ, મુખ્ય કાઝી કે અન્ય કાઝીઓ (ન્યાયાધીશો) વગેરે પદો પર ઈસ્લામ ધર્મમાં માનનારાઓની જ નિમણૂંક થતી. ટૂંકમાં રાજયની નીતિનું ઘડતર અને કાયદાઓ પણ કુરાન-એ- શરીફની શરિયતો અનુસાર જ થતાં ; અને ઈસ્લામી કાયદાઓ (શરિયતો)નું અર્થઘટન કરવાની સત્તા પણ ઉલેમાઓ તથા મૌલવીઓને હસ્તક હતી. આમ, દિલ્હી સલ્તનતનું શાસન મુખ્યત્વે મઝહબી એટલે કે સાંપ્રદાયિક જ રહ્યું.*

## 5.4 ગુજરાતની સલ્તનતનું વહીવહી માળખું :

### 5.4.1 સુલતાન :

*'સુલતાન' નું પદ સલ્તનત યુગમાં સર્વોચ્ચ હતું. તેનું સ્થાન, મોભ્ભો, હોદ્દો અને દરજ્જો હિન્દુ રાજાઓ જેવાં હતાં. તે કેન્દ્રિય (રાજધાની : દિલ્હી) વહીવટનો સર્વોચ્ચ વડો હતો. તે સિદ્ધાંતમાં ખલીફાને આધીન હતો; પરંતુ વ્યવહારમાં તે સ્વતંત્ર હતો. તે રાજકીય, વહીવટી, લશ્કરી, ન્યાય અને ધાર્મિક એમ બધા પ્રકારની સત્તાનો સ્રોત અને આધાર હતો. તેની સત્તાઓ અનિયંત્રિત કે નિરંકુશ હતી. તે ગમે તેવા શક્તિશાળી અમીરને કે સેનાપતિને પદભ્રષ્ટ કરી શકતો હતો. વાસ્તવમાં તેની પાસે કુરાને શરીફના નિયમો અનુસાર રાજ્ય ચલાવવાની આશા રખાતી; પરંતુ અલાઉદ્દીન ખિલજી અને મુહમ્મદ તુઘલક જેવા સુલતાનોએ મનસ્વીપણે રાજ્ય કર્યુ હતું; તેમજ ધર્મગુરુઓના પ્રભાવથી મુક્ત થઈ 'રાજાપદ' નું ગૌરવ સાચવ્યું હતું.*

*સલ્તનત (રાજ્ય)માં કોઈ વિકટ સમસ્યા ઊભી થાય કે કોઈ પ્રશ્ન અંગે વિવાદ ઊભો થાય, તો સુલતાન ઉલેમાઓની સલાહ લેતો. તે પોતાને 'અલ્લાહનો*

*પ્રતિનિધિ' માનતો હતો; તેથી તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિને ગુનેગાર ગણીને સજા કે દંડ કરાતાં હતાં.*

**5.4.2 મજલિસ-એ-ખલવત (સભા)**

*સુલતાનને તેના રાજકાજમાં સલાહ-સૂચનો-માર્ગદર્શન વગેરે લેવા માટે ખૂબ જ વિશ્વાસુ અધિકારીઓની એક 'સભા' (મજલિસ-એ-ખલવત) હતી. અલબત્ત, સુલતાન રાજકીય કે લશ્કરી અગત્યની બાબતોમાં સલાહ લેતો ખરો; પરંતુ તે પ્રમાણે વર્તવા માટે તે બંધાયેલો ન હતો.*

**5.4.3 કેન્દ્રીય વહીવટીતંત્રના મુખ્ય વિભાગો અને તેના વડાઓ/ મંત્રી-પરિષદ (કેબિનેટ) :**

*કેન્દ્રીય વહીવટીતંત્ર પહેલાં પાટણ અને પછી અમદાવાદમાં મંત્રીમડળના વિભાગવાર મંત્રીઓ મહત્ત્વનું સ્થાન ધરાવતા હતા અને નિષ્ઠાપૂર્વક સુલતાનને પૂર્ણપણે વફાદાર તથા પ્રમાણિક રહીને પોતાની ફરજો બજાવતા હતા; જે નીચે પ્રમાણે છે.*

**1. દીવાન-એ-વિઝારત : (નાણાખાતુ અને વજીર, સુલતાનના મુખ્ય મંત્રી)**

*દીવાન-એ-વિઝારત ખાતાનો વડો વજીર કહેવાતો; તે સુલતાનનો મુખ્ય મંત્રી હોઈ, સુલતાનની ગેરહાજરીમાં (યુદ્ધમાં ગયા હોય, બીમાર હોય, સગીરાવસ્થા હોય) સમગ્ર રાજ્ય ઉપર દેખરેખ રાખતો હતો. તે નાણાખાતુ પણ સંભાળતો હતો. રાજ્યભરનીઆવક-જાવકનો સઘળો હિસાબ તે રાખતો અને સુલતાનને અવારનવાર તેની જાણ કરી, રાજ્યની આર્થિક પરિસ્થિતિથી તેને વાકેફ કરતો હતો. આ ઉપરાંત મહેસૂલ અંગેના નિયમો ઘડવાનું, શાહી લશ્કરનો પગાર (વેતન) ચૂકવવાનું, રાજ્યના અન્ય સઘળા વિભાગો ઉપર દેખરેખ રાખવાનું અને જરૂર પડે ત્યારે જે તે ખાતાના મંત્રીને સલાહ-સૂચનો અને માર્ગદર્શન આપવાની તે ઘણી ફરજો બજાવતો. આમ, તેનાં ખાતાને પુષ્કળ કાર્યો કરવાના હોવાથી વજીર ખૂબ જ પ્રવૃત્ત રહેતો. આથી આ પદ ઉપર ખૂબ જ કાર્યદક્ષ, પરિશ્રમી, હોશિયાર અને અનુભવી વ્યક્તિ જ પસંદ કરાતી. વજીર એ સુલતાનનો જમણો હાથ જણાતો; તે સુલતાન અને પ્રજા વચ્ચે સેતુરૂપ હતો. તેના હાથ નીચે, મદદ કરવા માટે નાયબ વજીર, મુશરિફ-એ-મુમાલિક (ઑડિટર) અને અન્ય અધિકારીઓ, લહિયાઓ (કારકૂનો) વગેરે રહેતા હતા.*

**2 દીવાન-એ-અર્ઝ (લશ્કર ખાતુ):**

*દીવાન-એ-અર્ઝ એ બીજા નંબરનું ખૂબ જ મહત્ત્વનું ખાતુ હતું. તેનો ઉપરી આરિઝ-એ-મુમાલિક (સરસેનાપતિ) ગણાતો. તેનાં વિવિધ કાર્યોમાં લશ્કરમાં યોગ્ય અને લાયકાતવાળા સૈનિકોની ભરતી કરવાનું; અશ્વદળના તમામ અશ્વોના ખોરાક, પાણી, આરોગ્ય વગેરેની સંભાળ રાખવાનું તેમજ ચોપડામાં પ્રત્યેક ઘોડાની*

*વિગતવાર નોંધ રાખવાનું; લશ્કરમાં કડક શિસ્ત જાળવવાનું; સૈનિકોને શાસ્ત્રોની તાલીમ તથા યુદ્ધ સમયની વ્યૂહરચના (સ્ટ્રેટેજી)નું જ્ઞાન આપવાનું; સૈનિકોને નિયમિત રીતે તથા પૂરેપૂરો પગાર /વેતન મળી રહે તેવી વ્યવસ્થા કરવાનું; લશ્કરની તમામ પાંખો ઉપર દેખરેખ રાખવાનું શાહી સેનાનું નેતૃત્વ સંભાળવાનું અને સૈન્યને અદ્યતન શસ્ત્રો સમયસર જરૂરિયાત પ્રમાણે પૂરાં પાડવાનું અને એ રીતે તેને સુસજ્જ રાખવાનું વગેરે કામનો સમાવેશ થતો હતો.*

**3. દીવાન- એ -ઈશા (દફતર ખાતુ) :**

*ગુજરાતના સુલતાનના સયમના દબીર-એ-ખાસ એટલે કે દફતર ખાતુ ખૂબ જ મહત્ત્વનું ખાતુ હતું. તેનો ઉપરી દીવાન-એ-ઈશા ગણાતો હતો. આ ખાતાના વડા સંદેશા વ્યવહારનો સઘળો કારભારસંભાળતા હતા. આ ખાતુ રાજ્યના તમામ અધિકારીઓ સાથે તેમજ અન્ય રાજ્યો સાથે શાહી પત્રવ્યવહાર કરતું હતું. દબીર-એ-ખાસ તેમના ખાતાના અધિકારીઓની મદદથી શાહી ફરમાનો (આદેશો) આજ્ઞાપત્રો પણ તૈયાર કરતા હતા અને તેની વિગતવાર નોંધ રાખતું હતું. દબીર-એ-ખાસ ને મદદ કરવા માટે અનેક હબીરો (લાહિયાઓ/લેખકો) રહેતા હતા. આ ખાતાની સઘળી બાબતો ગુપ્ત રાખવાની હોવાથી, ખૂબ જ વિશ્વાસપાત્ર હબીરોની નિમણૂક કરાતી.*

*ગુજરાતમાં સ્વતંત્ર સલ્તનત પહેલાં સાંઢણી ઉપરાંત ઘોડાઓ, કબૂતરો અને નગરાં વગાડીને ખબરો એક સ્થળેથી બીજે સ્થળે પહોંચાડવામાં આવે તેવી વ્યવસ્થા હતી, એ પછી ઊંટ-સવારો મારફતે કે તેજગતિએ દોડતા અશ્વો મારફતે સંદેશા પહોંચાડવામાં આવતા હતા. ટપાલ વ્યવસ્થાનું કેન્દ્ર અમદાવાદ હતું.*

**4. દીવાન-એ-રસાલત (વિદેશ ખાતુ) :**

*દીવાન-એ-રસાલત ખાતાનો ઉપરી વિદેશમંત્રી કહેવાતો. આ ખાતુ ખૂબ જ મહત્ત્વનું હતું, કેમકે તે વિદેશોમાંથી આવતા તમામ રાજદૂતો, વ્યવાપારીઓ, ઉદ્યોગપતિઓ, મુસાફરો, મુલાકાતીઓ વગેરેની વિગતવાર નોંધ રાખતું અને તેઓ જેટલો સમય રોકાય તેટલો સમય તેમની ઝીણવટભરી દેખરેખ રખાતી અને શંકાસ્પદ વ્યક્તિઓની ધરપકડ કરી, સુલતાન સમક્ષ હાજર કરાતી.*

*ડૉ. આઈ.એચ.કુરેશીના મતે, આ રસાલત ખાતુ એ દાન-ધર્મને લગતું ખાતુ હતું. જ્યારે ડૉ. હબીબુલ્લાના મતે, આ ખાતાનો મંત્રી પરદેશી બાબતો સંભાળતો હતો.*

**5. ધાર્મિક ખાતુ :**

*આ ખાતાનો વડો સદ્ર-ઉસ-સુદૂર હતો તે મુસ્લિમો પાસે ઈસ્લામના સિદ્ધાંતોનું પાલન કરાવવાનું; મસ્જિદો, મકબરા, મદરેસાઓ વગેરેમાં નિભાવ માટે અનુદાન (ગ્રાન્ટ)ની જોગવાઈ કરવાનું કાર્ય પણ સંભાળતો હતો.*

**6. દીવાન-એ-કાઝી (ન્યાય ખાતુ) :**

*આ ખાતાનો વડો કાઝી-ઉલ-કુઝાત કહેવાતો. તે મુખ્ય ન્યાયાધીશ ગણાતો અને દિલ્હીમાં રહીને અગત્યના દાવાઓમાં ન્યાય (ચૂકાદાઓ) આપતો હતો. તે રાજ્યના વિવિધ પ્રાંતોના ન્યાયાધીશોને સલાહ અને માર્ગદર્શન આપતો તેમજ નીચલી કોર્ટો (અદાલતો) ઉપર નિયંત્રણ રાખતો હતો.*

*સામાન્ય રીતે ઝઘડાઓનો નિકાલ ઈસ્લામી કાનૂન મુજબ થતો હતો, એટલે કાઝીની સલાહ આવશ્યક રહેતી. કાઝી ઉલકુઝાત એ કાઝીઓનો પણ કાઝી હતો. તે જીવે ત્યાં સુધી એ હોદ્દા પર રહેતો. ફરિયાદો માટે દરેક શહેરમાં એક મુફ્તી અને એક કાઝી રહેતો. ફરિયાદીને એ કાઝીના ન્યાયથી સંતોષ ન થાય તે, તે કાઝી-ઉલ-કુઝાતને અરજી કરીને આખરી ન્યાય માગી શકતો; અને અંતિમ અપીલ (ખાસ કેસોમાં જ ) સુલતાનને કરી શકાતી હતી. સુલતાન મોટે ભાગે કાઝીના ફેંસલાને માન્ય જ રાખતો.*

*ગુનાની સજા ગુનાના પ્રમાણમાં કરાતી. ફટકા મારવાની, અંગવિચ્છેદનની, ફાંસીએ લટકાવવાની અને તોપના મોં ઉપર બાંધીને ઉડાડી દેવાની, ચામડી ઉતારી નાખવાની, દીવાલમાં ચણી લેવાની વગેરે સજાઓની જોગવાઈઓ હતી. બંડખોરો માટે ઘણી કડક સજાઓ હતી. દા.ત. લડાયક હાથીના પગની નીચે તેને કચડી નાખવામાં આવતો.*

*ઈન્સાફની બાબતમાં લગભગ બધા જ સુલતાનો નિષ્પક્ષ હોવાનું ઈતિહાસકારો જણાવે છે. પરંતુ આ બાબત માત્ર મુસ્લિમ રૈયત માટે હશે, એમ કહેવું યથાર્થ છે. સુલતાન અહમદશાહ, સુલતાન મહમૂદશાહ બેગડો, અને સુલતાન મુઝફ્ફરશાહ, બીજો વગેરેએ દર્શાવેલી ન્યાયની બાબતાના કિસ્સાઓ સપ્રસિદ્ધ છે.*

**7. અન્ય બાર વિભાગો :**

i. *દીવાન-એ-કોડ : ખેડૂતો અને મહેસૂલી અધિકારીઓ પાસેથી બાકી નિકળતું લેણું વસૂલ કરતો.*
ii. *દીવાન-એ-બંદગાન : ગુલામોની દેખભાળ રાખતો.*
iii. *દીવાન-એ-ખૈરાતી : દાન (ડોનેશન) આપવાની કામગીરી સંભાળતો હતો.*

iv. દીવાન-એ-ઈસ્તિહુકાક : રાજકુટુંબના સભ્યોની સગવડો લશ્કરી વહીવટ, ન્યાય વગેરેમાં કામગીરી બજાવનારને વર્ષાસિન આપવાની બાબત સંભાળતો અને એની રકમ નક્કી કરતો હતો.

v. સર-જાનદાર : રાજમહેલની રક્ષક ટુકડીઓનો ઉપરી અધિકારી

vi. બરીદ-એ-મુમાલિક : જાસૂસી અને માહિતી ખાતાનો વડો

vii. અમીર-એ-હાજીર : સુલતાનનો મુખ્ય ખાનગી મંત્રી, રાજદરબારના શિષ્ટાચારના નિયમોનું પાલન કરાવતો.

viii. વકીલ-એ-દર : શાહી મહેલખાતાનાનો મુખ્ય અધિકારી

ix. અમીર-એ-આખૂર : કેન્દ્રીય અશ્વશાળાનો અધિકારી

x. શાહના-એ-પીલ : હસ્તિદળનો અધ્યક્ષ

xi. અમીર-એ-શિકાર : રાજાનો શિકાર વિભાગનો અધ્યક્ષ

xii. અમીર-એ-મનલિસ : રાજાની મિજબાનીઓ, સભાઓ, ઉત્સવોની વ્યવસ્થા કરનાર

xiii. મૃતશરિફ : રાજકીય ઉદ્યોગોનો ઉપરી અધિકારી કારખાનાંઓના વિભાગો ઉપર દેખરેખ અને રાજ્યના આદેશોનું પાલન કરનાર.

**8. ટંકશાળ વિભાગ :**

જયારે ગુજરાત દિલ્હી સલ્તનતના હાથ નીચે હતું. ત્યારે તો દિલ્હી સુલતાનો જ સિક્કા પાડીને (બનાવરાવીને) ગુજરાતમાં ચલણ માટે મોકલતા અને તે ઉપર પોતાના નામ-ખિતાબ વગેરે કોતરાવતા હતા.પરંતુ દિલ્હી સલ્તનતથી ગુજરાત સ્વતંત્ર થઈ ગયું ત્યારે, સુલતાન અહમદશાહ પહેલાના શાસન દરમિયાન, અમદાવાદમાં પદ્ધતિસરની પહેલી ટંકશાળની સ્થાપના થઈ હતી. આમ છતાં, અમદાવાદનું નામ ધરાવતા ખૂબ થોડા સિક્કાઓ જ મળેલા છે અને જે મોટી સંખ્યામાં સિક્કાઓ મળ્યા છે, તેના પર કોઈ ટંકશાળનું નામ જ નથી. અત્યારે અમદાવાદમાં, કાળુપુર વિસ્તારમાં, હાજા પટેલ પોળના છેડે (નાકે) ડાબી તરફ ટંકશાળ (Nr. N.C. Bodiwala College ) આવેલી છે.

તદુપરાંત સુલતાન અહમદશાહ પહેલાએ ઈ.સ. 1426માં વસાવેલા અહમદનગર (હિંમતનગર)ની ટંકશાળના સિક્કાઓ મળ્યા છે, તેની ઉપર એ શહેરનું નામ છે. આમ, ગુજરાતમાં સલ્તનતન યુગ દરમિયાન બે શહેરોમાં ટંકશાળો હતી. આ ટંકશાળોમાં

i. કુલૂસ સિક્કો (મૂલ્ય : એક પાઈ)

ii. દોગની સિક્કો (મૂલ્ય : અડધો આનો )

iii. *હુસગાની સિક્કો ( મૂલ્ય : બે આનો )*

iv. *જીતલ સિક્કો (મૂલ્ય : એક પૈસો)*

v. *ટંક/ટંકો સિક્કો (મૂલ્ય : એક રૂપિયો; શુદ્ધ ચાંદીનો બનેલો )*

vi. *અશરફી સિક્કો (મૂલ્ય : સોનાનો ટંકો/તિલાઈ પણ કહેવાતો)*

*અલબત, ગુજરાતના ઉપર મુજબના પડાયેલા સિક્કાઓ એ વાસ્તવમાં તો દિલ્હીના સુલતાનોના સિક્કાઓની નકલ જ હતી. સુલતાન મુઝફ્ફશાહ પહેલો, મુહમ્મદશાહ પહેલો, અહમદશાહ પહેલો અને મુહમ્મદશાહ બીજોના સમય સુધી સિક્કાઓ જીતલ અને ટંક એ સફેદધાતુનો બનેલા હતા. જયારે બાકીના સિક્કાઓ તાંબાનો બનેલા હતા. અહમદશાહ પહેલાના તાંબાના સિક્કાઓ સારી સંખ્યામાં ઉપલબ્ધ થયા છે અને તે વજનમાં* 30 *થી* 37, 42, 55Úke 57, 60 *થી* 78 *અને* 111 *થી* 148 *ગ્રેડના છે; અને તેના ઉપર ટંકશાળનું નામ અંકિત થયેલ છે. જયારે મુહમ્મદશાહના સોનું, ચાંદી, તાંબું અને મિશ્ર ધાતુવાળા સિક્કાઓ મળી આવ્યા છે; જે પૈકી એકનું વજન* 183.6 *ગ્રેડ અને બીજાનું વજન* 175.5 *ગ્રે છે. બધા જ સિક્કાઓમાં ખુદામાં આસ્થાવાળા એવું લખાણ કોતરેલ છે; જયારે ટંકશાળાનું નામ ધરાવતા ચાંદીના* 50 *સિક્કાઓ મુસ્તફાબાદ (હાલનું જૂનાગઢ) માંથી મળી આવ્યા છે.*

### 5.4.4 પ્રાંતીય વહીવટનું માળખું :(The Administration of Provinces)

*પ્રાંતોનો વહીવટ કેન્દ્રીય વહીવટ જેવો વ્યવસ્થિત ન હતો. વળી, એક સરખી વહીવટી પદ્ધતિવાળા બધા પ્રાંતો પણ ન હતા. દિલ્હી સલ્તનતને ‘ઈક્તા’ (પ્રાંતો)માં વહેંચી નાખવામાં આવ્યું હતું; જેનો વડો ‘મુક્તિ’ કહેવાતો પાછળથી એ નામ બદલાતાં ‘સૂબા’ તરીકે ઓળખાવ્યો. તેનો મુખ્ય ઉપરી નાઝી, વલી કે અમીર કહેવાતો. નાઝીર (લશ્કરની હાકેમ)ની નિમણૂક સુબાના કાર્યોમાં –* (1) *પ્રાંતમાં શાંતિ અને સલામતી* (2) *પ્રાંતની આવક-જાવકનો હિસાબ સુલતાન સમક્ષ રજૂ કરવાનું* (3) *જરૂરિયાત ઉભી થતાં સુલતાનને લશ્કરી મદદ કરવાનું* (4) *પોતાનાં પ્રાંતમાં કેન્દ્રિય આદેશોનું પાલન કરવાનું અને* (5) *ન્યાયતંત્રની વ્યવસથા કરવાનું વગેરે મુખ્ય હતાં. ‘ સાહબિ-એ-દીવાન(ખ્વાજા) એ પ્રાંતીય આવક ખર્ચના હિસાબ-કિતાબ રાખનાર અધિકારી હતા.*

### 5.4.5 સ્થાનિક વહીવટીતંત્રનું માળખું (શિક, પરગણુ, ગામ) :

*જિલ્લાનું નામ* *‘શિક હતું; અને તેનો વડો શિકદાર કહેવાતો.*

*તાલુકાનું નામ* *‘પરગણું’ હતું ; તેનો મુખ્ય અધિકારીઓમાં અમીલ, મુશરિફ,*

મુલસિલ, કાનૂનગો અને બે કારકૂનોનો સમાવેશ થતો હતો. એ ચાર અધિકારીઓ અનુક્રમે વહીવટ, પાકની દેખભાળ તથા મહેસૂલ ઉઘરાવવાના કાર્ય, કોષાધ્યક્ષ તરીકે અને ઉત્પાદન તથા મહેસૂલની આંકણી વગેરે કાર્યો કરતા હતા અને તેની નોંધ રાખવાની ફરજ હતી. બન્ને કારકુનો પૈકી એક અરબીમાં અને બીજો હિન્દીમાં નોંધ રાખતો.

ગામનો વહીવટ

વહીવટનું નાનામાં નાનું એકમ એ ગામડું હતું. જેનો 'ગ્રામ' તરીકે ઈબ્નબતૂતા ઉલ્લેખ કરે છે. 100 ગામના સમૂહ 'પરગણુ' (તાલુકો) બનતું. ગ્રામનો વડો મુખી મુકાદમ કહેવાતા. 'પટવારી' ગામની જમીનને લગતી બાબતો સંભાળતો; જ્યારે ચોકીદાર ગામની શાંતિ(ચોરી, લૂંટફાટ, પાકનું ભેલાણ વગેરે) જાળવતો અને કારકુન હિસાબ-કિતાબ તથા પત્રવ્યવહારની બાબતો સંભાળતો એકંદરે દરેક ગામડું તે સમયે સ્વાયત્ત હતું. દરેક ગામમાં 'ગ્રામપંચાયત' હતી જે દરેક ગામમાં નાના-મોટા ઝઘડાઓનો ઉકેલ લાવતી.

---

**તમારી પ્રગતિ ચકાસો 1**

---

1. *દિલ્હી સલ્તનત યુગના વહીવટીતંત્રની લાક્ષણિકતાઓ મુદ્દાસર ચર્ચા કરો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

2. *દિલ્હી સલ્તનતના શાસનમાં સુલતાન અને વજીરની સત્તાઓ તથા કાર્યો વર્ણવો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

3. **નીચેના પ્રશ્નોની સાથે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી તેના ક્રમ સાથે લખો.**

1. *સુલતાન વિકટ સમસ્યા ઉભી થતાં કોની સલાહ લેતો હતો.*

   *(અ) વજીરની (બ) ઉલેમાઓ (ક) આરિઝ-એ-મુમાલિકની (ડ) કાઝી*

2. દબીર-એ-ખાસ મંત્રીમંડળમાં કયું ખાતુ સંભાળતો હતો?

(અ) પત્રવ્યવહાર શાહી ફરમાનો અને આજ્ઞાપત્રો તૈયાર કરવાનું ખાતુ

(બ) નાણાખાતુ (ક) જાસૂસ (ગુપ્તચર) ખાતુ (ડ) દાન-ધર્મ ખાતુ

3. દિલ્હી સલ્તનમાં પ્રાંતને કયા નામે ઓળખવામાં આવતો હતો.

(અ) શિક (બ) પરગણું (ક) દીવાન (ડ) ઈક્તા

## 5.5 દિલ્હી સલ્તનત સમય દરિમયાન અમદાવાદ શહેર

ગુજરાતમાં સ્વતંત્ર સલ્તનતની સ્થાપના થયા બાદ, ગણતરીના વર્ષોમાં જ સાબરમતી નદીને કિનારે અમદાવાદ શહેર વસાવ્યું તે પહેલાં, અણહિલવાડ પાટણ ગુજરાતનું પાટનગર હતું. 13મી સદીના અંત સુધીમાં અણહિલવાડ પાટણ ભારતના મુખ્ય શહેરોમાં ખૂબ આગળ પડતું શહેર હતું. આ સદીમાં ગુજરાતમાંથી હિન્દુ રાજા કર્ણદેવ નાસીને દક્ષિણ હીંદમાં ચાલ્યો ગયેલો; એ પછી 100 વર્ષો સુધી દિલ્હી સલ્તનતના સુલતાનો ગુજરાતનો પ્રાંત તરીકે વહીવટ કરવા માટે સૂબાની નિમણૂક કરતા હતા; અને તે પાટણમાં રહીને વહીવટ સંભાળતા હતા. છેલ્લો સૂબો ઝફરખાન 14મી સદીના અંતમાં મુઝફ્ફરશાહ નામ ધારણ કરીને, પાટણની ગાદીએ બેઠો હતો.

મુઝફ્ફરશાહનો પૌત્ર અહમદશાહ (પિતા : મુહમ્મદ શાહ ઉર્ફે તાર્તારિખાન) પહેલો હતો. અહમદશાહ પહેલો ઈ.સ. 1410 માં હિજરી સંવત 813ના રમજાન માસની 14મી તારીખે ગુજરાતની ગાદીએ બેઠેલો.

### 5.5.1ગુજરાતનીરાજધાની અમદાવાદ શહેરની સ્થાપના

અમદાવાદ શહેરની સ્થાપના મુસ્લિમ તારીખ પ્રમાણે હિજરી સંવત 813ના ઝિલકાદ મહિનાની બીજી તારીખે અને ગુરૂવારે થઈ હતી; જયારે હિન્દુ પંચાગ પ્રમાણે વિક્રમ સંવત 1468ના વૈશાખ સુદ-7ને રવિવારે થઈ હતી. હવે મોટા ભાગના ઈતિહાસકારો સ્વીકારે છે તેમ અમદાવાદ (અહમદાબાદ) ની સ્થાપના ઈ.સ. 1411ની 26મી ફેબ્રુઆરીના રોજ સરખેજમાં થઈ હતી. શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ, બાદશાહ અહમદશાહ પોતે કાજી અહમદ કાલુપુર અનુ મુલ્લાં અહમદ (જેની કબર પાટણમાં છે.) એમ ચાર પવિત્ર અહમદોએ તેમજ બાર બાવાઓએ સાથે મળીને કરી હતી.

અમદાવાદના માણેકચોકમાં જ્યાં મુહૂર્ત (મુહરત) પોળ છે, ત્યાં સર્વ પ્રથમ ખનનવિધિ કરીને ખીલે નાખીને ચારે એહમદોએ ખીલા સાથે દોરડા બાંધીને ચાર દીશાઓમાં આગળ ધપ્યાં; ત્યાં સુધી અમદવાદની સરહદો પાછળથી વિસ્તરી; જેની આસપાસ કોટ બંધાયો અને એ કોટમાં 12 દરવાજા પણ મૂકાયા. ભદ્રના કિલ્લાની પાછળ

જ રાજમહેલ પણ બંધાયો. આમ, અમદાવાદનો પાયો ચાર પવિત્ર અહમદો અને બાર બાવાઓના આશીર્વાદ થી નંખાયો છે.(જો કે અમદાવાદની સ્થાપનાની ભૂમિકામાં બે સુપ્રસિદ્ધ કિંવદંતીઓ 'જબ કુત્તે પર સસ્સા આયા, તબ અહમદશાહે શહર બસાયા! અને આશાભીલની પુત્રી અસની (બીજું નામ શિપ્રા) અને સુલતાન અહમદશાહ વચ્ચેની પ્રણયગાથા પણ સંકાળાયેલી છે; પરંતુ ઈતિહાસને એવી વાર્તાઓ સાથે કોઈ સંબંધ નથી.

### 5.5.2અમદાવાદના/ગુજરાતના વહીવટીતંત્ર જાણવા માટેનાં સાધનો

અમદાવાદના વહીવટીતંત્રનો ઈતિહાસ જાણવા માટે પ્રાથમિક આધાર સામગ્રી અને માધ્યમિક આધાર સામગ્રી (સાધનો- Source) મળી આવે છ, જે આ પ્રમાણે છે ;

| પ્રાથમિક આધાર સામગ્રી (Primary Sources) | માધ્યમિક આધાર સામગ્રી (Secondary Sources) |
|---|---|
| 1. હઠીસિંહના જૈન દહેરાસર (દિલ્હી દરવાજા બહાર, શાહીબાગ, અમદાવાદ) માં કોતરણી કરેલો શિલાલેખ | 1. સર્વસંગ્રહ (ગેઝેટિયર) |
| 2. અહમદશાહના અને મહેમૂદ બેગડાના સમયના સિક્કાઓ | 2. રત્નમણિરાવ જોટેનો ગ્રંથ, ગુજરાતનું પાટનગર અમદાવાદ |
| 3. તત્કાલીન સમયમાં દોરાયેલાં ચિત્રો અને ચિત્રાંકનો | 3. ડૉ. નવીનચંદ્ર આચાર્યનું પુસ્તક : ગુજરાતનો ઈતિહાસ |
| 4. સ્મારકો અને ઐતિહાસિક બાંધકામો | 4. ડૉ.હરિપ્રસાદ શાસ્ત્રી અને અન્યના ગ્રંથો : 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ખંડ –૫; સલ્તનતકાલીન |
| 5. હવેલીઓ, મહેલો, કિલ્લા, દરવાજાઓ, ચબુતરા અને અન્ય ઈમારતો | 5. રત્નમણિરાવ જોટે : 'ગુજરાત સાંસ્કૃતિક ઈતિહાસ : ઈસ્લામ યુગ |
| 6. મંદિરો, મસ્જિદો, મકબરા, રોજા, ઘુમ્મટો, મિનારાઓ, પ્રતિમાઓ, લેખો વગેરે | 6. મેરુતુંગાચાર્ય : પ્રબંધ ચિંતામણિ સલ્તનત યુગ |
| 7. વાવ,કૂવા અને તળાવ વગેરે | 7. અલી મુહમ્મદખાન : મિરાતે અહેમદી : સલ્તનત યુગ |
| 8. જૈન રાસમાળાના ગ્રંથો (પદ્ય સ્વરૂપે) | 8. શેઠ મગનલાલ વખતચંદ : અમદાવાદનો ઈતિહાસ |
| 9. તત્કાલીન સમયે શહેરની મુલાકાત લેનાર પ્રવાસીઓના લખાણો. | 9.પ્રો. મનુભાઈ બી. શાહ : 'અમદાવાદનો ઈતિહાસ (બીજી આવૃત્તિ, 2016) |

**5.5.3 સલ્તનત યુગ દરમિયાન ગુજરાતનો વહીવટ :**

*અમદાવાદ શહેર ગુજરાતની રાજધાની હતી, અને ગુજરાતના સુલતાનો અમદાવાદમાં જ બાંધેલા રાજમહેલમાં રહેતા હોવાથી, ગુજરાતનો સમગ્ર વહીવટ અમદાવાદમાંથી જ થતો હતો. એ સમયે 'સુલતાનો કે બાદશાહીની મરજી એ જ કાયદો' ગણાતો! સુલતાનો જુદાં જુદાં ખાતાના અધિકારીઓની નિમણૂક કરતા. એ સમયે વહીવટીતંત્રમાં કુલ 19 ખાતાઓ હતાં, એ દરેક ખતાઓનો ઉપરી (વડો) અને તેના હાથ નીચેના કર્મચારીઓ તેમજ એ ખાતાને લગતાં કયા કયા કાર્યો હતાં અર્થાત એ ખાતાએ કઈ કઈ ફરજો બજાવવાની હતી, તેનો અભ્યાસ પણ કરવો ખૂબ જ આવશ્યક છે. એ ખાતાઓ આ પ્રમાણે હતાં.*

1. *પોલીસ ખાતુ : કોટવાલ અને ફોજદાર*
2. *સુબાના દીવાનની કચેરી : દીવાન*
3. *ન્યાય ખાતુ : કાજીઓ*
4. *બક્ષી ખાતુ : બક્ષી (માહિતી ખાતાના વડા)*
5. *ટપાલ ખાતુ : કાસદો, અશ્વો, વાહનો વગેરે.*
6. *અશ્વદળખાતુ : મનસબદાર (ઘોડાઓને દાગ (ચિહ્ન) લગાડવાની પદ્ધતિ)*
7. *ખજાના ખાતુ : (ટ્રેજરી); જેમાં જજિયાવેશાખાતુ, પુણ્યદાર ખાતુ બાકી રકમોની ઉઘરાણીનું ખાતુ, માલ-કાપડ-ઢોર વગેરેનું મહેસૂલ ખાતુ (હિન્દુઓમાં) વગેરેનો સમાવેશ.*
8. *કાપડ બજાર ખાતુ : અમીન અને દરોગો હતા. મુકીમ-અમલદાર હતા.*
9. *સાયરકોઠા (પરચુરણ) ખાતુ : સરકારી ખરીદ ખાતુ*
10. *પોષક ખાતુ : બાદશાહના પોષાક માટે ઉત્તમ કાપડ, જરીક્સબ કિનખાબ વગેરે ખરીદવામાં આવતાં હતાં.*
11. *બાગ-બગીચા ખાતુ : શહેરોની રોનક વધારવા બાગ-બગીચા તૈયાર કરાતા.*
12. *બેતુલ(બિનવારસી) માલ ખાતુ : જપ્ત કરેલ માલની વિગતો સાથે નોંધ કરાતી*
13. *નોબત અને ઘડિયાળ ખાતુ : ભદ્રના કિલ્લામાં તેની કચેરી હતી.*
14. *ઈમારત ખાતુ : જાહેર બાંધકામ ખાતુ કહેવાય, જે મરામત પણ કરતું*
15. *તોપખાનું ખાતુ : મીરે સામાનની મહોરથી અધિકારીનીમાતો.*
16. *લંગર (સદાવ્રત), ડગલા-કામળા ખાતુ : શિયાળામાં ગરીબોને મફત ધાબળા-ડગલા આપતા*
17. *ઔષધાલય ( દારૂરિસફા) ખાતુ : મફત દવાઓ અને ભોજન અપાતું*

18. હરડે અને મુરબ્બા ખાતુ : રખિયાલ અને ચાંપાનેરમાં હરડેના ઝાડમાંથી (મુરબ્બો બનાવાતો)
19. ચિત્તાઓની સંભાળ રાખતુ ખાતુ : પાલનપુર-કાંકરેજમાં ચિત્તાઓની સંભાળ રાખતું હતું.

- **પોલીસ ખાતુ**

ગુજરાતના દરેક મોટા શહેર (સવિશેષ અમદાવાદ)ની કોર્ટની અંદરના વિસ્તારમાં પોલીસ વિભાગનો મુખ્ય અમલદાર કોટવાલ હતો. કોટવાલનો ચબૂતરો (મુખ્ય પોલીસ સ્ટેશન) રહેતો. અમદાવાદમાં ભદ્રમાં જે સ્કૂલ આવેલી છે, ત્યાં ચબૂતરો હતો. શહેરના જુદી જુદી જગ્યાએ આવા ચબુતરા હતા. કોટવાલ તરફથી એ ચબૂતરામાં તેના હાથ નીચે પોલીસ રખાતા; જેમાં રાત્રે ફરીને ચોકી કરતા અને દિવસે જે તે વિસ્તારમાં શાંતિ જાળવતા. અમદાવાદના કોટ વિસ્તારમાં આવા કુલ 13ચબૂતરા હતા.

કોટવાલની નિમણૂક રૂા. 213માસિક વેતનથી દિલ્હીના મીરે આતીશની મહોરવાળા પત્રથી થતી. તેને 100 સૈનિકોનું પાયદળ અને 50ઘોડેસવાર મદદ માટે અપાતા.

શહેર બહારના વિસ્તારનો ઉપરી ફોજદાર હતો. તે અમદાવાદમાં તે આસ્ટોડિયા દરવાજા બહાર નેનપુરમાં રહેતો હતો. તેને 500 ઘોડે સવારનું લશ્કર રાખવું પડતું અને તેના નિભાવ માટે સુલતાન તરફથી મહિને 20,000 રૂ. મળતા. એજ રીતે દિલ્હી દરવાજા બહાર રાજીપુરમાં નદીને સામે કિનારે ફિરોજપુરમાં એમ મળીને કુલ ૧૭ નાકાં હતાં અને તે દરેકનો ઉપરી ફોજદાર હતો. અમદાવાદ શહેરની બહારનો વિસ્તાર પરા વિસ્તાર ગણાતો; જેમાં સરખેજથી અચેર (સાબરમતી) સુધી અને વટવાથી છેક નરોડા સુધીનો સમાવેશ થતો હતો.

**સૂબાના દીવાનની કચેરી :**

ગુજરાતના મોટા શહેરોમાં સૂબાના દીવાન (મંત્રી) ની કચેરી આવેલી હતી. તેના વડાનો હોદ્દો હાલના કમિશ્નર જેવો હતો. દિલ્હીના મુખ્ય વઝીર (મુખ્ય મંત્રી) ની મહોરથી તેની નિમણૂક થતી હતી. શહેરમાં પાણી, સ્વચછતા, શાંતિ-વ્યવસ્થા, કાયાદાઓનું પાલન વગેરે અંગેની વ્યવસ્થા તે સંભાળતો હતો. તેની કચેરી અમદાવાદમાં આવેલી હતી અને તેને મદદ કરવા અન્ય કર્મચારીઓ રહેતા.

- **ન્યાયખાતુ**

દરેક મોટા શહેરમાં 'સદર કચેરી-એ-સહારત' નામની કચેરી (હાલના અર્થમાં કોર્ટ) આવેલી હતી. તેનો વડો કાઝી કહેવાતો. તેના હાથ નીચે ડેપ્યુટી કાજીએ પણ

નીમાતા. મુખ્ય કાઝીની નિમણૂક કરવામાં આવતી હતી. કાઝીએ બજાવવાની ફરજો નીચે પ્રમાણે હતી :

i. ખુતબા વાંચનાર અને નમાજ પઢાવનારની નિમણુક કરતા હતા.
ii. ધર્માદા ખાતો, વઝીફા, દરગાહોનો વહીવટ વગેરે ઉપર તે દેખરેખ રાખતા હતા.
iii. સલ્તનત તરફથી એક મુખ્ય વકીલ (ગરીબ જનતા માટે) નિમવામાં આવતો હતો; અને તેને રોજનો એક રૂપિયો વેતન તથા તેના સહાયક વકીલોને રોજના આઠ આના વેતન અપાતું હતું.
iv. કાઝી તેના રસાલા સાથે બજારમાં આચિંતી મુલાકાત લઈ, વજનિયાં, મેજરપટ્ટી, માપિયાં, વગેરે બરાબર છે કે નહિ તે તપાસ કરતો. કાઝીની સાથે જે મુહનસીબની કચેરીનો અધિકારી જોડાતો તેને માસિક રૂ. 100નો પગાર અને તહેનાતમાં 10 સવાર અપાતા. આમ, ઓછાંમાં ઓછા ખર્ચથી ન્યાયખાતુ ચાલુ હતું.
v. તમામ સરકારી દસ્તાવેજો, મિલકતોના દસ્તાવેજો વગેરે કાઝીની માહોરથી અને અહીંથી બનતા. એ દસ્તાવેજોની ભાષા સંસ્કૃત રહેતી; અને શાસકો તેનો કોઈ વાંધો લેના ન હતા. પાછળ એ અરબી ભાષામાં લખવા માંડયા હતા.

- **બક્ષી ખાતુ (માહિતી ખાતુ) :**

બક્ષી એટલે રાજ્યમાં બનતી તમામ ઘટનાઓની નોંધ રાખનાર અને સુલતાનને/સુબાને સઘળી માહિતી પૂરી પાડનાર અધિકારી. બક્ષીની કર્મચારીઓ આખા શહેરમાં છૂપા વેશે ફરતા રહેતા અને દરરોજ સાંજે તમામ એકઠી કરેલી માહિતી સૂબાને પહોંચાડાતી બક્ષી એમાંથી જરૂરી માહિતી સુલતાનને/બાદશાહને પહોંચાડતો. બક્ષીના કર્મચારીઓનું કાર્ય જાસૂસ જેવું અથવા છૂપી પોલીસ જેવું હતું.

- **ટપાલ ખાતુ**

રાજ્યભરમાં કાસદો (સંદેશવાહકો) પથરાયેલા હતા. આ ટપાલ ખાતાના ઉપરી અધિકારીને 'દરોગા' કહેવામાં આવતો હતો. તેને 20 સવારો મળતા. એક ટપાલ-કચેરીથી અન્ય કચેરીમાં ટપાલો મોકલાતી. આ વ્યવસ્થા મુઘલ સમયમાં વધુ વ્યવસ્થિત બની હતી. આવશ્યક બધી જ ટપાલો સુલતાનને તેમના વિશ્વાસુ કાસદો મારફતે પહોંચી જતી. અમદાવાદ છેક દિલ્હી સરકારી ટપાલો અને અમદાવાદની ટંકશાળમાં બનેલા સિક્કાઓ પહોંચાડાતા. જે હદમાં થઈને દરોગા પસાર થતા હોય, તેની સલામતીની જવાબદારી, જે તે વિસ્તારના ફોજદારની ગણાતી. આ ટપાલખાતા દ્વારા ખાનગી ટપાલોની વ્યવસ્થાની કોઈ જાણકારી મળતી નથી. અમદાવાદથી દિલ્હી 12 દિવસ અને

*જરૂર પડે તો ફક્ત 7દિવસમાં જ (આટલું લાંબું અંતર ખૂબ જ ઝડપથી કાપીને !) બાદશાહને ટપાલો પહોંચાડાતી. ક્યારેક આ ટપાલ ખાતા દ્વારા 'હલકારા' ખાતુ પણ ચાલતું, જે પરચૂરણ કામો- ટપાલોની વ્યવસ્થિત ગોઠવણી, તેને કોથળામાં મજબૂત દોરીઓથી પેક કરવી વગેરેનો સમાવેશ થાય છે; વાહનો કે અશ્વોમાં મૂકીને ટપાલના કોથળા રવાના કરાતાં.*

*વળી, ખબરપત્રીના ખાતાની કચેરી પણ રાજ્યમાં આવેલી હતી. આમ, ટપાલ ખાતુ, હલકારા ખાતુ, અખબાર ખાતુ વગેરે 'નવીસ ખાતુ' પણ કહેવાતું હતું.*

- **અશ્વદળ -સંભાળ ખાતુ (ઘોડાઓને રાજ્ય ચિહ્ન/દાગ લગાડવાની પદ્ધતિ)**

  *અશ્વદળના વડાને 'મનસબદાર' કહેવામાં આવતો હતો. મનસબદાર રાજ્યના તમામ ઘોડાઓની તપાસ રાખતો તથા રોજે રોજ હાજરી પૂરવામાં આવતી.*

**ખજાના ખાતુ (ટ્રેજરી) :**

*ટ્રેજરી (તિજોરી) ખાતાના અમલદારોને રૂ. 80 નો માસિક પગાર અપાતો હતો. તે સમયે મહોર અશરફી 11 માસા વજનની ગણાતી અને એક રૂપિયો સાડા અગિયાર માસા વજનનો ગણાતો. શાહી ખજાનામાં નાણુ મોકલવા માટે રક્ષકો સાથે ગાડાઓમાં સિક્કાઓ મોકલવામાં આવતા હતા. બે બળદના એક ગાડામાં 40 હજાર રૂપિયા અને ત્રણ ગાડાઓમાં એક લાખ રૂા. મોકલવામાં આવતા હતા.*

*હિન્દુઓના વેચાણ માટે મોકલવામાં આવતા માલ પરનું કાપડ પરનું, ઢોરઢાંખર પરનું મહેસૂલ ઉઘરાવીને દિલ્હી અથવા અમદાવાદ મોકલાવામાં આવતું હશે, જજિયાવેરાની રકમ (હિન્દુઓ પર વિશેષ કર) પણ એકઠી કરીને મોકલાતી.*

- **કાપડ બજાર જકાત ખાતુ**

*કાપડ બજારમાં તૈયાર માલ ઉપર લેવાતી જકાત 5% હોવાથી તેને વેપારીઓ 'પાંચ ટકા ખાતુ' તરીકે ઓળખતાં. આ ખાતાના અધિકારીઓ અમીન, દરોગા અને મુકીમ હતા. તેઓ બજારોમાં જઈને કાપડ સિવાયની બીજી ચીજવસ્તુઓની કિંમત નક્કી કરી, તેની ઉપર સેંકડે 12% જકાત લઈને, ખજાનામાં જમા કરાવતા, બીજી તરફ નેનપુરમાં (આસ્ટોડિયા દરવાજા બહાર) આવેલ જકાત ખાતામાં સુરતથી આવતા કરિયાણાની જકાત ત્યાં જ લેવાતી. આ સિવાય પાકાં (કમાવેલાં) ચામડાં પરની જકાત પણ લેવાતી.*

*વેપારીઓ અધિકારીઓની પાસેથી મહોરની પહોંચ લઈને, પોતાના માલ છોડાવતા હતા.*

- **સાયકકોઠા ખાતુ (પરચુરણ ખાતુ )**

*અમદાવાદ શહેર બહારના વિસ્તારોમાં (દા.ત. સરખેજ, ઈસનપુર, નરોડા, શાહીબાગ, અડાલજ, સરસપુર, રખિયાલ, શાહવાડી, જીતબાગ, સિન્દ્રા, રાજપુર-ગોમતીપુર, જહાંગીરપુર-અસારવા, વગેરે) સાયર ખાતાની માંડવીઓ હતી; તેમાં અનાજ વગેરે પણ વેચાતું હતું. ઝવેરી, મણિયારના ધંધા પર, હાથી દાંતની કલાકારીગરીની ચીજો, લક્કડકામ (ખરાદીકામ) વગેરે ઉપર સેંકડે 21/2% જકાત અને ૫% મહેસૂલ લેવામાં આવતાં હતાં. ઝવેરાત ઉપર દલાલો પાસેથી સવા ટકા પ્રમાણે જકાત લેવાતી. ચાંદી ઉપર પણ જકાત લેવાતી. સરકારી દુકાનોનું ભાડું પણ એ અધિકારીઓ એકત્રિત કરતા.*

*સરકારને જોઈતી ચીજવસ્તુઓની ખરીદી ખરીદખાતા મારફતે થતી. તેનો મુખ્ય અધિકારીની નિમણૂક મીરે સમાનની મહોરથી ખરીદી દિલ્હીથી થતી.*

*બાદશાહ માટે ઘોડાઓની જાત તપાસીને અમદાવાદના બજારોમાંથી ખરીદી કરાતી. ખરીદીની કિંમત અને ઘોડા જેટલો વખત અમદાવાદમાં રહે, તેનું ખર્ચ ખજાનામાંથી આપવાનો હુકમ હતો.*

- **કરકરાફખાના અથવા પોષાક ખાતુ**

*આ ખાતાની કચેરી અલગ રહેતી; અને તેના દ્વારા બાદશાહો માટે ઉત્તમ પોષાક ખરીદાતો; તેને બનાવવા આર્ડર અપાતો. જરી-કસબ, કિનખાબ, ચિત્રો અંકિત કરવાં, વગેરે વસ્ત્રો બનાવતી વખતે ખાસ ઉપયોગમાં લેવાતાં. ઢાકાની મલમલની જેમ અમદાવાદની કિનખાબ ભારત દેશમાં પ્રસિદ્ધ હતું. પોષાક ખાતાના અમલદારની નિમણૂક દિલ્હીના મુખ્ય જામદારની સહીથી-મહોરથી થતી.આ ઉપરાંત 15 કારકુનો અને નોકરો એ ખાતામાં કાર્ય કરતા હતા.*

- **બાગ-બગીચાની સંભાળ ખાતુ**

*અમદાવાદ શહેર અને અન્ય શહેરોમાં બાગ-બગીચાઓની સંભાળ રાખવાનું કાર્ય આ ખાતુ બજાવતું. નવા નવા છોડ, નવાં વૃક્ષો, સિંચાઈ, નિંદામણ, સુરક્ષા વગેરે બાબતો ઉપર આ ખાતુ ખાસ ધ્યાન આપતું. બાદશાહોને ખૂબ જ પ્રિય એવા આ બગીચા, પાણીના હોજ, કમળનાં પુષ્પો, નૌકાવિહારનો ઉપયોગ તેઓ અવારનવાર કરતા. અમદાવાદનું કાંકરિયા (કુત્બ-એ-હોઝ) તળાવ અને નગીના વાડી ચંડોળા તળાવ, સરખેજનું તળાવ વગેરેતો ખૂબ પ્રસિદ્ધ બનેલાં કેમકે તેની આસપાસ સુંદર બગીચાઓનું નિર્માણ આ ખાતુ કરતું હતું.*

- **બેતુલ (બિનવારસી) માલ ખાતુ**

*રાજ્યમાંથી અને અમદાવાદ કોટ વિસ્તાર તથા પરા વિસ્તારમાંથી મળી આવેલી બિનવારસી (બેતુલ) ચીજવસ્તુઓ જપ્ત કરવામાં આવતી. તેના ઉપરી અધિકારીની નિમણૂક મીરે સમાનની મહોરથી દિલ્હીથી થતી.*

- **હરડે અને મુરબ્બા ખાતુ**

*અમદાવાદના રખિયાલ વિસ્તારમાં (સોનીની ચાલી પાસે) હરડેના બે વૃક્ષો આવેલાં હતાં. વળી, ચાંપાનેરમાં પણ હરડેનાં વૃક્ષો આવેલાં હતાં. બાદશાહને હરડેનો મુરબ્બો ખૂબ ભાવતો તેથી એ વૃક્ષોની ખાસ કાળજી લેવાતી હતી. હરડેનો મુરબ્બો તૈયાર કરીને, પેક કરીને દિલ્હી બાદશાહને મોકલાતો.*

**નોબત અને ઘડિયાળ ખાતુ :**

*નોબત ખાતુ ભદ્રના મુખ્ય દરવાજામાં હતું. ઘડિયાળીઓ છ-છ રૂપિયાના પગારદાર બે માણસો દરેક પહોર પ્રમાણે ડંકા વગાડતા, તેથી નગરજનોને સમયનો ખ્યાલ આવે; કેમકે બધા જ નગરજનો પાસે તે સમયે ઘડિયાળો (ચાવી આપીને ચલાવવાની) ન હતી. જ્યારે* 14 *નગરચીઓ અને અમલદારો આ ખાતામાં હતા.*

- **ઈમારત ખાતુ :**

*આ અમદાવાદનું જાહેર બાંધકામ વિભાગ જેવું* (Public Works Department) *હતું. શહેરનાં કોટ, બુરજો દરવાજા, બાગ-બગીચા… વગેરેની સંભાળ લેવાનું તેમજ તૂટી ગયેલા ભાગોની મરામત કરાવવાનું વગેરે કાર્યો કરવામાં આવતા હતા. નાનાં ખર્ચ સૂબાની દીવાનની પર વાનગીથી કરવામાં આવતા હતા. જ્યારે મોટા અને જંગી ખર્ચાઓ માટે આશરે ખર્ચની ગણતરી કરીને, તેને માટે દિલ્હીથી મંજૂરી મંગાવવી પડતી હતી.*

**તોપખાનું ખાતુ :**

*આ ખાતામાં લશ્કરમાં વપરાતી તોપો, દારૂગોળો વગેરે રહેતાં. સલ્તનત યુગના સુલતાનોએ તોપખાનાને વિકસાવવા તરફ અને લશ્કરમાં તેને સામેલ કરવા તરફ ખાસ ધ્યાન આપ્યું જ નહીં. તેથી જ ઈબ્રાહીમ લોદી (દિલ્હી સલ્તનત યુગનો છેલ્લો સુલતાન) ઈ.સ.* 1526*ના પાણિપતના બીજા યુદ્ધમાં બાબર (મુઘલોનો પ્રથમ બાદશાહ)ના તોપખાના સામે હારી ગયો હતો. આ ખાતાનો ઉપરી અધિકારીની નિમણૂંક મીરે આતિશને બદલે મીરે સામાનની મહોરથી થતી હતી.*

- **લંગર (સરાવ્રત) ખાતુ**

*આ લંગર ખાતા માટે રોજના રૂ. 50 મંજુર કરાયા હતા. આ રકમમાંથી ગરીબો માટે ખાવાનું પકવીને રોજે રોજ અપાતું. આ રકમની ફાળવણી આ પ્રમાણે થતી હતી.*

*રૂ.* 05=00 *શાહ આલમ સાહેબની દરગાખાનાના લંગરખાનામાં*

*રૂ.* 10 = 00 *પાટણ શહેરના સદાવ્રતમાં*

*રૂ.* 01 = 03 *(આના) = શાહ વજીઉદ્દીન અલવીની દરગાહના સદાવ્રત*

*રૂ.* 02 = 00 *શેખ ઉલ ઈસ્લામની હજીરા (માણેકચોક) ના લંગરખાનામાં વાપરાવામાં આવતી હતી.*

------------

*રૂ.* 50 = 00

*શિયાળામાં ગરીબોને ઠંડીથી રક્ષણ આપવા માટે ઓઢવાના ગરબ ધાબળા તથા ડગલા આપવા માટે દર વર્ષે રૂા.* 1500 *ખર્ચ મંજુર કરાયા હતા.*

- **દારૂસ્સિફા (ઔષધાલય ખાતુ)**

*આ ખાતાનો મુખ્ય વડો હકીમ હતો. શાહ વજીઉદ્દનની દરગાહ આગળ રચાયેલા દવાખાનામાં એક હકીમની નિમણૂક રોજના 10 આનાના વેતનથી કરાયેલી. બે હિન્દુ આયુર્વેદી વૈદ્યોની પણ, એકને દસ આના રોજ અને બીજાને આઠ આના વેતન અપાતું.*

*દવાઓ માટે રોજના 8 આનાનો ખર્ચ કરાતો હતો. ગરીબ દર્દીઓને દવાઓ ઉપરાંત સાદો ખોરાક પૂરો પડાતો હતો. વાઢકાપ/શસ્ત્રક્રિયા માટે એક નિષ્ણાત વૈદ્ય રાખવામાં આવ્યો હતો; એને રોજના આઠ આના પગાર અપાતો. આમ, આ ખાતુ ખૂબ સક્રિય હતું અને ઘણા લોકો તેનો લાભ લેતાં. દવાઓ, ગરીબોને ખોરાકી ખર્ચ વગેરે માટે વર્ષ* 2000 *રૂ. નિવારસી ખાતામાંથી અપાતા હતા.*

- **ચિત્તાઓની સંભાળ રાખવાનું ખાતુ**

*ગુજરાત રાજ્યમાં આવેલ પાલનપુર, કાંકરેજ વગેરે વિસ્તારોમાં સારી એવી સંખ્યામાં ચિત્તા હતા. તેઓ પહાડી વિસ્તારમાંથી નજીકનાં ગામડાંઓ પ્રવેશી જઈ, માનવોનો શિકાર ન કરે તેની અને એ ચિત્તાઓ ઉપર ઝેરી બાણ છોડી શિકારીઓ તેમને મારી ન નાખે, તે અંગે સતત દેખરેખ રાખવા માટે* 24 *માણસોની ટીમ રાખવામાં આવતી હતી. આમ ગુજરાત ચિત્તાઓની સાર-સંભાળ રાખવાનું કપરું કાર્ય એ ટીમ બજાવતી હતી.*

**તમારી પ્રગતિ ચકાસો : 2**

1. *ગુજરાતની રાજધાની અમદાવાદ શહેરની સ્થાપના ક્યારે અને કેવી રીતે કરાયેલી? (આશરે પાંચ લીટીમાં લખો.)*
2. *ગુજરાતની રાજધાની અમદાવાદના વહીવટીતંત્રનાં ત્રણ અંગોનો ટૂંકમાં પરિચય કરાવો.*

   *(અ) પોલીસ ખાતુ*

   *(બ) ન્યાય ખાતુ*

   *(ક) ઈમારત ખાતુ*
3. *નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.*

1. *અમદાવાદથી છેક દિલ્હી સુધી સંદેશાઓ લઈ જવા કે ત્યાંથી સંદેશાઓ લાવવાનું ઝડપી કાર્ય ----------કરતા હતા.*
2. *બક્ષીના હાથ નીચેના કર્મચારીઓનું કાર્ય ----------જેવું હતું.*
3. *વજનિયાં, મેજરપટ્ટી, માપિયાં વગેરે વેપારીઓ બરાબર કે સાચાવાપરે છે કે તેની તપાસ ---------અધિકારી કરતો હતો.*
4. *ઝવેરીઓ, મણિયારાના ધંધાની ઉપજો ઉપર સેંકડો---------જકાત અને ૫% ------પણ ભરવું પડતું હતું.*
5. *વાઢકાપ કે શસ્ત્રક્રિયા કરનાર નિષ્ણાંત વૈદ્યરાજને રોજના -----------વેતન ચૂકવાતું હતું.*
6. *ઔષધાલય (દારૂસ્સિફા) ખાતાનો વડો ---------હતો.*
7. *બાદશાહ માટે ઉત્તમ ઘોડાઓની ખરીદી -----------ના બજાર માંથી કરવામાં આવતી હતી.*

**5.6 સમાપન**

*ગુજરાતના સુલતાનોની દેખરેખ નીચે વિવિધ ખાતાઓ દ્વારા ખૂબ જ સુંદર, કાર્યક્ષમ અને ઉપકારક વહીવટી માળખું જે ઊભું કરાયું હતું, તે પાછળના (મુઘલ, મરાઠા વગેરે) શાસકો માટે ખૂબ પ્રેરક અને અનુકરણીય બની રહ્યું. આટ આટલાં ખાતાઓ અને આટલા બધા વહીવટી અધિકારીઓ ખૂબ જ પ્રામાણિક અને નિષ્ઠાપૂર્વક પોતાની ફરજો બજાવતાં હતા. ક્યાંય એક રૂપિયાની ઘાલમેલ (ભ્રષ્ટાચાર) ન હતી. સુલતાનો એ બાબતમાં ખૂબ જ કડક હશે. આમ, સલ્તનત યુગે એક કાર્યક્ષમ અને કડીબદ્ધ વહીવટી માળખું સ્થાયી, વિકસાવી ત્રણ વર્ષો સુધી ટકાવી રાખ્યું, એ ખૂબ મોટી સિદ્ધિ ગણાય.*

## 5.7 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*

**બહુવિકલ્પ પ્રશ્નોના ઉત્તરો**

1. *ઉલેમાઓ*

૨. *પત્રવ્યવહાર શાહી ઈમારતો અને આજ્ઞાપત્રો તૈયાર*

3. *ઈક્તા*

**ખાલી જગ્યા પૂરો**

1. *કાયદો*

2. *ગુપ્તચર*

3. *મુહનસીબ કચેરીનો અધિકારી*

4 2 1/2 *અથવા* 2.5% *મહેસૂલ*

5. *આઠ આના*

6. *હકીમ*

7. *અમદાવાદ*

| એકમ- 6 | સલ્તનત સમય દરમિયાન ગુજરાતની સામાજિક આર્થિક, ધાર્મિક સ્થિતિ અને તે  સમયનું સાહિત્ય |
|---|---|

રૂપરેખા :

6.0 ઉદેશ્યો

6.1 પ્રસ્તાવના

6.2  સલ્તનત સમય દરમિયાન ગુજરાતની સામાજિક સ્થિતિઃ

- 6.2.1 સમાજવ્યવસ્થા
- 6.2.2 મહિલાઓની સ્થિતિ
- 6.2.3 રીત રિવાજ
- 6.2.4 ખોરાક
- 6.2.5 પહેરવેશ
- 6.2.6 અલંકાર
- 6.2.7 માન્યતા અને વહેમો
- 6.2.8 મનોરંજન અને ઉત્સવ

6.3 સલ્તનત સમય દરમ્યાન ગુજરાતની આર્થિક સ્થિતિઃ

- 6.3.1 ખેતી
- 6.3.2 ઉદ્યોગ
- 6.3.3 વેપાર – વાણિજ્ય
- 6.3.4 આયાત-નિકાસ
- 6.3.5 કરવેરા
- 6.3.6 સલ્તનતકાલીન બંદરો

6.4 સલ્તનતકાલીન ગુજરાતની ધાર્મિક સ્થિતિઃ

- 6.4.1 હિંદુ ધર્મઃ
- 6.4.2 વૈષ્ણવ સંપ્રદાયઃ
- 6.4.3 જૈન ધર્મઃ
- 6.4.4 ઈસ્લામ ધર્મઃ
- 6.4.5 જરસ્થોતી ધર્મઃ

6.5 સલ્તનત સમયનું ગુજરાતનું સાહિત્ય

6.6 સારાંશ

6.7 ચાવિરૂપ શબ્દો

**6.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**6.9 સંદર્ભ ગ્રંથો**

## 6.0 ઉદેશ્યો

*આ એકમના ઉદેશ્યમાં સલ્તનત સમય દરમ્યાન ગુજરાતની સામાજિક, આર્થિક સ્થિતિ અને તે સમયના સાહિત્ય નો અભ્યાસ કરવાનો જે એકમના અધ્યયનથી આટલી સમજ કેળવાશે.*

- *સલ્તનત સમય દરમ્યાન ગુજરાતની સામાજિક પરિસ્થિતિ વિશે સમજ કેળવાશે.*
- *સલ્તનત સમય દરમ્યાન ગુજરાતની આર્થિક સ્થિતિ વિશે સમજ પ્રાપ્ત થશે.*
- *સલ્તનત સમય દરમ્યાન ગુજરાતના સાહિત્ય વિશે જાણકારી મેળવશે.*

## 6.1 પ્રસ્તાવના

*ગુજરાતમાં સલ્તનત સમય દરમિયાન અનેક સુલતાનોએ વહીવટ કર્યો. ગુજરાતમાં અલાઉદ્દીન ખિલજીએ જયારે ગુજરાતને જીત્યું ત્યારથી સલ્તનત હેઠળ આવ્યું. તેમાં ઈ.સ.* 1304 *આસપાસના સમયગાળા દરમિયાન અલાઉદ્દીન ખિલજીએ એના સાળા મલેક સંજરને 'અલ્પખાન' બહાદુરનો ખિતાબ એનાયત કરી ગુજરાતમાં વહીવટ માટે નાઝીમ તરીકે નિમણુક કરી હતી. તેના પછી સમયાંતરે કમાલુદીન ગુર્ગ, સુલતાન શિહાબુદીન ખિલજી અને મુબારકશાહ ખિલજી, એનુલમુલ્ક મુલતાની, મલેક દીનાર ઝફરખાન, મલેક હુસાદીન, વહીદુદીન કુરેશી, ખુશરોખાન સુલતાન ખુસરોશાહ વગેરેએ ગુજરાતનો વહીવટ કર્યો. ત્યારબાદ તુઘલક સલ્તનતના અમલ દરમ્યાન સુલતાન ગિયાસુદિન તુઘલક, તાજુદીન તુર્ક, સુલતાન મુહમ્મદશાહ તુઘલક, મુહમ્મદ શરફૂલ મુલ્ક અલ્પખાન, મુકબિલ તિલંગી, શેખ મુઈઝુંઝુદીન, ઈબ્ને બતુતા, નિઝામુલમુલ્ક જુના બહાદુર તુર્ક, સુલતાન ફિરોઝશાહ તુઘલક, નાઝિમ નિઝામુલમુલ્ક, ઝફરખાન ફારસી, દરીયાખન ઉર્ફે ઝફરખાન રજો, શમ્સુદિન દામગાની, ફર્હતુલમુલક સુલતાન નાસિરુદ્દીન મુહમ્મદશાહ, ઝફરખાન બિન વજીરલમુલ્ક મુઝફ્ફરખાન, સુલતાન નાસિરુદ્દીન મહમુદશાહ વગેરેએ ગુજરાતમાં વહીવટ તરીકે કાર્ય કર્યું. આમ વારંવાર ગુજરાતમાં દિલ્હી સલ્તનતની સતા સામે બળવા થયા કરતા છેલ્લે ગુજરાતમાં નાઝિમ સ્વતંત્ર રીતે વહીવટ કરવા લાગ્યો.ગુજરાતના નાજીમ ઝફરખાનના પુત્ર તાતારખાન દિલ્લીથી સ્વતંત્ર થઈ ગયો, અને તે પછી ઝફરખાનએ મુઝફરશાહ પહેલાનું બિરુદ ધારણ કરી ગુજરાતમાં સ્વતંત્ર મુસ્લિમ સલ્તનતની સ્થાપના કરી અને તે પછી અહમદ શાહ પહેલાએ, મહિમીદ શાહ ,મહમંદ શાહ,સુલતાન મુહમુદ શાહ વગેરે સુલતાનો આવ્યા. આ સમય દરમિયાન*

ગુજરાતની સામાજિક, આર્થિક સ્થિતિમાં ઘણાં પરિવર્તનનો જોવા મળે છે. આ સમયમાં સાહિત્ય પણ ઘણું રચાયું જેના વિશે વિગતે ચર્ચા આ પ્રમાણે છે.

## 6.2 સલ્તનત સમય દરમ્યાન ગુજરાતની સામાજિક સ્થિતિ :

સલ્તનત સમય દરમ્યાન ગુજરાતની સામાજિક સ્થિતિમાં તે સમયની સમાજવ્યવસ્થા, મહિલાઓની સ્થિતિ, પોશાક, રીતરીવાજ, ખોરાક, મનોરંજન વગેરે પાસાઓ સામાજિક સ્થિતિમાં જોવાનો પ્રયત્ન કરીએ જે આ પ્રમાણે છે.

### 6.2.1 સમાજવ્યવસ્થાઃ

દિલ્હી સલ્તનત સમય દરમિયાન ગુજરાતમાં સમાજવ્યવસ્થામાં જોવા જઈએ તો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણો ઉપરાંત કંદોઈ, કાછી, કુંભાર, માળી, મર્દનિયા, સુત્રધાર, ભઈસાયત, તંબોળી સોનાર (સોની), એમ નવ નારુ તથા ગાંછા, છીપા, લુહાર, મોચી અને ચર્મકાર એ પાંચ કારૂ મળીને અઢારે વરણ ગણાતી હતી. બ્રાહ્મણોની સર્વોપરિતા એ પ્રાચીન સમયથી ચાલી આવતી તે પ્રમાણે જોવા મળતી. તેઓ ઉચ્ચ અને પૂજ્ય મનાતા, ક્ષત્રિયો મુખત્વે સૈનિક કાર્યમાં પ્રવૃત હતા. અને કેટલાકે અન્ય વ્યવસાય પણ સ્વીકારવા પડ્યા હતા. તત્કાલીન ઈતિહાસ અને પાળીયાઓ જોતા જણાય છે કે શત્રુના આક્રમણ વખતે કે ગાયોના રક્ષણ માટે ક્ષત્રિયોએ પોતાના પ્રાણ પાથરવામાં પણ પાછી પાની નહોતી કરી. બ્રાહ્મણો અને ક્ષત્રિયોની માફક વૈશ્યો પણ ઉચ્ચ ગણાવા લાગ્યા હતા. તેઓ ખેતી, વેપાર કરતા. વેપારમાં કુશળ હોવાથી તેઓ દેશ વિદેશમાં પણ જતા અને દરિયાઈ સફરો પણ કરતા હતા. લાવણ્ય સમયે નાટકિયા (નાટક કરનાર) લોકોને શુદ્ર કહ્યા છે.

### 6.2.2 મહિલાઓની સ્થિતિ

સલ્તનતકાલ દરમિયાન ગુજરાતમાં બાળલગ્ન પ્રચલિત હતા. નાની વયે કન્યાના લગ્ન કરી નાખવાની પ્રથા હતી. સામાન્ય રીતે એક પત્નીત્વ, દ્વિપત્નીત્વ અને અનેક પત્નીત્વ એ ત્રણેય પ્રથાઓ પ્રચલિત હતી. વિધવાની હાલત કફોડી હતી. જ્યારે પતિના મૃત્યુથી તે સાસરિયા અને પિયરમાં બંને જગ્યાએ માન ગુમાવતી, બાળકોને ઘણું સહન કરવું પડતું. તત્કાલીન સમાજમાં પુત્ર જન્મનો ઉત્સવ મનાતો અને કન્યાનો જન્મ અપ્રિય મનાતો. આમ સ્ત્રીઓની પરિસ્થિતિ જોતા એવું લાગે છે કે સલ્તનતકાલ દરમિયાન ગુજરાતમાં પુત્રને વધુ માન આપવાની પ્રથાના કારણે સ્ત્રીઓને ઘણી મુશ્કેલી વેઠવી પડતી હતી.

### 6.2.3 રીતરિવાજઃ

*સલ્તનત સમય દરમિયાન ગુજરાતમાં સામાજિક રીતરિવાજો જુદા જુદા જોવા મળે છે. લગ્નોનો રીવાજ એ સામાન્ય રીતે ધાર્મિક વિધિસર થતાં. તેમાં મંત્રોચાર, પાણિગ્રહણ મંગળફેરા, સપ્તપદી વગેરેનું મહત્વ વિશેષ હતું. દહેજની આપલેની બાબતમાં જ્ઞાતિના પંચોની પકડ વિશેષ જોવા મળતી હતી. લગ્ન વિધિ જ્ઞાતિજનોના હાજરીમાં થતી. જયારે મુસ્લિમ સમાજમાં લગ્નો કાઝીની હાજરીમાં થતાં. તેમાં કુરાનના આદેશ અનુસાર ધાર્મિક વિધિને મહત્વ આપવામાં આવતું. રીતરિવાજમાં સંસ્કારનું મહત્વનું સ્થાન હતું. પુત્રજન્મ, નામકરણ, વિદ્યાદાન, લગ્ન, અંત્યેષ્ઠી વગેરે રિવાજો પ્રચલિત હતા. પુત્ર જન્મ વખતે આનંદ-પ્રમોદનું વાતાવરણ ઉભું થતું. અને જન્મોત્સવનું આયોજન થતું. બાળકના જન્માક્ષર પણ તૈયાર કરાવતા. છઠ્ઠીની રાત્રીએ ઉજવાતા પ્રંસગોમાં બાળકને સ્નાન કરાવી. કુલદેવતાને પગે લગાડવામાં આવતું. સમય પ્રમાણે લગ્ન ઉત્સવ મનાવવામાં આવતો. લગ્ન મંડપના તોરણે આવતા સાસુ પ્રેમથી પોંખતી, હસ્ત મેળાપ, કન્યાદાન વગેરે રિવાજો મુજબ લગ્ન વિધિ કરવામાં આવતી. માનવ જીવનમાં અંતિમ સંસ્કારની વિધિ ગંભીરતા પૂર્વક કરવામાં આવતી. સગા સંબંધી વિધિપૂર્વક અગ્નિ સંસ્કાર કરતા. નાના બાળકોને દાટવાની પ્રથા હતી. જયારે સાધુઓને દફનાવીને દફન સ્થાન પર સમાધિ આપવામાં આવતી. સલ્તનત સમય દરમ્યાન સતી પ્રથાનો પ્રચાર ક્ષત્રિઓમાં વધ્યો. તે સમયના ઘણાં અભિલેખોમાંથી તેના ઉલ્લેખો મળે છે. પડદા પ્રથા નો રિવાજ પણ હતો.*

### 6.2.4 ખોરાક

*સલ્તનત સમય દરમ્યાન ગુજરાતમાં શાકાહારી અને માંસાહારી બે પ્રકારના ખોરાક લોકો લેતાં હતા. ખોરાકમાં ઘઉં, ચોખા, બાજરો અને ચણાની વાનગીઓ બનાવવામાં આવતી. સામાન્ય લોકોનો ખોરાક રોટલા, ખીચડી, ઘેસ, દાળ, ભાત મુખ્ય ભોજન હતું. ખાવાના ફળોમાં સૂકા મેવામાં અખરોટ, ચારોલી, બદામ, પિસ્તા, અંજીર, ખારેક, દ્રાક્ષ વગેરે તથા ફળોમાં દ્રાક્ષ, ખજૂર, ફણસ, દાડમ, નારંગી, રાયણ, કેળા, સિંઘોડા, લીંબુ, બીજોરું, સીતાફળ વગેરેનો ઉપયોગ થતો. કેળા અને કેરી ઘણા લોકપ્રિય ફળો હતા. ગુજરાતમાં સલ્તનત કાલ દરમિયાન વિવિધ પ્રકારના ભોજન પ્રચલિત હતા. મિષ્ટાનમાં લાડુ, ખાજા, ઘારી, ઘુઘરી, દૂધપાક, જલેબી વગેરેના ઉલ્લેખો મળે છે.*

### 6.2.5 પહેરવેશ

*સલ્તનત સમય દરમિયાન ગુજરાતમાં વિવિધ પ્રકારના વસ્ત્રો પહેરવામાં આવતા. જેમાં મુખ્યત્વે જોવા જઈએ તો પુરુષોનો પહેરવેશમાં ધોતિયું અને પહેરણ, ખેસ, અંગરખું, કુરતું, ટોપી વગેરે ધારણ કરતા. માથે ફેટો પહેરતા. પોશાક જે તે કલા પ્રદેશ પ્રમાણે રહેતો. પુરુષો માથે પાઘડી કે ટોપી પહેરતા. પગમાં જોડા કે મોજડી પહેરતા પુરુષોના પોશાકના આધારે ખ્યાલ આવે કે આ વ્યક્તિ ક્યાં પ્રદેશનો છે. દરેક પ્રદેશ પ્રમાણે પોશાકમાં વિવિધતા હતી. સ્ત્રીઓના પોશાકમાં સાડી, કાંચળી, કબજો, ચણીયો કે ઘાઘરો વગેરે પહેરવેશ હતો. જ્યારે કુમારિકા ઓઢણું ઓઢતી, ચુંદડી, બાંધણી, પટોળા વગેરે વસ્ત્રો ધારણ કરતી.*

### 6.2.6 અલંકાર

*સલ્તનત સમય દરમિયાન ગુજરાતમાં પુરુષો અને સ્ત્રીઓ વિવિધ પ્રકારના ઘરેણાં પહેરતા. આ અલંકારો એ સોનું, રૂપું, હિરા, માણેક, મોતી વગેરેના પહેરતા. મોટાભાગે સામાન્ય વર્ગના લોકો ચાંદીના ઘરેણાં વધુ ધારણ કરતા. પુરુષો કાને વાળી, હાથે વીટી, કંઠમાં હાર ધારણ કરતા, સ્ત્રીઓમાં રાયણમાળા, બોરમાળા, સાંરખી, ટૂંપીયો, ચંદનહાર, કેડનો કંદોરો, પગના ઝાંઝર વગેરે ઘરેણા પ્રચલિત હતા. સ્ત્રીઓ શુભ પ્રંસગે માથે મોડ પહેરતી. રાજકન્યાઓ માથે મુકુટ પહેરતી. સ્ત્રીઓ કાનમાં વિવિધ ઘાટના અને વિવિધ નામવાળા અલંકારો પહેરતી. જેમાં સોનાના કુંડળ અને પાંદડી મુખ્ય હતા. નાકમાં નાક્ફૂલી(ચુની), મુરકી (નાકની વચ્ચે પહેરાતું ઘરેણું) વગેરે પ્રચલિત હતા. કંઠમાં સોનાના અને મોતીના અનેક સેરોના હાર પહેરાતા. સ્ત્રીઓ કોણીથી ખભા વચ્ચેના ભાગ પર અંગદ પહેરતી, બાજુબંધ અને બેરખા હાથની કોણી આગળ પહેરાતા. પગમાં સ્ત્રીઓ સાંકળા, ઝાંઝર, નૂપુર, ટોડર, કડા અને પદકડી પહેરતી. આમ ગુજરાતમાં સલ્તનતકાલ દરમિયાન પુરુષો અને સ્ત્રીઓના અલંકારોનો પ્રસંગો પ્રમાણે ઉપયોગ કરવામાં આવતો હતો.*

### 6.2.7 માન્યતા અને વહેમોઃ

*ગુજરાતમાં સલ્તનત કાળ દરમિયાન વિવિધ માન્યતાઓ અને વહેમો પ્રવર્તતા હતા. તેમાં ભૂતપ્રેત, વૈતાળ, ડાકણી વગેરે બાબતોમાં જોવા મળતી. લોકો અતિ માનવીય શક્તિઓથી ડરતા, અમુક વૃક્ષ કે ઘર કે સ્થાનમાં ભૂત રહે છે. વળગાડ, મેલામંત્રની સાધના, ડાકણ વગેરે વહેમ સાર્વત્રિક જોવા મળતાં લોકો નસીબ ઉપર આધાર રાખતા શુભ કાર્યોની શરૂઆત શુભ મુહૂર્તથી થતી. લોકોમાં બાળકને નજર લાગવી, અંગ ફરકવું,*

*ભૂતપ્રેત વળગવું વગેરે વહેમો જોવા મળતા. સમાજમાં શુકન-અપશુકન જોવામાં આવતા હતા. સલ્તનત સમય દરમિયાન સમાજમાં વિવિધ વહેમો અને માન્યતાઓ પ્રચલિત હતી.*

### 6.2.8 મનોરંજન અને ઉત્સવ ;

*સલ્તન સમય દરમિયાન ગુજરાતમાં વિવિધ મનોરંજન સાધનો અને ઉત્સવ ઉજવાતા હતા. જેના થકી લોકો આનંદ-પ્રમોદ કરતા હતા. દરેક સમાજમાં મનોરંજનની આવશ્યકતા જોવા મળતી. હિંદુ અને મુસ્લિમ સમાજોમાં વિવિધ પ્રકારના ઉત્સવો ઉજવાતા હતા. અમીરો મદ્યપાન, જુગાર, શતરંજ, ચોગાનની રમતો, ઘોડેસવારી, કુસ્તી, પ્રાણીઓની સાઠમારી વગેરે દ્વારા આનંદ મેળવતા. લોકો જાદુ, મંત્ર, નટ, સંગીત, કથાવાર્તા દ્વારા આનંદ મેળવતા. વિવિધ તહેવારોના દિવસોએ તીર્થ સ્થાનોએ મેળાઓ ભરાતા. આ મેળાઓમાં વિશાળ માનવસમૂહ એકત્રિત થતો. ધાર્મિક પર્વોની ઉજવણીમાં અને મંદિરોમાં મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ધામધૂમ પૂર્વક અને આનંદમાં વાતાવરણ ઉભું થતું. આમ, વિવિધ પ્રકારે ઉત્સવો ઉજવતા, મનોરંજન મેળવતા હતા.*

## 6.3 સલ્તનત સમય દરમિયાન ગુજરાતની આર્થિક સ્થિતિ

*ગુજરાતમાં સલ્તનતકાલીન આર્થિક સ્થિતિમાં વિવિધતા પ્રકારે જોવા મળે છે. તેમાં ખેતી, ઉદ્યોગ, વેપાર, આયાત નિકાસ, કરવેરા, વગેરે બાબતો આર્થિક સ્થિતિમા જોઈએ તો આ પ્રમાણે છે.*

### 6.3.1 ખેતી

*ગુજરાતમાં સલ્તનતકાલ દરમિયાન ખેતીમાં મુખ્યત્વે ઘઉં, ચોખા, જવ, જુવાર, ચણા, તલ, જેવા ધાન્ય પાકો થતા. કેરી, શેરડી, અંજીર, દ્રાક્ષ, દાડમ, કાગદી-લીબુ, કેળા, નારિયેલ, તરબુચ, રાયણ જેવા ફળો પાકતા. અનાજ ઘણું સસ્તું હતું. ઘઉં આઠ જિતલના એક મણ મળતા. ખેતીમાં મબલક પાક ઉતરતો હતો. કપાસ સારા પ્રમાણમાં થતો. ખેતી દ્વારા લોકોને આવકનું મહત્વનું સાધન હતું.*

### 6.3.2 ઉદ્યોગ

*સલ્તનત સમય દરમિયાન ગુજરાતમાં ઉદ્યોગોનો વિકાસ થયેલો જણાય છે. કારણ કે ગુજરાતમાં કપાસ પણ સારા પ્રમાણમાં થતો હતો. એટલે કે કાપડ ઉદ્યોગ વિકસ્યો હતો. ગુજરાતમાં થયેલ કાપડ ઉદ્યોગની કીર્તિ ઈરાન, સિરીયા વગેરે દેશોમાં ફેલાયેલી હતી. ગુજરાતમાં આ સમયગાળા દરમિયાન મોટાભાગે ગુજરાતની છીટોનો મોટો વેપાર*

મલ્લાકા તથા પૂર્વના દેશો સાથે હતો. જરીનું કાપડ, રેશમી કાપડ વગેરે દેશ વિદેશમાં પ્રચલિત હતું. અમદાવાદ અને ખંભાત ઉદ્યોગના મોટા કેન્દ્રો હતા. સુતરાઉ કાપડ ઉદ્યોગ જે તે રેશમી કાપડ ઉદ્યોગ અમદાવાદમાં વિકસ્યો હતો. ખંભાતમાં અકીક ઉદ્યોગ, મીઠું પકવવાનો ઉદ્યોગ વિકસ્યો હતો. ગુજરાતના મહત્વના બંદરોએ વહાણબાંધવાનો ઉદ્યોગ મોટા પ્રમાણમાં ચાલતો. હાથી દાંતની ચૂડીઓ, રમકડા, જરીના તાર, તાળા બનાવવાનો વગેરે ઉદ્યોગ વિકસ્યા હતા. આમ, ઉદ્યોગનો વિકાસ ગુજરાતમાં સલ્તનત સમય દરમિયાન જોવા મળે છે.

### 6.3.3 વેપાર-વાણિજ્યઃ

સલ્તનત કાલીન ગુજરાતમાં વેપાર વાણિજ્યનો વિકાસ થયેલો જણાય છે. આ સમયે અમદાવાદ, ખંભાત, સુરત વેપારના મોટા કેન્દ્રો હતા. આ વેપારી મથકોએ માલ વેચવા માટે જુદા જુદા બજાર હતા. રાજ્ય તરફથી તેના પર દેખરેખ રાખવામાં આવતી હતી. ખંભાત બંદર એ વેપાર માટેનું સલ્તનતકાલીન મહત્વનું બંદર હતું. આ બંદરે થી પુષ્કળ માલ પરદેશથી આયાત થતો અને પરદેશમાં નિકાસ થતો. આ સમયે કાપડ, ઝવેરાત, સોનું, ચાંદી વગેરેનો મોટો વેપાર થતો. આ ઉપરાંત અગાસી, ઉના કે નવાનગર, કેલવાડ, ખંભાત, ઘોઘા, જંજીરા, જાફરાબાદ, ડુમસ, તારાપુર, દમણ, દીવ, ભરુચ, મહુવા, માંગરોળ, સુરત વગેરે બંદરો દ્વારા વેપાર થતો હતો. આ સમય દરમિયાન તત્કાલીન સાહિત્યના પણ દરિયાઈ વેપારની સાક્ષી પૂરે છે. અમદાવાદનું જરીકામ તથા કિનખાબનું કામ પ્રશંસા પામી ચૂક્યું હતું. સરખેજ એ પશ્ચિમ ભારતનું ગળીનું મુખ્ય મથક ગણાતું હતું. સરખેજની ગળી છેક યુરોપ જતી હતી. ભરૂચમાં રેશમી કાપડનો સારો વેપાર ચાલતો હતો.

### 6.3.4 આયાત-નિકાસ

સલ્તનત સમય દરમ્યાન ગુજરાતમાં આયાત-નિકાસમાં જોવા જઈએ તો ગુજરાતમાં આયાત થતી વસ્તુઓમાં ઘોડા, સોપારી, ગુલાબજળ, પિસ્તા, કિસમિસ, દ્રાક્ષ, સોનું, રૂપું, તાંબુ, સુરમો વગેરેનો સમાવેશ થતો હતો. આ સમય દરમિયાન અરબી ઘોડા યમન, બેહરીન, અને ઈરાનથી આયાત કરતા હતા. સોપારી મલબારથી આવતી. ખંભાતમાં આયાત થતી વસ્તુમાં સોનું, રૂપું, તાંબુ, ઘોડા નો સમાવેશ થતો હતો. ગુજરાતના વિવિધ બંદરોથી કાપડ, કપાસ, ખાંડ, સૂંઠ, ગૂગલ, અકીકની બનાવટ, ગળી, રેશમી કાપડ, ચામડું વગેરે નિકાસ થતી હતી. આ માલ મોટભાગે ઈરાન, અરબસ્તાન, આફ્રિકા અને ચીન વગેરે ખાતે જતો હતો.

### 6.3.5 કરવેરા

*ગુજરાતમાં સલ્તનત સમય દરમિયાન આર્થિક બાબતોમાં કરવેરાની વાત કરીએ તો ગુજરાતમાં અહમદશાહે 'વાંટા'ની પ્રથા દાખલ કરી. રાજ્યની આવકનો મોટોભાગ બંદરોથી મહેસુલી અને જકાતથી મળતો દીવના બંદરી મહેસુલનો બધો હકક ગુજરાતના સુલતાનનો હતો.*

### 6.3.6 સલ્તનતકાલીન બંદરો

*સલ્તનતકાલીન સમયમાં વેપાર માટે મહત્વના બંદરો હતા. તેમાં ખંભાત એ ગુજરાતનું સલ્તનતકાલીન મોટું બંદર હતું. ખંભાત બંદર દ્વારા ગુજરાતમાં આયાત-નિકાસ વસ્તુઓ થતી હતી. ખંભાતની જેમ ભરુચ, સુરત, માંગરોળ, ડુમસ, વલસાડ, રાજપુર, રાંદેર, પ્રભાસ - પાટણ, ઘોઘા, જંજીરા ઉના વગેરે બંદરો દ્વારા સલ્તનત કાલ દરમ્યાન ગુજરાતમાં દરિયાઈ વેપાર થતો હતો.*

## 6.4 સલ્તનતકાલીન ગુજરાતની ધાર્મિક સ્થિતિ

*ગુજરાતમાં દિલ્હી સલ્તનતના અમલ હેઠળ અને ગુજરાતમાં સ્વતંત્ર સલ્તનકાલીન દરમિયાનની ધાર્મિક સ્થિતિ આ પ્રમાણે છે*

### 6.4.1 હિંદુ ધર્મ

*આ સમયગાળા દરમિયાન હિંદુ ધર્મના વિવિધ સંપ્રદાયોમાં શૈવ સંપ્રદાય સૌથી વધારે પ્રચલિત હતો. અને નાગનાથ, ભૂતનાથ, સારણેશ્વર, ભીડભંજન, નિલકંઠ, સિદ્ધનાથ, શંખેશ્વર વગેરે 40 થી 50 જેટલા શિવાલય બંધાયેલા એવું આ સમયના અભિલેખો ઉપરથી સમજાય છે. સોલંકીકાળ દરમિયાન ગુજરાતમાં બ્રાહ્મણ ધર્મના શૈવ, વૈષ્ણવ, શાક્ત વગેરે સંપ્રદાયો વ્યાપક પ્રમાણમાં વિસ્તરેલા હતા. તેમણે અન્ય ધર્મો પ્રત્યે સદભાવ અને સહિષ્ણુતા કેળવ્યા હતા. વાઘેલા-સોલંકીકાળના અંત સમયમાં ગુજરાતમાં મુસ્લિમ આક્રમણે વધ્યા. અને ગુજરાતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થતાં દરેક મુસ્લિમ રાજવી ઈસ્લામના પ્રસારને કેન્દ્રમાં રાખી પોતાની સતા વિસ્તારતો હતો. ગુજરાતમાં હિંદુ સમાજની વિવિધ જ્ઞાતિઓના મનુષ્યનામો, સ્થળનામો, તહેવારો વગેરેમાં શૈવ ધર્મની અસર વર્તાય છે. ગુજરાતના બ્રાહ્મણોનો વિશાળ વર્ગ શૈવ સંપ્રદાયનો અનુયાયી છે. ઘણાં અભિષેક દ્વારા આજીવિકા મેળવતા. સમાજમાં રુદ્રાભિષેક, મહામૃત્યુંજયના જાપ, લઘુરુદ્ર વગેરેનું મહત્વ આજે પણ વર્તાય છે. શાક્ત સંપ્રદાય – શિવ સંપ્રદાયની જેમ શાક્ત સંપ્રદાય અતિનિકટનો સંબંધ ધરાવે છે. ગુજરાતમાં અંબા, કાલી, બાલાના મુખ્ય શક્તિપીઠો ઉપરાંત ઘણા ગૌણ દેવી પીઠો પણ આવેલા છે. ઘણાં અભિલેખોમાં શરૂઆતમાં માતાજીની સ્તુતિના શ્લોકો લખાયેલા જોવા મળે છે. લોકો*

*ધાર્મિક માન્યતાઓથી પ્રેરાઈને શીતળાની પૂજા કરતા.. વાર તહેવારે નવચંડી જેવી ધાર્મિક ક્રિયાઓ કરાવતા.*

### 6.4.2 વૈષ્ણવ સંપ્રદાય

*આ સમયગાળા દરમિયાન વૈષ્ણવ સંપ્રદાયનો વિચાર વધ્યો હતો. જાહેર મંદિરોની અવદશા જોઈ વૈષ્ણવોએ હવેલી મંદિરોની રચના કરવા માંડી હતી. ઘણાં સ્થળોએ વાવ, કુંડ જેવા જળાશયોમાં વિષ્ણુ (નારાયણ) ની પ્રતિમાઓ સ્થાપવામાં આવી હતી. મહુવાના લક્ષ્મી નારાયણ મંદિરમાંથી ઈ.સ. 1444નો અભિલેખ મળેલો છે. જેમાં એક શ્રેષ્ઠીએ વાવ બંધાવીને એમાં લક્ષ્મી સહીત જલશાયી પુરાણપુરુષ (નારાયણ) ને પધરાવ્યાનો ઉલેખ કરેલો છે. અમદાવાદની ઉત્તરે આવેલા અડાલજની વાવનો શિલાલેખ દંઢાઈ પ્રદેશના વાઘેલા રાજા મોકલસિંહને 'ભાગવત પ્રધાન ' તરીકે આલેખે છે. ઈ.સ. 1499ના લેખમાં વાઘેલા મોકલસિંહે ભાગવતોના સમૂહની રક્ષા કર્યાનો ઉલ્લેખ છે. આ સમયગાળા દરમિયાન માધવ -રુકમણી, લક્ષ્મી નારાયણ, બલરામ-રેવતી, દ્વારકાધીશ મદન ગોપાલ, નરસિંહ વગેરેના થઈને 10 થી 12 વૈષ્ણવ મંદિર સ્થપાયાના ઉલ્લેખ છે. વૈષ્ણવ સંપ્રદાયની અસર વાણિયા, પાટીદાર, ભાટિયા, લોહાણા વગેરે કોમ ઉપર વ્યાપક પ્રમાણમાં વર્તાય છે.*

### 6.4.3 જૈન ધર્મઃ

*આ સમયગાળા દરમિયાન જૈન ધર્મ તેના અસલ સ્વરૂપમાં ટકી રહ્યો હતો. સોલંકી કાળની સરખામણીએ સલ્તનતકાળમાં જૈન દેવાલયો બાંધવાની પ્રવૃતિમાં ઓટ આવી હતી. ઈ.સ.1313માં મુસ્લિમોએ જૈનોના મહાતીર્થ શત્રુંજય ઉપરના મુખ્ય મંદિરનો નાશ કર્યો. ત્યાની આદિશ્વર પ્રતિમાને પણ ભાંગી નાખી. અનેક જૈન સુરિઓ ઉપાશ્રયમાં રહીને જૈન સાહિત્યનું સર્જન કરતા કરતા ધર્મ પ્રચારનું કાર્ય કરતા હતા. આ સમયે મેરુતુંગ સુરિ, સોમસુંદરસુરિ, લાવણ્યસમય સુરિ, જૈવા અનેક ધર્મ ગુરુઓએ પ્રબંધો, પ્રશસ્તિઓ રચ્યા હતા. મેરુતુંગસુરિ એ પ્રબોધ ચિંતામણી તથા લાવણ્ય સમયે 'શત્રુંજયતીર્થ દ્વારા પ્રબંધ' રચી જૈન સમાજને ધર્માભિમુખ કર્યો હતો. આ સમયે ગુજરાતમાં જૈન ધર્મના બે પંથો શ્વેતામ્બર અને દિગંબર પ્રચલિત હતા. તેમાં ધીરે ધીરે અનેક વાડાઓ પડ્યા. જે જૈન ગચ્છના નામે ઓળખાવા લાગ્યા. દરેક ગચ્છ પોતાનું અલગ અસ્તિત્વ ટકાવી રાખવા કટીબબદ્ધ હતો. આ સમયગાળા દરમિયાન ખરતરગચ્છ, તપાગચ્છ, સ્થાનકવાસી, દેરાવાસી જેવી અનેક શાખાઓ જૈન ધર્મમાં પડી ગઈ.*

### 6.4.4 ઈસ્લામ ધર્મ

*સલ્તનત સમયગાળા દરમિયાન ગુજરાતમાં મુસલમાનોની વસતિ સારા પ્રમાણમાં હતી. મુસલમાનો પોતાના ધર્મનું પાલન કરવા માટે જાણીતા હતા. ગુજરાતના તત્કાલીન મુસલમાનોમાં ધર્મ પ્રચારકો, શાસકો અને સિપાહીઓ તથા ધર્માંતર કરેલ દેશી મુસ્લિમો હતા. ધર્મ પ્રચારકો ઈસ્લામને સાચી રીતે સમજીને એનું પાલન કરતા. મુસ્લિમ ઓલિયા, દરવેશો અને ઉલેમાઓની એમની ઉપર અસર રહેતી. તેઓ ઈસ્લામનું પાલન કરવા ઉપરાંત એનો પ્રસાર કરવાનું કામ પણ ધાર્મિક ઝનૂનથી કરતા. અમદાવાદના સ્વતંત્ર સુલતાનોમાંથી સુલતાન અહમદશાહ પહેલો, મહમુદબેગડો અને મહમુદ રજો એ ત્રણ સુલતાનોએ ઈસ્લામના પ્રસાર માટે ખાસ પ્રયત્ન કર્યા હતા. બાકી રહી આમ મુસ્લિમ પ્રજા. ગુજરાતના મુસલમાનોમાં સુન્ની અને શિયા બંને મજહબના અનુયાયી હતા. ગુજરાતના મુસલમાનોને સામાન્ય રીતે રૂઢીચુસ્ત ગણી શકાય. તેથી 'દીન'ના ફરમાન તેઓ સંભાળપૂર્વક અને ચીવટથી પાળતા. આ ઉપરાંત એમની કેટલીક માન્યતાઓ, ઉત્સવો અને ધાર્મિક શ્રદ્ધા પ્રેરિત પ્રસંગો પણ સારી રીતે ઉજવતા. આ સમયે ગુજરાતમાં શિયા અને સુન્ની એવા બે પંથોના અનુયાયીઓ વસતા હતા. આ સમયે ઘણી નોંધપાત્ર મસ્જિદો અને દરગાહો ગુજરાતમાં બંધાઈ હતી. તે સર્વમાં અમદાવાદ, માંગરોળ, ભરુચ, ખંભાત વગેરે સ્થળોની જુમ્મા મસ્જિદો, સરખેજનો રોજો, શાહઆલમનો રોજો, દરીયાખાનનો ઘુમ્મટ તેમજ અમદાવાદની નાની-મોટી મસ્જિદો જેવા સ્થાપત્યો મહત્વનું સ્થાન ધરાવતા હતા.*

### 6.4.5 જરસ્થોતી ધર્મ

*જરસ્થોતી ધર્મના લોકો લગભગ નવમી દશમી સદીથી ગુજરાતમાં વસતા હતા. તે શાંતિપ્રિય પ્રજા હતી. શરૂઆતમાં તેઓ સંજાણ બંદરે વસ્યા. ત્યારબાદ ધીરે ધીરે તેમણે દક્ષિણ ગુજરાતમાં પોતાનો વસવાટ વિકસાવ્યો. તેઓ અગ્નિ પૂજકો છે સ્વચ્છતા અને સાદાઈ માટે જરસ્થોતી ધર્મ જગતમાં પ્રખ્યાત છે. તેરમી સદીમાં અંકલેશ્વરમાં પારસીઓના ધર્મગ્રંથ વિસ્પરદની નકલ કરવામાં આવી હતી. પારસીઓ તેરમી સદીમાં અંકલેશ્વર અને તેની આસપાસ પ્રદેશમાં વસતા હશે તે અભિલેખોને આધારે જણાય છે. ઈ.સ.1309માં શેઠ પેસ્તનજી એ ભરૂચમાં દોખમું (શબનો નિકાલ કરવાનું સ્થાન) બંધાવ્યું હતું. સમય જતા ખ્રિસ્તીઓના ત્રાસથી તેઓ સંજાણથી દક્ષિણ ગુજરાતમાં આવી. કાયમી વસવાટ કરવા લાગ્યા. તેમની સાથે તેઓના ધર્મ ગુરુઓ પણ આવ્યા.*

*આમ, સલ્તનતકાલીન ગુજરાત અને સ્વતંત્ર સલ્તનત હેઠળ ગુજરાતમાં ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ ધાર્મિક સ્થિતિ જોવા મળે છે.*

## 6.5 સલ્તનત સમયનું ગુજરાતનું સાહિત્ય

*સલ્તનતકાલીન સમય દરમિયાન ગુજરાતમાં સાહિત્યની દૃષ્ટિએ જોવા જઈએ તો ઘણાં બધા સાહિત્યના પ્રકારોની રચના થઈ હતી. ઘણા લેખકોએ આ સમય દરમ્યાન સાહિત્ય લખ્યું તે આપણને આ સમયની વિવિધ બાબતોથી પરિચિત કરે છે. આપણે સલ્તનતકાલીન સમય દરમિયાન લખાયેલ સાહિત્યનો પરિચય મેળવીએ.*

*સંસ્કૃત –ગુજરાતી સાહિત્યમા જોઈએ તો 'પ્રબંધ ચિંતામણી' : આ 'પ્રબંધ ચિંતામણી' નામનો ગ્રંથ વઢવાણમાં રહીને નાગેન્દ્રગચ્છીય ચંદ્રપ્રભસૂરિના શિષ્ય મેરુતુંગસૂરીએ સંસ્કૃત ભાષામાં રચ્યો હતો. તે ઈ.સ. 1305માં તેની રચના કરી હતી. આ ગ્રંથમાં અણહિલવાડ પાટણની સ્થાપનાથી લઈને મંત્રીશ્વર વસ્તુપાલે શેત્રુંજય તીર્થનામાં કરેલી યાત્રા સુધીના બનાવોની સાલો આ ગ્રંથમાં આપી છે. લોકવાર્તાઓ આ ગ્રંથમાં આપવામા આવી છે. 'મહાપુરુષચરિત' (ઉપદેશશતી) આ ગ્રંથની રચના મેરુતુંગ એ કરી હતી કે તેને 'મહાપુરુષ ચરિત' કે 'ધર્મોપદેશ' શતક રચ્યું. આ ગ્રંથમાં ઋષભદેવ, શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીએ જૈનતીર્થકરો વિશે વર્ણન આપ્યું છે.*

*'જીરાવલા પાર્શ્વનાથ સ્તોત્ર' આ કૃતિના રચિયતા મહેન્દ્રપ્રભસૂરી હતા. તેઓ વડગામના શ્રેષ્ઠી આસુના પુત્ર અને અંચલ ગચ્છીયસિંહ તિલકસૂરિના શિષ્ય હતા. તેમણે આ ગ્રંથ માં 45 શ્લોકમાં રચ્યું છે. 'પુંડરિક ચરિત્ર' આ કૃતિ ઈ.સ.1316માં કમલપ્રભમુનિ એ રચના કરી છે. 'જગડુ ચરિત' આ કૃતિ ધનપ્રભસૂરિ ના શિષ્ય સર્વાનંદસૂરિએ આ કાવ્યની રચના કરી છે. તેમાં જગડુશાહનો સમકાલીન હોવાથી તેમાં વિવિધ પ્રત્યક્ષ પ્રસંગોનું વર્ણન કર્યું છે. 'સંગીતોપનિષત્સારો દ્વાર' આ કૃતિ રાજશેખરસૂરિના શિષ્ય સુધાકલશમુનિએ ઈ.સ.1350માં રચના કરી.*

*'વીરકલ્પ' અને 'ષડદર્શનસૂત્ર ટીકા' આ ગ્રંથની રચના રુદ્રપલ્લીગચ્છના સંઘતિલકસૂરીના શિષ્ય સોમતિલકસૂરી એ કરી હતી. કાલકાચાર્ય કથા આ કૃતિ ધર્મપ્રભસુરિ એ ઈ.સ.1333 માં રચી છે. તેમણે આ ગ્રંથ સિવાય જ્યોતિષ વિષયને 'ત્રૈલોકપ્રકાશ' ની રચના પણ કરી છે. 'નાભિનંદન જીનોદ્ધારપ્રબંધ' આ ગ્રંથની રચના કક્કસૂરીએ 1337માં કરી હતી. તેઓ સિદ્ધસેનના શિષ્ય આચાર્ય કક્કસુરિએ કોજકોટપુરમાં રહીને આ ગ્રંથની રચના કરી. તેમાં અલાઉદીન ખિલજીની ફોજે ગુજરાત વગેરે પ્રદેશો પર ચડાઈ કરી. જે જે રાજ્યમાં ધ્વંસ્ત કર્યા છે. તેની નોંધ છે. સાથે સાથે તેમણે ગુજરાતના સૂબા તરીકે આવનાર અલ્પખાનનો વૃતાંત પણ આપ્યો છે. અલ્પખાનનો સમરસિંહ શ્રેષ્ઠીનો મૈત્રી સંબંધ હતો. તેનું વર્ણન પણ કર્યું છે.*

*'ક્ષેત્રપ્રકાશ' આ ગ્રંથ શરૂઆતની ગુજરાતીમાં જયાનંદ સૂરીએ રચ્યો છે. જયાનંદ સૂરીએ સંસ્કૃતમાં સાધારણ 'જિનસ્તોત્ર' રચ્યું છે. 'ષડદર્શન સમુચ્ચય' આ કૃતિ ઈ.સ.1349માં રાજશેખર સૂરીએ રચ્યા છે. આ કૃતિના ઉલ્લેખોમાં જોઈએ તો જૈન સાંખ્ય જૈમિનીય યોગ વૈશેષિક અને બૌદ્ધ એમ છ દર્શનોનું સંક્ષેપમાં વર્ણન કરેલ છે.*

*આ ઉપરાંત સંસ્કૃત અને ગુજરાતીમાં વિવિધ કૃતિઓની રચના સલ્તનત સમય દરમિયાન ગુજરાતમાં થયેલી છે. તેમાં મુનિ ભદ્રસુરિએ ઈ.સ.1354માં શાંતિનાથ ચરિત્ર રચ્યું. તરુણપ્રભ સુરિએ ઈ.સ. 1355માં 'બાલાવબોધ' રચ્યો છે. ભાવદેવ સૂરીએ 'પાશ્વનાથચરિત્ર, જયસિંહસૂરીએ 'કુમારપાલ ચરિત્ર' ગ્રંથ પદ્યમાં રચ્યો. મહેન્દ્રસૂરીએ 1371માં 'યંત્રરાજાગમ' નામનો ગ્રંથ, મલયચંદ્રસૂરીએ 1371માં યંત્રરાજાગમ ઉપર સુગમ ટીકા રચી. રત્નશેખરસુરિએ પ્રાકૃતમાં 'સિરીવાલકહા' રચી છે. જયશેખરસૂરીએ 1380માં 'ઉપદેશ ચિંતામણી', 'પ્રબોધ ચિંતામણી', 'ધમ્મિલકુમાર ચરિત્ર', 'જૈન કુમાર સંભવ' નામના ઉચ્ચ કોટીના ગ્રંથો રચ્યા છે. સમરસિંહ એ 'મનુષ્ય જાતક' અથવા 'તાજકિતંત્ર સાર' નામનો ગ્રંથ ખાસ કરીને રચ્યો છે. જયતિલકસૂરીએ ઈ.સ.1400માં 'મલયાસુંદરીચરિત', 'સુલસાચરિત', 'સુપાશ્વનાથ ચરિત', 'મહાબલ ચરિત', 'હરિવિક્રમચરિત' નામના ગ્રંથ રચ્યા છે. દેવ સુંદરસુરિએ સાધારણ 'જિનસ્તવન' વગેરે રચ્યા છે. આ ઉપરાંત અસંખ્ય ગ્રંથોની રચના સલ્તનત સમય દરમિયાન ગુજરાતમાં થયેલી છે.*

*અન્ય સાહિત્યકારોમાં અબ્દુલ રહેમાન તેમણે 'સંદેશક રાસ' નામનું દૂત કાવ્ય રચેલ, અસાઈત જેમણે ગુજરાતમાં 'લોકનાટ્ય', 'ભવાઈ', પુરસ્કારક તરીકે જેની ગુજરાતમાં ખ્યાતિ છે. શ્રીધર વ્યાસે 'રણમલ છંદ' અને 'ભગવતી ભાગવત' એમ બે રચના કરી છે. નરસિંહ મહેતા જેને ગુજરાતી ભાષાના આદિકવિ તરીકેનું બિરુદ આપ્યું છે. તેમના આત્મચરિતના કાવ્યોમાં ઝારી, હુંડી, મામેરું, પુત્રનો વિવાહ વગેરે પદો જાણીતા છે. પદ્મનાભે 'કાન્હડે પ્રબંધ' નામનો પ્રબંધ ગ્રંથ લખ્યો છે. મીરાબાઈએ કૃષ્ણ ભક્તિને કેન્દ્રમાં રાખીને ઘણાં બધા પદની રચના કરી છે.*

*આ ઉપરાંત અરબી-ફારસી ભાષામાં પણ ઘણી કૃતિઓની રચના થયેલી તેમાં 15 મી સદીના શરૂઆતના સમયમાં 'મુઝફ્ફરશાહી', 'હળવી શીરાઝીની', 'તારીખે અહમદશાહી', 'અબ્દુલહુસેન તુનીની મઆસીરે મહમુદશાહી', શમ્સુદિન મુહમ્મદ ઝીર્ક અથવા મુલ્લા અબ્દુલકરીમ હમદાનીની મઆસીરે મહમુદશાહી વગેરે નોંધપાત્ર છે. આમ, સલ્તનતકાલીન સમય દરમિયાન ગુજરાતમાં અઢળક સાહિત્ય રચાયેલું જોવા મળે છે.*

**તમારી જાતે ચકાસો :**

1. સલ્તનત સમય દરમિયાન ગુજરાતની સામાજિક વ્યવસ્થા વિશે ચર્ચા કરો.
2. સલ્તનત સમય દરમિયાન ગુજરાતમાં મહિલાઓની સ્થિતિ વિશે ચર્ચા કરો.
3. સલ્તનત સમય દરમિયાન ગુજરાતના લોકો કેવા અલંકારો પહેરતા હતા.
4. સલ્તનત સમય દરમિયાન ગુજરાતના ઉદ્યોગો વિશે ચર્ચા કરો.
5. સલ્તનત સમય દરમિયાન ગુજરાતના વેપારી કેન્દ્રોની ચર્ચા કરો.
6. સલ્તનત સમય દરમિયાન આયાત - નિકાસ અને કરવેરા વિશે ચર્ચા કરો.
7. સલ્તનત સમય દરમિયાન ગુજરાતમાં રચાયેલ પ્રબંધ ચિંતામણી વિશે ચર્ચા કરો.
8. સલ્તનત સમય દરમિયાન ગુજરાતમાં અરબી ફારસી ભાષાના ગ્રન્થો જણાવો.

**(અ) બહુવિકલ્પીય પ્રશ્નો :**

1. **ગુજરાતને દિલ્હીના કયા સુલતાને જીત્યું હતું.**

   1. અલાઉદીન ખિલજી 2. કુતુંબુદીન ઐબક

   3. ફિરોજશાહ તુઘલક 4. મોહમદ તુઘલક

2. સલ્તનત કાલીન સમાજ વ્યવસ્થામાં નવ નારુ માં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી.

   1. માળી 2. સૂત્રધાર 3. મોચી 4. ભાઈસાયત

3. સલ્તનત કાલીન સમયમાં ગુજરાતમાં સ્ત્રીઓ નીચેનામાંથી કયું અલંકાર કોણીથી ખભા વચ્ચેના ભાગ પર ધારણ કરતી.

   1. અંગદ 2. કુંડળ 3. ચૂની 4. ઝાંઝર

4. સલ્તનત સમય દરમ્યાન કયું બંદર ગુજરાતનું મહત્વનું મોટું બંદર હતું.

   1. કંડલા 2. માંડવી 3. પાટણ 4. ખંભાત

5. ગુજરાતમાં થયેલ કાપડ ઉદ્યોગની કીર્તિ નીચેનામાંથી ક્યાં દેશમાં ફેલાયેલ ન હતી.

   1. જાપાન 2. ઈરાન 3. રોમ 4. સિરિયા

6. અકીકનો ઉદ્યોગ ક્યાં સ્થળે વધુ પ્રમાણમાં વિકસ્યો હતો.

   1. અમદાવાદ 2. ખંભાત 3. સુરત 4. ભરુચ

7. નીચેનામાંથી કયું સ્થળ સલ્તનત કાલીન ગુજરાતનું પશ્ચિમ ભારતન ગળીનું મુખ્ય કેન્દ્ર હતું.

   1. સરખેજ 2. ખંભાત 3. સુરત 4. ભરુચ

8. 'પ્રબંધ ચિંતામણી' કૃતિના લેખક કોણ હતા.

   1. મેરુતુંગસુરિ 2. મહેન્દ્રપ્રભ સુરિ 3. કમલપ્રભ મુનિ 4. કક્કસૂરિજી

9. નીચેનામાંથી કયા ગ્રંથમાં ઋષભદેવ, શાંતિનાથ, નેમિનાથ, પાશ્વનાથ, મહાવીર સ્વામી જૈન તીર્થકરો વિશે વર્ણન આપ્યું છે.

1. પ્રબંધ ચિંતામણી 2. મહાપુરુષ ચરિત 3. પુંડરિક ચરિત્ર 4. વિરકલ્પ

10. 'પુંડરિક ચરિત્ર' કૃતિના લેખકનું નામ જણાવો

1. મેરુતુંગસુરિ 2. મહેન્દ્રપ્રભ સુરિ 3. કમલપ્રભ મુનિ 4. કક્કસૂરિજી

11. 'જીરાવલા પાર્શ્વનાથ સ્તોત્ર' કૃતિની રચના કોણે કરી.

1. મેરુતુંગસુરિ 2. કક્કસુરિ 3. કમલપ્રભ મુનિ 4. મહેન્દ્રપ્રભસુરિ

12. કક્કસુરિએ ક્યાં ગ્રંથની રચના કરી.

1. નાભિનંદન જીર્નોદ્ધાર પ્રબંધ 2. વિરકલ્પ

3. પ્રબંધ ચિંતામણી 4. ષડદર્શન સૂત્ર ટીકા

13. ષડદર્શન સમુચ્ચય ની રચના કોણે કરી.

1. મેરુતુંગમુનિ 2. જયાનંદ સુરિ 3. રાજશેખર સુરિ 4. કક્કસુરિ

14. 'કુમારપાલ ચરિત' ની કોણે રચના કરી.

1. જયસિંહ સુરિ 2. જયાનંદસુરિ 3. રાજશેખસુરિ 4. મેરુતુંગ

15. પદ્મનાભે કઈ કૃતિની રચના કરી.

1. કુમાર ચરિત 2. પ્રબંધચિંતામણી 3. વીરકલ્પ 4. કાન્હડે પ્રબંધ

16. 'હુંડી' પદની રચના કોણે કરી.

1. નરસિંહ મહેતા 2. મીરાબાઈ 3. શ્રીધર વ્યાસ 4. અસાઈત

## 6.6 સારાંશ

આમ, સલ્તનતકાલીન ગુજરાતમાં સામજિક રીતે સમાજવ્યવસ્થા, સમાજમાં સ્ત્રીઓનું સ્થાન, પહેરવેશ, ખોરાક, મનોરંજન અને ઉત્સવો વગેરે બાબતોમાં વિવિધતા જોવા મળે છે. ગુજરાતના ભૌગોલિક રચના પ્રમાણે આ બાબતોમાં વિવિધતામાં એકતાના દર્શન થાય છે. આ સમય દરમિયાન ગુજરાત આર્થિક રીતે પણ સમૃદ્ધ હતું. તેનો વેપાર વાણિજ્ય ક્ષેત્રે પણ વિકાસ થયેલો. વેપારી કેન્દ્ર તરીકે ખંભાતના બંદરની જાહોજલાલી તે સમય દરમિયાન હતી. અને દેશ વિદેશમાં નિકાસ અને આયાતની વસ્તુઓ મોટા પ્રમાણમાં ખંભાત બંદરેથી થતી. વિવિધ ઉદ્યોગો પણ અસ્તિત્વ ધરાવતા હતા. સલ્તનતકાલીન ગુજરાતમાં ઘણા બધા સાહિત્યની રચના થયલી. સાહિત્યની રીતે ગુજરાત સમૃદ્ધ હતું. સંસ્કૃત આરંભની ગુજરાતી, અરબી, ફારસીમાં વિવિધ ગ્રંથોની રચના

*થયેલી. આ તમામ ઉપરોક્ત જોઈ તે મુજબ ગુજરાતની સલ્તનતકાલીન સમય દરમિયાન સામાજિક, આર્થિક અને સાહિત્યની વિગત આપણને જોવા મળે છે.*

## 6.7 ચાવીરૂપ શબ્દો

*કાછી- કાછીયા*

*સૂત્રધાર – સુથાર*

*નાટકિયા – નાટક કરનાર*

*નાકફૂલી – ચૂની*

*મૂરકી – નાકની વચ્ચે પહેરાતું ઘરેણું*

## 6.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

1. (1).*અલાઉદ્દીન ખિલજી* 2. (3.) *મોચી* 3. (1). *અંગદ* 4. (4.) *ખંભાત* 5. (1.) *જાપાન*

6. (2.) *ખંભાત* 7. (1.)*સરખેજ* 8. (1.) *મેરુતુંગ સુરિ* 9. (2.) *મહાપુરુષ ચરિત* 10. (3.) *કમલપ્રભ મુનિ* 11. (4.) *મહેન્દ્રપ્રભ સુરિ* 12. (1.) *નાભિનંદનજીર્ણોદ્ધાર પ્રબંધ* 13.(3.) *રાજશેખર સુરિ* 14. (1). *જયસિંહ સુરિ* 15. (4.) *કાન્હડે પ્રબંધ* 16. (1). *નરસિંહ મહેતા*

**સ્વાધ્યાય**

1. *સલ્તનતકાલીન ગુજરાતના લોકોના મનોરંજન અને ઉત્સવો વિશે નોંધ તૈયાર કરો.*

______________________________________________________
______________________________________________________
______________________________________________________
______________________________________________________
______________________________________________________

2. *સલ્તનતકાલીન ગુજરાતના મહત્વના બંદરોની યાદી તૈયાર કરો.*

______________________________________________________
______________________________________________________
______________________________________________________
______________________________________________________
______________________________________________________

3.*સલ્તનતકાલીન ગુજરાતમાં આયાત નિકાસ અને વેપારી કેન્દ્રો વિશે નોંધ લખો.*

4. *સલ્તનતકાલીન ગુજરાતમાં રચાયેલ સાહિત્યની વિગત આપો.*

## 6.9 સંદર્ભ ગ્રંથો


1. *પરીખ રસિકલાલ છોટાલાલ અને શાસ્ત્રી હરિપ્રસાદ ગંગારામ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ*-5, *સલ્તનતકાલ (ઈ.સ.*1304 *થી* 1573 *સુધીનો), ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ,* 1977.
2. *આચાર્ય, નવીનચંદ્ર આનંદીલાલ, ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ,*1984.
3. *રત્નમણીરાવ ભીમરાવ, ગુજરાતનું પાટનગર અમદાવાદ, ગૂર્જર ગ્રન્થ રત્ન કાર્યલય, અમદાવાદ,* 1929. *બીજી આવૃત્તિ*-2014.

| એકમ : 7 | ગુજરાતમાં સલ્તનતના પતન માટેનાં કારણો |
|---|---|

**રૂપરેખાઃ**

**7.0 ઉદ્દેશો**

**7.1 ભૂમિકા**

**7.2 ગુજરાતનાં સલ્તનતના શાસનના પતનનાં કારણો :**

**7.2.1 રાજકીય કારણો**

**7.2.2 ગુજરાતના સુલતાનોની અસહિષ્ણુ ધાર્મિક નીતિ**

**7.2.3 તાત્કાલિક કારણો**

**તમારી પ્રગતિ ચકાસો**

**7.3 સમાપન**

## 7.0 ઉદ્દેશો

*આ એકમનો અભ્યાસ કર્યા પછી*

- *ગુજરાતના સલ્તનતના શાસનના પતન માટે જવાબદાર રાજકીય કારણોનો વિદ્યાર્થી મિત્રો સાંગોપાંગ પરિચય મેળવી શકશે.*
- *ગુજરાતના સલ્તનતના શાસનના પતનને પંથે લઈ જનાર ધાર્મિક પરિબળોથી અભ્યાસુઓ પરિચિત બનશે.*

## 7.1 ભૂમિકા

*ભારતના રાજકીય ઈતિહાસમાં રાજવંશોનો ઉદ્દભવ, વિકાસ, પરાકાષ્ટા, અધોગતિ અને પતનનો ઈતિહાસ ક્રમશઃ બોલ્યા જ કર્યો છે. હુર્યક, શિશુનાગ, નંદ, મૌર્ય, શૃંગ, કણ્વ, સતવાહન, ગુપ્ત, પુષ્પભૂતિ,એ સર્વે રાજવંશોનો ક્રમિક ઈતિહાસ પણ કંઇક આવો જ છે. હિંદના રાજકારણમાં આ બધા રાજવંશોના રાજાઓ-મહારાજાઓ સમ્રાટો એક પછી એક આવ્યા અને ગયા. તેમણે પોતપોતાની શક્તિ, કૌશલ્ય અને સામર્થ્ય અનુસાર રાજકીય અને વહીવટી તેમજ સાંસ્કૃતિક વારસો આપીને વિદાય લીધી. એમાંથી ભારતવર્ષ સમૃદ્ધ બન્યું છે.*

*પ્રાચીન યુગ (સમ્રાટ હર્ષવર્ધનના અવસાનની સાથેના અંત પછી, હિન્દના ઈતિહાસમાં મધ્ય યુગનો આરંભ થયો; જેના આરંભકાળે રાજપૂત રાજવંશોનો સમય અને પછીના સમયમાં દિલ્હી સલ્તનતન યુગનો સમય ઈતિહાસનાં પૃષ્ઠો પર નોંધાયો.*

*ગુજરાતના સલ્તનત યુગના ઈતિહાસમાં, દિલ્હી સુલતાનોના આધિપત્ય નીચે થોડાક સમય ગુજરાત રહ્યું અને ત્યાર બાદ ગુજરાતમાં સ્વતંત્ર સલ્તનત તેના સુલતાનોએ સ્થાપી, અને એક નવો યુગ જાણે શરૂ થવા પામ્યો; વિકાસની સમૃદ્ધિ પર પહોંચેલું એ શાસન પાછળના નિર્બળ સુલતાનોના સમયમાં અવનતિ અને પતન તરફ ઝડપથી ગતિ કરવા લાગ્યું; અને છેવટે એ પણ પતન પામીને જ રહ્યું*

*ઈતિહાસકારોએ ગુજરાતના સલ્તનત સમયના પતનનાં પરિબળો શોધવા પ્રયાસ કર્યો છે, તેથી તેનું અવલોકન જરૂરી છે.*

## 7.2 ગુજરાતની સલ્તનતના શાસનના પતનનાં કારણો

*ગુજરાતની સલ્તનતના શાસનનાં કારણો આ પ્રકાણે છે.*

### 7.2.1 રાજકીય કારણો : (Political Reasons)

*રાજકીય રીતે અવલોકન કરતાં જણાય છે કે, મુઝફ્ફર-શાહ પછીના ગુજરાતના સુલતાનોનું શાસન અસ્થિર ઝડપથી બદલાતું રહ્યું હતું. આરંભના સુલતાનોના સમયમાં (અહમદશાહ પહેલો, મુહમ્મદશાહ, કુતુબુદ્દીન અહમદશાહ અને મહમૂદશાહ બેગડો) સમયમાં ગુજરાતની સલ્તનતે સ્થિર શાસન આપ્યું હતું. મહમૂદશાહ બેગડો જાણે કે છેલ્લો સ્થિર શાસન આપનાર અને શક્તિશાળી સુલતાન હતો.*

*મહુમૂદશાહ બેગડાનું શાસન ઈ.સ.* 1459 *થી ઈ.સ.* 1511 *સુધી એટલે કે ૫૨ વર્ષ સુધી ચાલેલું પરંતુ તેની પછીથી ગાદીએ આવનાર સુલતાનોનું શાસન તો અલ્પજીવી જ હતું. દા.ત. કુલ* 7 *સુલતાનોનું શાસન બધું મળીને ૫૨ વર્ષ સુધી ચાલેલું અને એ સાત સુલતાનો પૈકી ચાર સુલતાનોનું શાસન તો પૂરા* 10 *(દસ) વર્ષ પણ નહોતું ચાલેલું.*

*આમ, ગુજરાતની સલ્તનતના સુલતાનોના અસ્થિર અને વારંવાર ઝડપથી બદલાતા શાસને વહીવટી તંત્રની અને રાજ્યતંત્રની કરોડરજ્જુ જ તોડી નાખી. દરેક નવો સુલતાન નવી નીતિ નવા ફરમાનો અને નવા જ તરંગો લઈને સત્તા સ્થાને આવે અને પ્રજાને બિચારીને તેને અનુરૂપ થઈને જ રહેવું પડે. અસ્થિર અને બદલાતું જતું શાસન ન તો પ્રજાની દાદ-ફરિયાદ સાંભળીને તેનો ઉકેલ લાવી શકે કે ન તો કોઈ પ્રજા-કલ્યાણનાં કાર્યો કરી શકે. આશ્ચર્યની વાત તો એ છે કે, મુઝફ્ફર શાહ બીજાના* 15 *વર્ષના શાસન પછી આવનાર સિકંદરશાહ તો રાજગાદી ઉપર ૧ માસ અને* 16 *દિવસ સત્તા સ્થાને રહેલો તો મહમૂદશાહ બીજો* 1 *માસ અને* 15 *દિવસ અને મુહમ્મદ શાહ ત્રીજો તો જાણે સત્તાસ્થાને આવ્યો અને કયારે જતો રહ્યો, તેની કોઈને ખબરે ય ન પડી આમ, ગુજરાતની સલ્તનત ઈ.સ.* 1526 *પછી (એટલે કે બીજા પાણિપતના યુદ્ધ પછી) તો આયારામ-ગયારામ જેવા*

*સુલતાનોથી પાયામાંથી જ હચમચી ગઈ અને અહમદશાહ ત્રીજાના સમયમાં (ઈ.સ. 1554-61) તે પતન પામી.*

**રાજકીય કાવતરાં અને ષડ્યંત્રોએ ખોદેલી ઘોર**

*ગુજરાત જ્યારે દિલ્હીના સુલતાનોના શાસન નીચે હતું ત્યારે પણ ગુજરાતના સુબારો રાજકીય કાવતરાં, ખૂનામરકી, હત્યાઓ, કાનભંભેરણી અને ષડયંત્રોથી ભારતની પ્રજા ત્રાસી ગઈ હતી. દા.ત. મલેક કાફરનું અમીરોએ ખૂન કરેલું : શિહાબુદ્દીનને ૨ માસમાં જ મુબારકખાને પદભ્રષ્ટ કરેલો મલેક કાફૂરની કાનભંરણીથી દિલ્હી પાછા બોલાવાયેલા અલ્પખાનની ઈ.સ. 1315 માં હત્યા કરાયેલી તેની (અલ્પખાન) જગ્યાએ આવેલ કમાલુદ્દીન ગુર્ગને એક જ વર્ષમાં બળવાખોરોએ ઈ.સ. 1316માં મારી નાખેલો. ઈ.સ. 1344માં પણ ગુજરાતમાં બળવો થયેલો . આ તો માત્ર બે ચાર ઉદાહરણો જ છે. બાકી નો ગુજરાતમાં નાઝીમ તરીકે નિમણૂક પામનાર સતત ભયના ઓથાર નીચે જ જીવતો હતો. તેને તેનું પદ અને જીવન બેઉ સતત જોખમમાં લાગતા હતા. દા.ત. નાઝિમ ઝફરખાને તેના પુત્ર તાતારખાનને શરાબમાં ઝેર ભેળવીને મારી નાંખેલો.*

*એવી જ સ્થિતિ જ્યારે ગુજરાતની સલ્તનત સ્વતંત્ર બની ત્યારે પ્રવર્તતી હતી. મુઝફ્ફરશાહ પહેલો (ઈ.સ. 1407-11) ગુજરાતનો પ્રથમ સ્વતંત્ર સુલતાન બન્યો. અને પછી 19 વર્ષની નાની વયે અહમદશાહ ઈ.સ. 1411માં સુલતાન બન્યો અને તેણે લગભગ 31 વર્ષ શાસન કરેલું; અને તેના સમયથી ગુજરાતની રાજધાની અણહિલવાડ પાટણ (નહરવાલા) થી અહમદાબાદ (અમદાવાદ) રાખવામાં આવી. સુલતાન અહમદશાહ પછી, ગુજરાતના સુલતાન બનેલા મુહમ્મ્દશાહ (ઈ.સ. 1442-1451)ને મિરાતે સિકંદરીના લખાણ (પેજ-6) સુલતાનાએ અને તારીખે ફરિશ્તાના લખાણ (પેજ-૩૭૫) મુજબ અમીરોએ તેને ઝેર આપીને મારી નાખેલો, તા. 10-02-1451માં એના પછી સત્તાસ્થાને આવેલ અહમદશાહ માત્ર 28 વર્ષની નાની વયે 23મી મે (1459)ના રોજ સુલતાનાએ (પોતાના પિતાને રાજગાદી મળે તે ઉદ્દેશથી) જ ઝેર આપીને મારી નાખેલો ત્યારપછી આવેલો સુલતાન દાઉદખાન માત્ર ૨૭ દિવસ જ શાસન કરી, ભયનો માર્યો નાસી ગયેલો, ત્યારે માત્ર 13 વર્ષની વયે મહમદશાહ બેગડો ગાદીએ આવ્યો અને તેણે ૫૨ થી 53 વર્ષ શાસન કર્યું અને તે કુદરતી મૃત્યુને વર્યો. પરંતુ ઈ.સ. 1526ના વર્ષમા માત્ર 1 માસ અને 16 દિવસનું જ શાસન ભોગવનાર સુલતાન સિકંદર શાહનું ભર બપોરે નિદ્રાવસ્થામા જ ખૂન થયેલુ.*

*ઈ.સ. 1526 થી 1537 દરમિયાન ગુજરાતના સુલતાન બનનાર બહાદુર શાહે (મૂળનામ : બહાદુરખાન) તો અગાઉના બાળ સુલતાન મહમૂદશાહ બીજાને અન્ય શાહજાદાઓને અને તેમને સાથ આપનાર ઘણા બધા અમીરોની સમૂહમાં કતલ કરાવી, હાહાકાર સર્જયો ! તો તેનું મૃત્યુ ફિરંગીઓએ એની નૌકા ડૂબાડી દેવાથી થયુ. એ પછી મહમૂદશાહ ત્રીજાની (ઈ.સ. 1537-1554) તેના નોકરે જ તેને બે ભાન બનાવી, રાત્રિ દરમિયાન ખંજર ભોંકી હત્યા કરી. (તા. 15 ફેબ્રુઆરી,1554) અને બાળ સુલતાન અહમદશાહ ત્રીજાની હત્યા તેના રક્ષક ઈતિમાદીખાને ઈ.સ. 1561માં અને તેના પછી બનેલા છેલ્લા સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજાએ (ઈ.સ. 1561-1573) તો મોરબી પાસે ધરમકા નામના સ્થળે મુઘલ સેનાપતિના લશ્કરમાંથી છટકવા કુદરતી હાજતે જવાનું બહાનું કાઢી, એક મોટા વૃક્ષ પાછળ ગયો અને લેંઘામાં છૂપાવી રાખેલ છરો કાઢી, પોતાનું ગળુ કાપી નાખ્યું અને આમ, છેલ્લો સુલતાન ત્યાં જ મૃત્યુ પામ્યો; ઈ.સ. 1591 થી 1592 પરંતુ તે હિંદની સૌથી શક્તિશાળી મુઘલ સત્તા સામે ઝઝૂમ્યો; જિંદગીના અંત સુધી તેણે નમતું ન જોખ્યું !*

**તદ્દન નાની નાનીવયે બનેલા સુલતાનો : આશ્રિત અને પરાધીન**

*સ્વતંત્ર સલ્તનત બનેલ ગુજરાતમાં કેટલાક સુલતાનોની તો તદ્દન બાળવયે તાજપોશી કરવામાં આવેલી; એટલે સ્વાભાવિક રીતે, એ સુલતાનો નહિ, પરંતુ તેમના વજીરો, લશ્કરના શક્તિશાળી, સેનાપતિઓ અને અન્ય કાબેલ અધિકારો ઉપર જ તે આશ્રિત અને પરાધીન રહેતો. તે પુખ્તવયનો ન થાય, ત્યાં સુધી અને તેને શસ્ત્રો ચલાવવાની પૂરતી તાલીમ ન મળે અને શક્તિશાળી તથા સમર્થ ન બને ત્યાં સુધી, તેના વતી બીજા શાસન કરતા હતા, અને તેમની જ સમગ્ર ગુજરાત રાજ્યમાં બોલબાલા રહેતી. આવા બાળવયે કે સગીરવયે સત્તાસ્થાને મુકાયેલા સુલતાનોમાં (અ) સુલતાન મુઝફ્ફરશાહ પહેલાએ તેના ચાર પુત્રોમાંથી કોઈને ગાદી આપવાને બદલે પૌત્ર અહમદશાહ પહેલાને (અમદાવાદ વસાવનાર) ગાદી સોંપેલી, (બ) અહમદશાહ પહેલા પછી સત્તા સ્થાને આવનાર સુલતાન કુતુબુદ્દીન અહમદશાહ (બીજો) 20 વર્ષની વયે આવેલો. (ક) મહમૂદ શાહ બેગડો માત્ર 13 વર્ષની વયે ગાદીએ બેઠેલો (ડ) મુઝફ્ફરશાહ બીજો 27 વર્ષની ઉંમરે; નાસીરખાન બાળ શાહજાદો બાલ્યા વસ્થામાં ; સુલતાન બહાદુરશાહ (ઈ.સ. 1526-1537)ના સમયમાં મુઘલ શહેનશાહ હુમાયુ સાથે સઘર્ષમાં આવવું પડયું; પરંતુ તે પુખ્યવયનો ગાદીએ આવેલો હોવાથી 12 વર્ષ સત્તા પર ટકેલો.*

*સુલતાન બહાદુર શાહે તેના ભાઈ લતીફખાનના 11 વર્ષની કિશોર વયે મહમૂદશાહ ત્રીજા તરીકે સુલતાનપદે કરેલી નિમણૂકથી તેની સ્થિતિ તેના રક્ષક*

ઈતિમાદખાનના કેદી જેવી જ હતી ! ઈ.સ. 1561માં એ રક્ષકે જ તેની કતલ કરાવી દીધેલી !) ત્યાર બાદ ગુજરાતના છેલ્લા સ્વતંત્ર સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજાની સુલતાન તરીકે પસંદગી 12 વર્ષની વયે થયેલી. આમ, આપણે જોઈ શકીએ છીએ કે ત્રણ સુલતાનો 15 વર્ષની વય કરતાં પણ ઘણી ઓછી ઉંમરે સત્તાસ્થાને આવેલા અને બે સુલતાનો 30 વર્ષથીયે ઓછી ઉંમરે સત્તાસ્થાને આવેલા હતા. આથી એ સુલતાનો કશાય અનુભવ વગર અને થોડી પણ પરિપકવતા વગર કેવો વહિવટી કરવાના હતા ? તેમજ સતત સંઘર્ષમય રાજકારણમાં, મહત્વાકાંક્ષી અમીરો કે સેનાપતિઓને કેવી રીતે કાબુમાં રાખી શકવાના હતા ? આથી ગુજરાતની સલ્તનત વર્ષ પ્રતિ વર્ષ નબળી જ પડતી ગઈ; અને છેવટે પતન પામી.

### સ્વતંત્ર ગુજરાતનું હુમાયુએ કરેલું વિભાજન

ગુજરાતના સુલતાનને એટલે શ્કતિશાળી સુલતાન બહાદુરશાહને (ઈ.સ. 1526-1537) હરાવવા દિલ્હીના શહેનશાહ હુમાયુએ શક્ય હોય તેટલું જોર લગાવ્યું. હુમાયુએ બહાદુરશાહનો માંડુ, ચાંપાનેર, ખંભાત, દીવ સુધી પીછો કર્યો પરંતુ તે પકડાયો નહિ; પરંતુ ભારતના કમનસીબે સુલતાન બહાદુરશાહને ફિરંગીઓની લશ્કરી મદદ લેવી પડી ! અને એજ ફિરંગીઓએ ગોવાના દરિયા કિનારે, સુલતાનને હોડી સાથે ડૂબાડી દઈ અંત આણી દીધેલો ! (મિરાતે સિકંદરી, ) અને તેની સાથેના સઘળા સૈનિકોની ગોવાના ફિરંગી ગવર્નર નૂનો- દ- કુન્હાએ કતલ કરાવી દીધી ! પરંતુ બીજી તરફ ગુજરાતના કેટલાક પ્રદેશો પર સુલ્તાન બહાદુરશાહને હરાવી, વિજય મેળવ્યા બાદ હુમાયુ એ ગુજરાતના વિવિધ પ્રદેશો ઉપર જે વ્યવસ્થા કરી, તે આ પ્રમાણે હતી :

| | |
|---|---|
| અમદાવાદનો વહીવટ | હુમાયુના ભાઈ મીરજા અશ્કરીને સોંપ્યો |
| ભરૂચની સરકારનો વહીવટ | કાસિમ બેગને સોંપ્યો |
| પાટણની સરકારનો વહીવટ | નાસિર મીરજાને સોંપ્યો |
| ચાંપાનેરના વહીવટ માટે | તરદી બેગને સોંપ્યો |
| ખંભાત, મહેમદાવાદ, સુરત, વડોદરા માટે | જુદાજુદા અધિકારીઓને નિમ્યા |

આમ, આડકતરી રીતે ગુજરાત દિલ્હીના મુઘલ શહેનશાહ હુમાયુના વર્ચસ્વ હેઠળ આવી ગયું. તેમ જ ગુજરાતના પ્રદેશોનું વહીવટી દષ્ટિએ વિભાજન થતાં, ગુજરાતના તે પછીના (સુલતાન બહાદુર શાહ પછીના) પ્રદેશોમાં શક્તિ વહેંચાઈ ગઈ ! અને ગુજરાતની નબળી પડેલી સલ્તનત પતનને માર્ગે દોરાઈ આવેલી.

**વહીવટમાં આવેલી શિથિલતા**

*ગુજરાતના લગભગ બધા જ સુલતાનો પ્રાંતિક બળવાઓને શમાવવામાં કે શક્તિશાળી અમીરોને નિયંત્રિત કરવામાં જ રોકાયેલા રહેતા હતા; એટલે તેમનો મોટા ભાગનો સમય તો યુદ્ધભૂમિમાં જ વ્યતીત થતો હતો. આથી તેઓ વહીવટીતંત્રના પ્રશ્નો પરત્વે કોઈ ધ્યાન આપી શકતા ન હતા. બીજી તરફ ઘણાખરા સુલ્તાનો તો શિશુઅવસ્થા, કિશોરાવસ્થા કે તરુણ્યાવસ્થામાં જ સુલતાનો બનેલા, તેથી તેમની ઉંમર જ જહીવટ કરવાની નહોતી. કેમકે તેમની વય રમતગમત, આનંદ-પ્રમોદ અને હરવા ફરવાની હતી, તેથી રાજ્ય વહીવટ જેવા અઘરા વિષયમાં તેમને કશીયે ખબર જ ન પડે તે સ્વાભાવિક હતું. દા.ત. મહમૂદ બેગડો. (મૂળનામઃ ફતેહ ખાન) માત્ર* 13 *વર્ષની ઉંમરે ગાદીએ બેઠેલો. એ જ રીતે નાસીરખાન બાળવયે, લતીફખાન* 11 *વર્ષની ઉંમરે, મુઝફ્ફરશાહ ત્રીજો* 12 *વર્ષની વયે અને કુતુબુદ્દીન અહમદશાહ બીજો* 20 *વર્ષની વયે ગાદીએ બેઠેલો. આ બધા સુલ્તાનો તો વાસ્તવમાં પોતે કોઈ વહીવટ કરતા જ ન હતા, પરંતુ તેમના વજીરો અને અમીરો (અધિકારીઓ) જ વહીવટ કરતા હતા. એ સૌને પોતાનો સ્વાર્થ સાધવાની સોનેરી તક મળી રહેતી; તત્કાલીન ભારતના વહીવટનું કે પ્રજાના પ્રશ્નોનું જે થવું હોય તે થાય એમ માનીને હરહંમેશ નજર અંદાજ કરવામાં પ્રવૃત્ત રહેતા. આ બધા વજીરો સુલતાનના આદેશોના નામે જ માત્ર ચરી ખાતા, પરંતુ સમગ્ર વહીવટીતંત્ર ઉપર પોતાની જ પકડ જમાવવા સગા-સ્નેહીઓ, મિત્રો કે મદદકર્તાઓને વિવિધ હોદ્દાઓ ઉપર ગોઠવવામાં જ રચ્યા-પચ્યા રહેતા. આથી ગુજરાતની સલ્તનતનું વહીવટીતંત્ર સાવ નિર્બળ કે શિથિલ બની ગયું, અને છેવટે પતન પામ્યું.*

**7.2.2 ગુજરાતના સુલ્તાનોની અસહિષ્ણુ ધાર્મિક નીતિ**

*ગુજરાતના મોટા ભાગના સુલતાનોનો સમય તો યુદ્ધભૂમિ પર જ વીત્યો હતો. કેમકે તેમને કાં તો પોતાના જ પ્રાંતિક સુબાઓની સામે, પોતાના જ નજીકના મહત્વાંકાંક્ષી કુટુંબીજનો સામે કે મુઘલ શહેનશાહ હુમાયુ સામે અને ફિરંગીઓ સાથે લડવામાં જ સમય વિતાવેલ આમ, છતાં કેટલાક સુલતાનોનું ધાર્મિક દ્દષ્ટિએ અસહિષ્ણુ નીતિવાળું શાસન હતું. દા.ત. (*1*) ગિરનારની જીત પછી સુલતાન અહમદશાહ પહેલાએ (ઈ.સ.* 1411-42*) જે કોઈ કાર્ય કર્યાં, તે ઉપરતી એવું તારણ નીકળે છે કે, ગુજરાતમાં થઈ ગયેલ સુલતાનો પૈકી અહમદશાહ પહેલો સૌથી વિશેષ અસહિષ્ણુ હતો. ઈસ્લામના કાનૂનોનું એણે દ્રઢતાથી પાલન કર્યું હતુ. એને મઝહુબ તરફ વિશેષ આસક્તિ હતી. અને તેથી હિન્દુ શાસકો (રાજાઓ) સામે લડવું, એને તે મઝહબી-કાર્ય સમજતો હતો. ઈ.સ.* 1414*માં તેણે મલેક તુહફા અમલદારને 'તાજુલ મુલ્ક' નો ખિતાબ એનાયત કરી, હિન્દુ મંદિરો*

તોડી, એને સ્થાને મસ્જિદો ઊભી કરવાની કામગીરી સોંપી હતી. જે લોકોએ તેનો વિરોધ કર્યો તેમની પાસેથી ફરજિયાન જજિયાવેરો ઉઘરાવવામાં આવતો હતો. (ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ ખંડ ૫ પૃષ્ઠ 84, અમદાવાદ- 9, પ્રથમ આવૃત્તિ, 1977) સુલતાન મુહમ્મદશાહ બીજાએ (ઈ.સ. 1442-51) ઈડરના રાજ્ય ઉપર જ્યારે આક્રમણ કર્યુ, ત્યારે તેનો હિન્દુ રાજા રાવ હતો. ઓછાં સાધનો અને ઓછી સંખ્યામાં સૈનિકોને કારણે તે હારી ગયો; ત્યારે સુલતાનને ઈડરના રાજાને તેની ખૂબસૂરત રાજકન્યાને શાદી માટે આપવાની ફરજ પડી. તો એ રાજકન્યાએ પોતાના પિતાને ઈડરનું રાજ્ય સોંપી દેવાની ફરજ પાડેલી સુલતાન મહમૂદશાહ બેગડા (ઈ.સ. 1459-1511) એ તેના ૫૨ વર્ષના સૌથી લાંબા શાસન દરમિયાન, ઓખામંડળના વાઢેર વંશના રાજા ભીર ઉપર વાઢેરોની દરિયાઈ ચાંચિયાગીરી નાબૂદ કરવાના આશયથી, દ્વારકા ઉપર આક્રમણ કર્યું. તેથી તેણે જીવ બચાવવા શંખોદ્વારના કિલ્લામાં આશ્રય લીધો. આથી સુલતાાને ગુસ્સે થઈ, દ્વારકાના સુપ્રસિદ્ધ રણછોડરાયના મંદિરનો નાશ કરાવ્યો અને ત્યાંની મૂર્તિને ખંડિત કરી, દરિયામાં ફેંકી દીધી ! તેમજ સમગ્ર નગરને પણ લૂટી લીધું. ત્યાર બાદ સુલતાનના હુકમથી મસ્જિદો બંધાવાઈ. (મિરાત-એ-સિકંદરી, પૃષ્ઠ-130; પરીખ શાસ્ત્રીનો ઉપરોક્ત ગ્રંથ-૫, પૃષ્ઠ 93) ચિતોડની રાણી કર્માવતી (કર્મવતી) એ, ગુજરાતના સુલતાન બહાદુરશાહે ઈ.સ. 1534ના અંત ભાગમાં ચિતોડ ઉપર આક્રમણ કરી, રાજમહેલના કિલ્લાને ઘેરો ઘાલ્યો ત્યારે, દિલ્હીના મુઘલ શહેનશાહ હુમાયુને (રાખડી મોકલી) મદદ માટે માગણી કરી; પરંતુ હુમાયુ તટસ્થ રહ્યો. રાણી કર્મવતીની વિનંતીને માન આપી, રાજપૂત નરવીરોએ રાણાના રક્ષણ અર્થે મરણિયા થઈને લડાઈ કરી, પરંતુ બહાદુરશાહના સેનાપતિ મુસ્તફા રૂમીરખાનના તોપમારા સામે તેઓ ટકી શક્યા નહિ; અને 8મી માર્ચે (1535) ચિતોડ સંપૂર્ણપણે સુલતાન બહાદુરશાહના હાથ નીચે આવી જતાં, રાજમહેલની અનેક હિન્દુ સ્ત્રીઓ તથા દાસીઓએ રાણી કર્મવતીની સાથે ધર્મભ્રષ્ટ થવા કરતાં જૌહર કરવાનું પસંદ કર્યુ. જો કે એ પછી બે જ વર્ષમાં બહાદુરશાહ પણ મૃત્યુ પામ્યો હતો. ગુજરાતના આ સુલતાને (બહાદુરશાહે : ઈ.સ. 1526-1537) ફિરંગીઓ સામે ઢીલી – પોચી નીતિ અપનાવી, તેને લીધે જ ગુજરાતની સલ્તનત ખૂબ ઝડપથી પતનને માર્ગે ગઈ.

### 7.2.3 તાત્કાલિક કારણ

સુલતાન બહાદુરશાહ પછી આવનાર સુલતાનો કાં તો સાવ નિર્બળ હતા અને શક્તિશાળી અમીરોની કઠપૂતળી સમાન હતા. તેમાંના કેટલાકનું શાસન માંડ એક-દોઢ માસ ટકેલું આથી તેઓ વહીવટીતંત્ર ઉપર પકડ જમાવી શકયા નહિ. આથી તેની અસર લશ્કરીતંત્ર અને ન્યાયતંત્ર ઉપર પડી. સુલતાનના આદેશો કે ફરમાનોની કોઈ કિંમત રહી

નહોતી. ગુજરાતની સલ્તનતનો છેલ્લો સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજો (ઈ.સ. 1561-1573) ઈ.સ. 1561માં, તેના પિતા સુલતાન અહમદશાહ ત્રીજાની ઈતિમાદખાને કતલ કરાવતાં, ગાદીએ આવ્યો હતો.

સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજાને નજરકેદની જેમ રાખીને ઈતિમાદખાને રાજ્યની સત્તા પોતાના હાથમાં રાખી હતી, તે સમયે ગુજરાત રાજ્યમાં શાંતિ ન હતી; મહત્ત્વાકાંક્ષી અમીરો અંદરો અંદર ખૂનખાર લડાઈઓ લડતા રહેતા હતા. એ રાજ્ય અનેક ભાગોમાં અમીરો એ જાણે વહેંચી લીધું હતું. બીજી તરફ ગુજરાતમાં અફઘાન-તુર્ક અને હબસી વગેરે પરદેશીઓનું જોર વધી રહ્યું હતું. ત્રીજી તરફ દક્ષિણ ગુજરાતના અમીરો ચિરંગખાને અમદાવાદ ઉપર વટવા પાસે આક્રમણ કર્યું. ઈતિમાદખાન હાર્યો તેથી સુલતાનને મોડાસા થઈ, ડુંગરાળ વિસ્તારમાં ભાગી જવું પડ્યું; અને મુઘલ શહેનશાહ અકબરને લશ્કર સાથે ગુજરાત ઉપર ચડી આવવા આમંત્રણ પાઠવ્યું. સુલતાન અને તેના વજીરની આમ નબળાઈઓ છતી થઈ ગઈ ! અકબર તો આવી કોઈ તકની રાહ જ જોઈ રહ્યો હતો. આ સઘળા સમય દરમિયાન મુઝફ્ફરશાહ યુવાન અને શક્તિશાળી થઈ ગયો હોવાથી સુબેદાર શિહાબુદ્દીન અને ઈતિમાદખાનને શિકસ્ત આપી, આથી તેમના લશ્કરના સૈનિકો સુલતાનના લશ્કરમાં જોડાઈ ગયા. પરંતુ નવા સુબેદાર મીરઝા સાથે પણ સુલતાનને સરખેજ પાસે ટક્કર લેવી પડી. સુલતાનના 2000 સૈનિકો મરાયા, અને ગિરફ્તાર કરાયેલા 500 જેટલા સૈનિકોની તો કતલ કરી નાખી ! આથી સુલતાન મુઝફ્ફરશાહ સરખેજ નાસી જઈ મહમૂદાબાદ (હાલનું મહેમદાવાદ) ખંભાત, વડોદરા, નાંદોદ, રાજપીપળા એમ રઝળપાટ કરવી પડી; કેમ કે મુઘલ સૈન્ય તેનો પીછો કરતું જ રહ્યું. છેવટે તે છેક કચ્છ-ભૂજ રાવના આશ્રયે પહોંચી ગયો, પરંતુ મુઘલ સૈન્ય તેનો પીછો કરતાં કરતાં અહીં આવી પહોંચ્યું. મુઘલ સુનાપતિએ કહ્યું, તમારો મુલક સહી સલામત રાખવો હોય તો, મુઝફ્ફરશાહને સોંપી દો, અને કચ્છના રાવે મુઝફ્ફરશાહને દગો કરીને સોંપી દીધો. મુઘલ લશ્કર તેને લઈને શૈન્ય મોરબી તરફ જતું હતું. રસ્તામાં ધરકા નામના ગામે પહોચ્યું, ત્યાં કુદરતી હાજતે જવાનું બહાનું કાઢી જંગલ વિસ્તારમાં એક વૃક્ષની આડશમાં જઈ, લેંઘામાં છૂપાવેલો છરો કાઢી, ગળું કાપી નાખી, આત્મહત્યા કરી લીધી. સુબેદારો આઝમખાને તેનું મસ્તક કાપી લઈ અકબરને દિલ્હી મોકલી આપ્યું.

આમ, ગુજરાતના છેલ્લા સુલતાને (મુઝફ્ફરશાહ ત્રીજાએ) ગુજરાત રાજ્ય અને તેની પ્રજા માટે બલિદાન આપવાનું પસંદ કર્યું, પરંતુ નમતું ન જ જોખ્યું! અને, આમ ગુજરાતની સ્વતંત્ર સલ્તનતનો છેલ્લો સુલતાન વિદાય થતાં સલ્તનતનો પણ અંત આવ્યો.

**તમારી પ્રગતિ ચકાસો**

1. *ગુજરાતની સલ્તનતના પતનનાં કારણોની ચર્ચા કરો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

2. *ગુજરાતની સલ્તનતના પતનનાં રાજકીય કારણોની ચર્ચા કરો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

**3. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તરો આપો.**

1. *અમદાવાદ શહેરની સ્થાપના કરનાર સુલતાન અહમદશાહ પહેલાં ગુજરાતની સ્વતંત્ર સલ્તનતન કોણે સ્થાપેલી ?*
2. *ગુજરાતની સ્વતંત્ર સલ્તનતમાં સૌથી લાંબુ (વધુ વર્ષ) શાસન કોણે કરેલું ?*
3. *ગુજરાતની સ્વતંત્ર સલ્તનતમાં સૌથી ઓછું (અલ્પ સમય માટેનું) શાસન કોણે કરેલું ?*
4. *ગુજરાતની સ્વતંત્ર સલ્તનતની સ્થાપના પહેલાં રાજધાની પાટણમાંથી કોના વતી કોણ વહીવટ કરતું હતું ?*
5. *ગુજરાતની સ્વતંત્ર સલ્તનતના પતનને માટે સુલતાનોનું અસ્થિર અને વારંવાર બદલાતું શાસન હતું. આ વિધાન સાથે તમે સંમત છો ? (ઉત્તર હા કે ના માં આપો)*
6. *ગુજરાતની સ્વતંત્ર સલ્તનતના પતનને માટે તમે (અભ્યાસ કર્યા પછી ) કયા કારણને વધુ જવાબદાર ગણો છો ?*
7. *કયા ત્રણ સુલતાનો ૧૫ વર્ષથી ઓછી ઉંમરે સત્તા સ્થાને આવેલા ?*
8. *મુઘલ શહેમનદશાહ હુમાયુએ ગુજરાતના કયા સુલતાનના સમયમાં ગુજરાત જીતવા પ્રયાસ કરેલો ?*
9. *ગુજરાત ઉપર વર્ચસ્વ જમાવવા કઈ યુરોપીય સત્તાએ સુલતાનની વિરુદ્ધ પ્રયત્ન કરેલો ?*

10. ગુજરાતના સુપ્રસિદ્ધ રણછોડરાયના મંદિરનો અને મૂર્તિનો વિનાશ કોણે કરેલો ?

## 7.3 સમાપન

કુદરતનો નિયમ ગુજરાતની સલ્તનતને પણ લાગુ પડયો. ઉદ્દભવ, ઉત્થાન, પરાકાષ્ટા, અવનતિ અને પતનના કુદરતી ક્રમમાંથી ગુજરાતની સલ્તનત પણ બચી ન શકી. અહમદશાહ પહેલા પહેલાં ઉદ્દભવેલ સ્થિતિ ગુજરાતની સ્વતંત્ર સલ્તનતનું અમદાવાદ શહેરનું નિર્માણ કરનાર અહમદશાહ પહેલાના સમયમાં ક્રમિક વિકાસના પથ પર આગળ ધપી અને મહમૂદ બગડાના સમયમાં પરાકાષ્ટાએ પહોંચી. બહાદુરશાહના સમયમાં ટોચ પર પહોંચી અને તેની પછીના સુલતાનોના સમયમાં અવનતિને પંથે વળી તેમ જ મુઝફ્ફરશાહ ત્રીજાના સમયમાં પતન પામી.

ગુજરાતની સલ્તનતના પતનનાં કારણોમાં સવિશેષ તો અતિ મહત્વાકાંક્ષી તેના અમીરો અને સેનાપતિઓની સત્તાલાલસા જ જવાબદાર હતી. બળિયાના બે ભાગ અને મારે તેની તલવારની નીતિરીતિમાં ગુજરાતની સલ્તનતનું ભાગ્યચક્ર ફરતું જ રહ્યું.

બાળવયે, કશીયે આવડત, શિક્ષણ, તાલીમ કે અનુભવ વગરના સુલતાનોનું રાજ્યારોહણ ઉત્તરાધિકારીઓ, કોઈ જ સ્થાયી નિયમ જ નહિ, કેટલાક સુલતાનોનું અલ્પ સમય માટે જ સત્તા ઉપર ટકવું અને પોતાની સત્તા બચાવવા બહારની તથા વિદેશી સત્તાઓ પર અવલંબિત બનવું. આ સઘળાં પરિબળોએ ગુજરાતની સલ્તનતની ઘોર ખોદી! એને પાયામાંથી જ જર્જરિત કરી નાખી અને છેવટે એ પતનને પામીને જ રહી.

x